Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્તોત્ર સંગ્રહ

(…જા તથા વેદાંત સ્તોત્રો સરલાર્થ સહિત)



ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

…તું સાહિત્ય વર્ધક કાર્યાલય

… અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮ પુસ્તકોની સાહસભરી નવી યોજના

સર્વોપયોગી સાહિત્યશ્રેણી

પ્રૌઢ શિક્ષણ માટે ઉપયોગી થાય તેવાં અને ઓછું ભણેલાંઓ પણ રસપૂર્વક વાંચી–સમજી શકે એવાં પુસ્તકો-ની યોજના.

- આ શ્રેણીનાં અઢારે પુસ્તકો અગાઉથી નાણાં મોકલી નામ નોંધાવનારને છૂટક મૂલ્યના કુલ થતા રૂ. ૧૧–૪ ને બદલે **માત્ર રૂ. ૧૦)માં** મળશે.
- ટપાલથી મંગાવવા ઇચ્છનારે રૂ. ૧–૮ વધુ એટલે કુલ રૂ. ૧૧–૮ મોકલવા.
- દરેક પુસ્તકની છૂટક કિંમત **દસ આના** રહેશે.

૧. **પ્રકાશનાં પગલાં :** (સચિત્ર) લેખક : કરસનદાસ માણેક
★ જગતના ભિન્નભિન્ન ધર્મોની પ્રેરક કથાઓ

૨. **રાખની ઢગલી :** (સચિત્ર) લેખક : 'સૌજન્ય'
★ વાર્તાના સ્વરૂપમાં સંસારની સળગતી સમસ્યાઓ

૩. **હાસ્યતરંગ :** (સચિત્ર) લેખક : જ્યોતીન્દ્ર હ૦ દવે
★ જીવનમાં દરરોજ દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષ–લેખો

૪. **જીવનની કલા :** લેખક : રવિશંકર મહેતા
★ જીવનની સફળતા માટેનું વ્યવહારુ માર્ગદર્શન

૫. **જગતમાં જાણવા જેવું :** (સચિત્ર) લેખક : છોટાલાલ માનસિંગ કામદાર ★ જગતની અદ્‌ભુતતા અને ઉપયોગિતાનો સરલ પરિચય

૬. **જીવનપરિવર્તન :** (સચિત્ર) લેખક : 'સોપાન'
★ એક જીવનપલટાની કરુણ–મંગલ સળંગ વાર્તા

૭. **ઇતિહાસને અજવાળે :** (સચિત્ર) લે૦ : ઇંદ્ર વસાવડા
ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टॉक प्रमाणीकरण ११८४-११-

૮. **ગૃહજીવનની કલા :** (સચિત્ર) લે૦ 'સમાજશાસ્ત્રી'
   * ઘરમાં સુખ ને સંપથી કેમ રહી શકાય તેનાં સૂચનો
૯. **ગામડું બોલે છે :** (સચિત્ર) લે૦ શ્રી. ચુનીલાલ મડિયા
   * હિંદના નમૂનારૂપ એક ગામડાનું સાચું જીવન
૧૦ **ગૃહજીવનનાં દશ્યો :** (સચિત્ર) લેખિકા : શ્રી. કુમુદ શેઠ
   * આપણાં ગૃહ-કુટુંબનાં સાચાં શબ્દચિત્રો
૧૧. **મારો ભારત દેશ :** (સચિત્ર) લે૦ કાન્તિલાલ પરીખ
   * ભારતવર્ષના સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય
૧૨. **આરોગ્યસાધના :** લે૦ ડુંગરશી ધરમશી સંપટ
   * આરોગ્યના સંરક્ષણ અંગે માર્ગદર્શન
૧૩. **ભગવાનનાં છોરું :** (સચિત્ર) લેખક : પુરાતન બુચ
   * હરિજનોના જીવન-પ્રસંગોનો હૂબહૂ ચિતાર
૧૪. **સાહસકથાઓ :** લે૦ રમણિક અરાલવાળા
   * લોકકલ્યાણ અર્થે સાહસ કરનાર વીરોની કથાઓ
૧૫. **ગુજરાતના સેવકો :** લે૦ ચન્દ્રકાન્ત શાહ
   * ગુજરાતના ૪ મૂક સેવકોનાં જીવનચરિત્રો
૧૬. **પટલાઈના પેચ ભા. ૧ લો :** લે૦ ઈશ્વર પેટલીકર
   * સામાજિક રૂઢિઓ પર વેધક દૃષ્ટિપાત
૧૭. **પટલાઈના પેચ ભા. ૨ જો :** લે૦ ઈશ્વર પેટલીકર
   * સામાજિક રૂઢિઓ પર વેધક દૃષ્ટિપાત

હવે પછી નીચેનું પ્રસિદ્ધ થશે

૧૮. **ગીતહોરી અને બીજાં નાટકો :** લે૦ સુરેશ ગાંધી
   * પાંચ ગીત-નાટકોનો સંગ્રહ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ડે. ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, **અમદાવાદ** અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ-૨**

स्तोत्र-संग्रह

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

શ્રીમત્ શંકરાચાર્ય વિરચિત

સ્તોત્ર સંગ્રહ

(ભક્તિ તથા વેદાંત–સ્તોત્રો સુરલાર્થ સહિત)

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 61ग/१
आगत सं० 22312
दिनांक

અનુવાદક :
ગિરિજાશંકર મયાશંકર શાસ્ત્રી

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

★

દશ આના

गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या .... 691 ग / १८

पंजिका-संख्या 22319

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

[સર્વ હક્ક પ્રકાશક-સંસ્થાને સ્વાધીન છે.]

મુદ્રક અને પ્રકાશક:
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
રાયખડ :: **અમદાવાદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CHECKED 1973
Initial

નિવેદન

સુમારે અગિયારસો વર્ષ પૂર્વે ભારતવર્ષમાં એક યુગ-પુરુષ કે જેઓ જ્ઞાન અને યોગમાં શ્રેષ્ઠ હતા, એટલું જ નહિ પણ જેમને હાથે જગદ્‌ગુરુ અને 'આચાર્ય'નું મહાન કાર્ય થયું, તે આદ્ય શંકરાચાર્ય અદ્‌ભુત જીવન ગાળી ગયા. મલબારમાં તેમનો જન્મ થયો હતો અને માત્ર બત્રીસ વર્ષની વયે તેમણે દેહત્યાગ કર્યો હતો. એટલા ટૂંકા સમયમાં તેમણે મહાભગીરથ કાર્ય કર્યું. કચ્છ, કાશ્મીર, બદ્રીકેદાર, કાશી વગેરે અનેક તીર્થસ્થળોએ ફરીને તેમણે મઠોની સ્થાપના કરી. ગીતા અને બ્રહ્મસૂત્ર ઉપર તેમણે એવાં તો ભાષ્યો લખ્યાં છે, કે તેની સરખામણીમાં આવે તેવા બીજા ગ્રંથો આજે હજાર વર્ષમાં પણ થયા નથી.

વેદો અને કર્મકાંડના ઝઘડાઓથી કંટાળી જન-સમાજ જૈન અને બૌદ્ધ મત તરફ વળ્યો હતો અને તેમાં પણ વખત જતાં કંઈક હલકી વાતો વધી ગઈ હતી. તે સમયે 'ગીતા' અને 'ઉપનિષદો' ઉપર ભાર મૂકી 'વેદાંત'ની એક પદ્ધતિસરની પ્રણાલિકા તેમણે ઊભી કરી. વિચારકોને બુદ્ધિપુરઃસર તેમણે ખાતરી કરી આપીને આર્યધર્મનો પુનરુદ્ધાર કર્યો. ધર્મની ભાવનામાં ઘૂસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયેલી જડતા તોડી તેમાં ચૈતન્ય–પ્રાણ રેડ્યા.

યોગ્યતા પ્રમાણે સાધન હોવું જોઈએ, એમ માની તેમણે ઊંચામાં ઊંચી વાત સમજાવનારા અનેક ગ્રંથો લખ્યા. આ ગ્રંથો અનુકૂળતા મુજબ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થશે.×

તે ઉપરાંત ભક્તિનાં અને આમ જનતાને ઠીક પડે એવાં સ્તોત્રો પણ તેમણે બનાવ્યાં છે. એ પૈકીનાં ભક્તિ અને વેદાંતનાં સ્તોત્રોનો સંગ્રહ આ પુસ્તકમાં આપ્યો છે. આમાંનાં કેટલાંક સ્તોત્રો તો ઘણા માણસોને આજે પણ કંઠે રમે છે; અને કરોડો મનુષ્યો આમાંથી બળ, ભક્તિરસ અને આત્માનંદ પ્રાપ્ત કરે છે. ગુજરાતીમાં આ સાહિત્ય અમારા જોવામાં આવ્યું નથી; એટલે આ પુસ્તક પ્રસિદ્ધ કરતાં અમને હર્ષ થાય છે.

મુંબઈ, તા. ૨૭–૧૨–'૪૬ } 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ વતી

મનુ સૂબેદાર (પ્રમુખ)

× સંસ્થા તરફથી બહાર પડેલા તેમના બીજા ગ્રંથો:–**સર્વ વેદાંત–સિદ્ધાંત–સારસંગ્રહ**–પૃષ્ઠ ૨૨૪, મૂલ્ય રૂ. ૧–૪–૦. **વિવેકચૂડામણિ**–પૃષ્ઠ ૧૬૦, મૂલ્ય રૂ. ૦–૧૨–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

ભક્તિસ્તોત્રો		પૃષ્ઠાંક
૧ શિવભુજંગ પ્રયાતસ્ત્રોત્ર ...		૯
૨ શિવ–પંચાક્ષર–સ્તોત્ર	...	૧૫
૩ વેદસાર શિવસ્તવ	...	૧૭
૪ કાળભૈરવાષ્ટક	...	૨૧
૫ શ્રીમદ્ અચ્યુતાષ્ટક	...	૨૪
૬ અચ્યુતાષ્ટક	...	૨૭
૭ નારાયણ–સ્તોત્ર	...	૩૦
૮ વિષ્ણુ–વર્ણન–સ્તોત્ર	...	૩૫
૯ આનંદલહરી	...	૬૩
૧૦ ત્રિપુર–સુંદરી–સ્તોત્રમ્ ...		૭૨
૧૧ અન્નપૂર્ણા–સ્તોત્ર	...	૭૬
૧૨ અંબાષ્ટક ...	...	૮૧
૧૩ કૃષ્ણાષ્ટક ...	...	૮૬
૧૪ ગોવિંદાષ્ટક ...	...	૯૦
૧૫ કૃષ્ણાષ્ટક (૨)	...	૯૫
૧૬ પાંડુરંગાષ્ટક ...	...	૯૮
૧૭ ગંગાષ્ટક ...	...	૧૦૧
૧૮ યમુનાષ્ટક ...	...	૧૦૬
૧૯ નર્મદાષ્ટક ...	...	૧૧૧
૨૦ મણિકર્ણિકાષ્ટક	...	૧૧૫
૨૧ દક્ષિણામૂર્તિ–સ્તોત્ર	...	૧૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨ દ્વાદશ જ્યોતિર્લિંગ–સ્તોત્ર ૧૨૬
૨૩ લલિતા પંચક... ... ૧૩૧
૨૪ ભ્રમરાંબાષ્ટક ૧૩૩

વેદાંતસ્તોત્રો

૧ પ્રાતઃસ્મરણ ૧૪૧
૨ અદ્વૈત પંચક ૧૪૨
૩ આત્મષટ્ક ૧૪૪
૪ ઉપદેશ પંચક... ... ૧૪૭
૫ કાશી પંચક ૧૫૦
૬ કૌપીન પંચક... ... ૧૫૧
૭ ચર્પટ પંજરિકા–સ્તોત્ર... ૧૫૩
૮ દક્ષિણામૂર્તિ–સ્તોત્ર ... ૧૫૯
૯ દ્વાદશ પંજરિકા–સ્તોત્ર... ૧૬૪
૧૦ ધન્યાષ્ટક ૧૬૮
૧૧ નિર્ગુણ માનસપૂજા ... ૧૭૨
૧૨ નિર્વાણમંજરી ... ૧૭૮
૧૩ પરા પૂજા ૧૮૦
૧૪ મનીષા પંચક... ... ૧૮૩
૧૫ વિજ્ઞાન–નૌકા ૧૮૬
૧૬ ષટ્પદી–સ્તોત્ર... ... ૧૮૮
૧૭ હરિમીડે–સ્તોત્ર ... ૧૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમત્ શંકરાચાર્ય વિરચિત

અન્ય ઉપયોગી ગ્રંથો

સર્વવેદાંત-સિદ્ધાંત-સાર સંગ્રહ :

જ્ઞાનની સાત ભૂમિકાઓ, મહાપ્રપંચ અને તેનું કારણ, અધ્યાસનું સ્વરૂપ, આત્મા વિષે વિવાદ, આત્માનું સ્વરૂપ ઇત્યાદિ અનેક વિષયો સરળતાથી સમજાય એ રીતે સરળ ભાષાંતર સાથે આપેલા છે.

પાન : ૨૨૪ ★ મૂલ્ય : ૧-૪

વિવેકચૂડામણિ : —સરળ ભાષાંતર સાથે

જેમાં જ્ઞાન મેળવવાના ઉપાય, આત્મજ્ઞાનનાં અધિકારી ચાર સાધન, બ્રહ્મભાવના, સત્યજ્ઞાન, સંસારનું સ્વરૂપ, સમાધિ, વૈરાગ્ય, ધ્યાનની રીત, જીવન્મુક્ત કોણ? ઇત્યાદિ અનેક વિષયો સમજાવતું પુસ્તક.

પાન ૧૬૦ ★ મૂલ્ય ૦-૧૨

नीचेना ग्रंथो हवे पछी प्रकट थशे

ઉપદેશસહસ્રી :

સરળ ભાષાંતર મૂળ શ્લોકો સાથે પ્રસિદ્ધ થશે.

સ્વાત્મનિરુપણ ને બીજાં દશ રત્નો :-

જેમાં (૧) પ્રૌઢાનુભૂતિ, (૨) બ્રહ્મજ્ઞાનાવલિમાળા, (૩) લઘુવાક્યવૃત્તિ, (૪) વાક્યવૃત્તિ, (૫) સદા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર અનુસંધાન, (૬) સ્વાત્મનિરૂપણ, (૭) દશ શ્લોકો, (૮) બ્રહ્મચિંતન, (૯) મોહમુદ્દગર, (૧૦) યોગતારાવલિ અને ૧૧ સ્વાત્મપ્રકાશિકા—આ અગિયાર રત્નો સરળ ભાષાંતર સાથે અપાશે.

પ્રબોધ રત્નાકર ને બીજાં છ રત્નો :–

જેમાં (૧) અનાત્મ શ્રીવગર્ણમ્, (૨) આત્મ-અનાત્મ વિચાર, (૩) જીવન–મુક્તાનંદ–લહરી, (૪) વાક્ય–સુધા, (૫) અધ્યાત્મ પટલ વિવરણમ્, (૬) પ્રબોધ રત્નાકર અને (૭) પ્રશ્નોત્તરમાળા—આ સાત રત્નો સરળ ભાષાંતર સાથે અપાશે.

શતશ્લોકી ને બીજાં ચાર રત્નો :–

જેમાં (૧) અપરોક્ષાનુભૂતિ, (૨) શતશ્લોકી, (૩) આત્મબોધ, (૪) અદ્વૈતાનુભૂતિ અને (૫) તત્ત્વોપદેશ—આ પાંચ રત્નો સરળ ભાષાંતર સાથે અપાશે.

શ્રીમત્ શંકરાચાર્ય :—લે. પુરાતન બુચ. ૦–૩

ઉપયોગી ટૂંકું ચરિત્ર

પાન ૪૮ ટપાલખર્ચ ૦–૧

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, પોસ્ટ બોકસ નં. ૫૦—**અમદાવાદ** અને
કાલબાદેવીરોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે—**મુંબઈ**, ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ શંકરાચાર્ય કૃત

ભક્તિસ્તોત્રો

૧ : શિવભુજંગપ્રયાતસ્તોત્રમ્

गलद्दानगण्डं मिलद्भृङ्गखण्डं चलच्चारुशुण्डं जगत्त्राणशौण्डम् ।
लसद्दन्तकाण्डं विपद्भङ्गचण्डं शिवप्रेमपिण्डं भजे वक्रतुण्डम् ॥ १ ॥

જેમના ગંડસ્થળમાંથી મદ ઝરે છે, ભમરાના સમૂહો જેમના પર એકઠા થાય છે, જેમની સુંદર સૂંઢ ડોલી રહી છે, જગતનું રક્ષણ કરવા જે સમર્થ છે, જેમના બન્ને મોટા દાંત શોભી રહ્યા છે, (ભક્તોની) વિપત્તિઓ ભાંગવા માટે જે ઉગ્રસ્વરૂપ છે અને શંકરના પ્રેમનો જે એક ઢગલો છે, તે વક્રતુંડ (વાંકા મુખવાળા) શ્રીગણપતિને હું ભજું છું. ૧

अनाद्यन्तमाद्यं परं तत्त्वमर्थं चिदाकारमेकं तुरीयं त्वमेयम् ।
हरिब्रह्ममृग्यं परब्रह्मरूपं मनोवागतीतं महः शैवमीडे ॥ २ ॥

આદિ–અંત રહિત, આદિસ્વરૂપ, પરમ તત્ત્વરૂપ, સર્વના અર્થરૂપ, ચૈતન્યમય આકૃતિવાળું, એક, ચોથું, અમાપ, વિષ્ણુ તથા બ્રહ્મા વડે શોધાતું, પરબ્રહ્મરૂપ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન તથા વાણીથી પર શ્રીશંકરના તેજની હું સ્તુતિ કરું છું. ૨

स्वशक्त्यादिशक्त्यन्तसिंहासनस्थं मनोहारिसर्वाङ्गरत्नादिभूषम् ।
जटाहीन्दुगङ्गास्थिशस्यर्कमौलिं परं शक्तिमित्रं नुमः पञ्चवक्त्रम् ॥३

પોતાની શક્તિરૂપ આદિ–શક્તિ (પાર્વતીજી) પાસે સિંહાસન પર બેઠેલા, સર્વ અંગો પર મનોહર રત્ન આદિના અલંકારોવાળા, જટા–સર્પ–ગંગા–અસ્થિમાળા–ચંદ્ર તથા સૂર્યને મસ્તક પર ધારણ કરતા, સર્વથી પર, શક્તિ–દુર્ગાદેવીના મિત્ર અને પાંચ મુખ-વાળા શંકરની અમે સ્તુતિ કરીએ છીએ. ૩

शिवेशानतत्पूरुषाघोरवामादिभिर्ब्रह्मभिर्हृन्मुखैः षड्भिरङ्गैः ।
अनौपम्यषट्त्रिंशतं तत्त्वविद्यामतीतं परं त्वां कथं वेत्ति को वा ॥४॥

'શિવ, ઈશાન, તત્પૂરુષ, અઘોર, વામ' આદિ વેદમંત્રો વડે તથા હૃદય, મુખ આદિ છ અંગો વડે છત્રીસની સંખ્યાવાળી, ઉપમા રહિત તત્ત્વવિદ્યાને ઓળંગી ગયેલા અને સર્વથી પર આપને હે પ્રભો ! કયો મનુષ્ય કેવી રીતે જાણે ? ૪

प्रवालप्रवाहप्रभाशोणमर्धं मरुत्वन्मणिश्रीमहःश्याममर्धम् ।
गुणस्यूतमेकं वपुश्चैकमन्तः स्मरामि स्मरापत्तिसम्पत्तिहेतुम् ॥५॥

ખરી રીતે ગુણોથી યુક્ત એક જ શરીર છે; છતાં જેમનું અર્ધું શરીર પ્રવાલ (પરવાળાં) મણિના કાંતિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાહ સરખું લાલ રંગવાળું છે અને અર્ધું શરીર ઇંદ્રનીલ મણિની સુશોભિત કાંતિ જેવું શ્યામ રંગનું છે; તે કામદેવની આપત્તિ તથા સંપત્તિનું કારણ એક શ્રીશંકરનું અંતઃકરણમાં હું સ્મરણ કરું છું. ૫

स्वसेवासमायातदेवासुरेन्द्रानमन्मौलिमन्दारमालाभिषिक्तम् ।
नमस्यामि शम्भो पदाम्भोरुहं ते भवाम्भोधिपोतं भवानीविभाव्यम्॥

હે શંભો! આપની સેવા માટે દેવોના તથા અસુરોના ઇંદ્રો જ્યારે આવે છે, ત્યારે તેઓ આપના ચરણમાં પોતાનાં મસ્તકો નમાવે છે; તે વેળા તેમનાં મસ્તકો પર રહેલી કલ્પવૃક્ષોનાં પુષ્પોની માળાઓથી જે ચરણ પર અભિષેક થાય છે, સંસારરૂપ સમુદ્રમાં જે નૌકા સમાન છે અને પાર્વતીદેવી જેનું નિત્ય ચિંતન કરે છે, તે આપના ચરણકમળને હું નમસ્કાર કરું છું. ૬

जगन्नाथ मन्नाथ गौरीसनाथ प्रपन्नानुकम्पिन्विपन्नार्तिहारिन् ।
महःस्तोममूर्ते समस्तैकबन्धो नमस्ते नमस्ते पुनस्ते नमोऽस्तु ॥७॥

હે જગતના નાથ! હે મારા નાથ! હે પાર્વતી સહિત! હે શરણે આવેલા પર દયાવાળા! હે દુઃખીઓનાં દુઃખને હરનારા! હે તેજના સમૂહની મૂર્તિ! હે સર્વના એક બંધુ! આપને નમસ્કાર હો, આપને નમસ્કાર હો, વારંવાર આપને નમસ્કાર હો. ૭

महादेव देवेश देवादिदेव स्मरारे पुरारे यमारे हरेति ।
ब्रुवाणः स्मरिष्यामि भक्त्या भवन्तं ततो मे दयाशील देव प्रसीद ॥८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મહાદેવ! હે દેવોના ઈશ્વર! હે દેવોના આદિ-દેવ! હે કામદેવના શત્રુ! હે ત્રિપુરાસુરના શત્રુ! હે યમદેવના શત્રુ! હે ભક્તોની પીડાને હરનારા! આમ બોલતો હું ભક્તિથી આપનું સ્મરણ કર્યા કરીશ; માટે હે દયાળુ સ્વભાવવાળા દેવ! માર પર પ્રસન્ન થાઓ. ૮

विरूपाक्ष वि श्वेश विद्यादिकेश त्रयीमूल शम्भो शिव त्र्यम्बक त्वम्।
प्रसीद स्मर त्राहि पश्याव पुष्य क्षमस्त्वाप्नुहीति क्षपा हि क्षिपामः॥

હે વિરૂપ નેત્રવાળા! હે વિશ્વના ઈશ્વર! હે વિદ્યા વગેરેના તથા બ્રહ્માના ઈશ્વર! હે વેદોના મૂળરૂપ! હે શંભો! હે શિવ! હે ત્રણ નેત્રોવાળા! તમે પ્રસન્ન થાઓ, મારા તરફ લક્ષ્ય આપો, રક્ષા કરો, મારી સામે જુઓ, પાલન કરો, પોષણ કરો, ક્ષમા કરો, મને પ્રાપ્ત થાઓ; આમ પ્રાર્થના કરતા અમે રાત્રિઓ ગાળીએ છીએ. ૯

त्वदन्यः शरण्यः प्रपन्नस्य नेति प्रसीद स्मरन्नेव हन्यास्तु दैन्यम्।
न चेत्ते भवेद्भक्तवात्सल्यहानिस्ततो मे दयालो दयां सन्निधेहि॥१०

હે દયાળુ! હું આપને શરણે આવ્યો છું; તમારા સિવાય બીજો શરણાગતવત્સલ નથી, માટે પ્રસન્ન થાઓ અને સ્મરણ કરતાં જ મારી દીનતાનો નાશ કરો; નહિ તો તમારી ભક્તવત્સલતાનો નાશ થશે, માટે મારા પર દયા કરો. ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अयं दानकालस्त्वहं दानपात्रं भवान्नाथ दाता त्वदन्यं न याचे।
भवद्भक्तिमेव स्थिरां देहि मह्यं कृपाशील शम्भो कृतार्थोस्मि तस्मात्॥

હે નાથ ! આ દાનનો સમય છે, હું દાનનું પાત્ર છું, આપ દાતા છો અને આપ સિવાય બીજા પાસે હું યાચના કરતો નથી. (દાનમાં પણ મને આપવાનું બીજું કંઈ જ નથી.) માત્ર આપની સ્થિર ભક્તિ જ મને આપો. હે દયાળુ સ્વભાવવાળા શંભો ! તેથી જ હું કૃતાર્થ થઈશ. ૧૧

पशुं वेत्सि चेन्मां त्वमेवाधिरूढः कलङ्कीति वा मूर्ध्नि धत्से त्वमेव।
द्विजिह्वः पुनः सोऽपि ते कण्ठभूषा त्वदङ्गीकृताः सर्व सर्वेऽपि धन्याः

હે સર્વસ્વરૂપ પરમાત્મન્ ! આપ મને જો પશુ માનતા હો, તો આપ જ પશુ (પોઠિયા) પર બિરાજેલા છો, (તેનું કેમ ?) અથવા મને જો કલંકવાળો માનતા હો, તો આપ જ માથે કલંક ધારણ કરો છો, (તે શું ?) અથવા મને બે જીભવાળો (ચાડિયો) માનતા હો, તો તે (બે જીભવાળો સર્પ) પણ આપના કંઠનું આભૂષણ છે ! એટલે આપે સ્વીકારેલા બધા ય ખરેખર ધન્ય બને છે. ૧૨

न शक्नोमि कर्तुं परद्रोहलेशं कथं प्रीयसे त्वं न जाने गिरीश। तदा हि प्रसन्नोऽसि कस्यापि कान्तासुतद्रोहिणो वा पितृद्रोहिणो वा ॥ १३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ કોઈ સ્ત્રીદ્રોહી ઉપર અથવા પુત્રદ્રોહી ઉપર અથવા પિતૃદ્રોહી ઉપર જો પ્રસન્ન થાઓ છો, તો હું તો લગારે પારકો દ્રોહ કરી શકું તેમ નથી; તો હે ગિરીશ્વર! આપ મારા પર કેવી રીતે પ્રસન્ન થશો? એ હું સમજી શકતો નથી! ૧૩

स्तुतिं ध्यानमर्चां यथावद्विधातुं भजन्नप्यजानन्महेशावलम्बे ।
त्रसन्तं सुतं त्रातुमग्रे मृकण्डोर्यमप्राणनिर्वापणं त्वत्पदाब्जम् १४

હે મહેશ્વર! હું આપનું ભજન જો કે કરું છું, પણ આપની સ્તુતિ, ધ્યાન કે પૂજા બરાબર કરી જાણતો નથી; હું તો માત્ર આપના ચરણકમળને જ (શરણરૂપે) પકડી રહ્યો છું, કે જેણે મૃત્યુથી ત્રાસેલા મુનિ માર્કંડેયની રક્ષા કરવા પોતાની સમક્ષ, યમરાજ પાસેથી તેના પ્રાણ તેને પાછા અપાવ્યા હતા. ૧૪

अकण्ठे कलङ्कादनङ्गे भुजङ्गादपाणौ कपालादभालेऽनलाक्षात् ।
अमौलौ शशाङ्कादवामे कलत्रादहं देवमन्यं न मन्ये न मन्ये ॥१५

જેને કંઠ સિવાય (બીજે) કલંક હોય, શરીર સિવાય (બીજે) સર્પ હોય, હાથ સિવાય (બીજે) ખપ્પર હોય, લલાટ સિવાય (બીજે) અગ્નિનું નેત્ર હોય, મસ્તક સિવાય (બીજે) ચંદ્ર હોય અને ડાબા અંગ સિવાય (બીજે) સ્ત્રી હોય એવા બીજા કોઈ દેવને હું માનતો નથી, માનતો જ નથી; અર્થાત્ કંઠમાં જ કલંક(ડાઘા)વાળા, શરીર ઉપર જ સર્પવાળા, હાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ ખપ્પર (ભિક્ષાપાત્ર) ધારણ કરતા, લલાટમાં જ અગ્નિના નેત્રવાળા, મસ્તક પર જ ચંદ્ર ધારણ કરતા અને ડાબા અંગમાં જ સ્ત્રીવાળા ભગવાન શંકર દેવને જ હું માનું છું, બીજાને નહિ. ૧૫

૨ : શિવ-પંચાક્ષર-સ્તોત્ર

नागेन्द्रहाराय त्रिलोचनाय भस्माङ्गरागाय महेश्वराय ।
नित्याय शुद्धाय दिगम्बराय तस्मै नकाराय नमः शिवाय ॥१॥

મોટા સર્પોના હારવાળા, ત્રણ નેત્રવાળા, ભસ્મના વિલેપનવાળા, મહાન ઈશ્વર, નિત્ય, શુદ્ધ અને દિશાઓરૂપ વસ્ત્રવાળા તે 'न'કારસ્વરૂપ શિવને નમસ્કાર હો. ૧

मन्दाकिनीसलिलचन्दनचर्चिताय नन्दीश्वरप्रमथनाथमहेश्वराय ।
मन्दारपुष्पबहुपुष्पसुपूजिताय तस्मै मकाराय नमः शिवाय ॥२॥

ગંગાના જળયુક્ત ચંદન વડે લેપાયલા, નંદીશ્વર તથા પ્રમથનાથ(વગેરે ગણનાયકો)ના મોટા ઈશ્વર અને કલ્પવૃક્ષનાં પુષ્પો વગેરે ઘણાં પુષ્પોથી સારી રીતે પૂજાયલા 'म'કારસ્વરૂપ શિવને નમસ્કાર હો. ૨

शिवाय गौरीवदनाब्जवृन्दसूर्याय दक्षाध्वरनाशकाय ।
श्रीनीलकण्ठाय वृषध्वजाय तस्मै शिकाराय नमः शिवाय ॥३॥

શિવ(મંગળ)સ્વરૂપ, પાર્વતીના મુખકમળને વિકસિત કરવામાં સૂર્ય સમાન, દક્ષના યજ્ઞનો નાશ કરનાર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોભાયમાન શ્યામ કંઠવાળા અને પોઠિયાના નિશાનવાળી ધ્વજાવાળા તે 'શિ'કારસ્વરૂપ શિવને નમસ્કાર હો. ૩

वसिष्ठकुम्भोद्भवगौतमार्यमुनीन्द्रदेवार्चितशेखराय ।
चन्द्रार्कवैश्वानरलोचनाय तस्मै वकाराय नमः शिवाय ॥४॥

વસિષ્ઠ, અગસ્ત્ય અને ગૌતમ વગેરે ઉત્તમ મુનિઓ તથા દેવો જેમના મસ્તકને પૂજે છે અને ચંદ્ર, સૂર્ય તથા અગ્નિ જેમનાં નેત્રો છે, તે 'व'કારસ્વરૂપ શિવને નમસ્કાર હો. ૪

यक्षस्वरूपाय जटाधराय पिनाकहस्ताय सनातनाय ।
दिव्याय देवाय दिगम्बराय तस्मै यकाराय नमः शिवाय ॥५॥

કુબેર સ્વરૂપ, જટાને ધારણ કરતા, પિનાક ધનુષ્યને હાથમાં ધરતા, સનાતન, દિવ્ય અને દિગંબર તે 'य'-કારસ્વરૂપ શિવ દેવને નમસ્કાર હો. ૫

पञ्चाक्षरमिदं पुण्यं यः पठेच्छिवसन्निधौ ।
शिवलोकमवाप्नोति शिवेन सह मोदते ॥ ६ ॥

આ પવિત્ર પંચાક્ષર સ્તોત્રનો શિવની સમીપમાં જે પાઠ કરે છે, તે શિવના લોકને પામે છે અને ત્યાં શિવની સાથે આનંદ કરે છે. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ : વેદસાર શિવસ્તવ

पशूनां पतिं पापनाशं परेशं गजेन्द्रस्य कृत्तिं वसानं वरेण्यम् ।
जटाजूटमध्ये स्फुरद्गांगवारिं महादेवमेकं स्मरामि स्मरारिम् ॥१॥

જીવોના સ્વામી, પાપનો નાશ કરનારા પરમેશ્વર, હાથીનું ચામડું પહેરનારા, સર્વથી શ્રેષ્ઠ અને જટામાં પ્રકાશમાન ગંગાજળવાળા, કામશત્રુ એક મહાદેવનું હું સ્મરણ કરું છું. ૧

महेशं सुरेशं सुरारार्तिनाशं विभुं विश्वनाथं विभूत्यङ्गभूषम् ।
विरूपाक्षमिन्द्वर्कवह्नित्रिनेत्रं सदानन्दमीडे प्रभुं पञ्चवक्त्रम् ॥२॥

મહાન ઈશ્વર, દેવોના નિયંતા, દેવોની પીડાનો તુરત નાશ કરનારા, વ્યાપક, વિશ્વના નાથ, ભસ્મરૂપ શરીરના આભૂષણવાળા, વિરૂપ નેત્રવાળા, ચંદ્ર-સૂર્ય અગ્નિરૂપ ત્રણ નેત્રવાળા, સદા આનંદમય અને પાંચ મુખવાળા પ્રભુ શંકરની હું સ્તુતિ કરું છું. ૨

गिरीशं गणेशं गले नीलवर्णं गवेन्द्राधिरूढंगणातीतरूपम् ।
भवं भास्वरं भस्मना भूषितांगं भवानीकलत्रं भजे पंचवक्त्रम् ॥३॥

કૈલાસ પર્વતના ઈશ્વર, ગણોના નાયક, ગળે શ્યામવર્ણવાળા, મોટા પોઠિયા પર બિરાજેલા, અસંખ્ય રૂપવાળા, સંસારનું ઉત્પત્તિકારણ, તેજસ્વી, ભસ્મ વડે સુશોભિત શરીરવાળા, પાર્વતીના પતિ અને પાંચ મુખવાળા શંકરને હું ભજું છું. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शिवाकान्त शम्भो शशांकार्धमौले महेशान शूलिन् जटाजूटधारिन्
त्वमेको जगद्व्यापको विश्वरूप प्रसीद प्रसीद प्रभो पूर्णरूप ॥४

હે પાર્વતીપતે! હે શંભો! હે અર્ધ ચંદ્રને મસ્તક પર ધારણ કરનાર! હે મહેશ્વર! હે ત્રિશૂલ-ધારિન્! હે જટાજૂટધારિન્! હે વિશ્વસ્વરૂપ! તમે જ એક જગતમાં વ્યાપી રહ્યા છો. હે પૂર્ણસ્વરૂપ પ્રભો! પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ. ૪

परात्मानमेकं जगद्बीजमाद्यं निरीहं निराकारमोंकारवेद्यम् ।
यतो जायते पाल्यते येन विश्वं तमीशं भजे लीयते यत्र विश्वम् ५॥

જે પરમાત્મા એક જ છે, જગતનું બીજ છે, આદ્ય છે, નિઃસ્પૃહ છે, નિરાકાર છે, ૐકાર વડે જાણવા શક્ય છે, જેથી આ જગત ઉત્પન્ન થાય છે, જગતનું જે પાલન કરે છે અને જેમાં વિશ્વ લય પામે છે, તે ઈશ્વરને હું ભજું છું. ૫

न भूमिर्न चापो न वह्निर्न वायुर्न चाकाशमास्ते न तन्द्रा न निद्रा । न ग्रीष्मो न शीतं न देशो न वेषो न यस्यास्ति मूर्तिस्त्रिमूर्तिं तमीडे ॥ ६ ॥

જે પૃથ્વી નથી, જળ નથી, અગ્નિ નથી, વાયુ નથી, આકાશ નથી, આળસ નથી, નિદ્રા નથી, ઉનાળો નથી, શિયાળો નથી અને જેમનો કોઈ દેશ નથી, વેષ નથી કે મૂર્તિ નથી; છતાં (બ્રહ્મા, વિષ્ણુ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેશ એમ) ત્રણ મૂર્તિધારી તે પરમેશ્વરની હું સ્તુતિ કરું છું. ૬

अजं शाश्वतं कारणं कारणानां शिवं केवलं भासकं भासकानाम्।
तुरीयं तमःपारमाद्यन्तहीनं प्रपद्ये परं पावनं द्वैतहीनम् ॥७॥

અજન્મા, સનાતન, કારણોનું કારણ, મંગળસ્વરૂપ, કેવળસ્વરૂપ, પ્રકાશોના પ્રકાશક, ચોથાસ્વરૂપ, અજ્ઞાન-રૂપ અંધકારથી પર, આદિ–અંત રહિત અને દ્વૈત રહિત પરમ પવિત્ર પરમેશ્વરને હું શરણે જઉં છું. ૭

नमस्ते नमस्ते विभो विश्वमूर्ते नमस्ते नमस्ते चिदानन्दमूर्ते ।
नमस्ते नमस्ते तपोयोगगम्य नमस्ते नमस्ते श्रुतिज्ञानगम्य ॥८॥

હે વિશ્વમૂર્તિ વ્યાપક! તમને નમસ્કાર હો, નમસ્કાર હો; હે ચિદાનંદ મૂર્તિ! તમને નમસ્કાર હો, નમસ્કાર હો; હે તપ તથા યોગ વડે પ્રાપ્ત થનારા! તમને નમસ્કાર હો, નમસ્કાર હો; હે વેદના જ્ઞાન વડે પ્રાપ્ત થનારા! તમને નમસ્કાર હો, તમને નમસ્કાર હો.૮

प्रभो शूलपाणे विभो विश्वनाथ महादेव शम्भो महेश त्रिनेत्र ।
शिवाकान्त शान्त स्मरारे पुरारे त्वदन्यो वरेण्यो न मान्यो न गण्यः॥

હે પ્રભો! હાથમાં ત્રિશૂલ ધરનાર હે વિભો! હે વિશ્વનાથ મહાદેવ! હે શંભો! હે મહેશ્વર! હે ત્રણ નેત્રવાળા! હે પાર્વતીપતે! હે શાંત! હે કામશત્રુ! હે ત્રિપુરારિ! તમારાથી બીજો કોઈ શ્રેષ્ઠ નથી, માન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી અને ગણુનાને યોગ્ય નથી. ૯

शम्भो महेश करुणामय शूलपाणे गौरीपते पशुपते पशुपाशनाशिन् । काशीपते करुणया जगदेतदेकस्त्वं हंसि पासि विदधासि महेश्वरोऽसि ॥ १० ॥

હે શંભો! હે મહેશ્વર! હે દયામય! હે ત્રિશૂલધારિ! હે ગૌરીપતિ! હે પશુપતિ! હે જીવોના કાળપાશનો નાશ કરનારા! હે કાશીપતે! આપ એક જ આ જગતને ઉત્પન્ન કરો છો, દયાથી પાળો છો અને સંહારો છો. આપ મહાન ઈશ્વર છો. ૧૦

त्वत्तो जगद्भवति देव भव स्मरारे त्वय्येव तिष्ठति जगन्मृड विश्वनाथ । त्वय्येव गच्छति लयं जगदेतदीश लिंगात्मकं हर चराचरविश्वरूपिन् ॥ ११ ॥

હે ઉત્પાદક દેવ! આપથી આ જગત ઉત્પન્ન થાય છે; હે કામદેવના શત્રુ! આપ વિષે જ આ જગત સ્થિતિ કરે છે; હે જગતને સુખ આપનાર! હે વિશ્વનાથ! આપ વિષે જ આ જગત લય પામે છે; હે સ્થાવર-જંગમ વિશ્વસ્વરૂપ ઈશ્વર! અમારા લિંગદેહનો નાશ કરો. ૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

22392

૪ : કાળભૈરવાષ્ટક

देवराजसेव्यमानपावनांघ्रिपङ्कजं व्यालयज्ञसूत्रमिन्दुशेखरं कृपाकरम् । नारदादियोगिवृन्दवन्दितं दिगम्बरं काशिकापुराधिनाथकालभैरवं भजे ॥ १ ॥

દેવોના રાજા જેમના ચરણકમળને સેવે છે, સર્પ રૂપ જનોઈને પહેરનારા, મસ્તક પર ચંદ્ર ધારણ કરતા, નારદ વગેરે યોગીઓના સમૂહો જેમને નમે છે, દિગંબર, કૃપા કરનારા અને કાશીનગરીના નાથ શ્રીકાળભૈરવને હું ભજું છું. ૧

भानुकोटिभास्वरं भवाब्धितारकं परं नीलकण्ठमीप्सितार्थदायकं त्रिलोचनम् । कालकालमम्बुजाक्षमक्षशूलमक्षरं काशिका०

કરોડો સૂર્ય સમાન તેજસ્વી, સંસારરૂપ સમુદ્રથી તારનારા, સર્વથી પર, શ્યામ કંઠવાળા, ઈચ્છિત વસ્તુ આપનાર, ત્રણ નેત્રોવાળા, કાળના પણ કાળ, કમળ સમાન નેત્રોવાળા, રુદ્રાક્ષ અને ત્રિશૂળને ધારણ કરનારા અને અવિનાશી શ્રીકાશીનગરીના નાથ કાળભૈરવને હું ભજું છું. ૨

शूलटंकपाशदण्डपाणिमादिकारणं श्यामकायमादिदेवमक्षरं निरामयम् । भीमविक्रमं प्रभुं विचित्रताण्डवप्रियं काशिका० ॥३॥

ત્રિશૂળ, ફરશી, પાશ અને દંડને હાથમાં ધારણ

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનાર, સર્વનું આદિ કારણ, શ્યામ શરીરવાળા, આદિ દેવ, અવિનાશી, નિર્દોષ, ભયંકર પરાક્રમવાળા, અદ્‌ભુત તાંડવ-નૃત્ય ઉપર પ્રીતિવાળા અને કાશીનગરીના નાથ પ્રભુ શ્રીકાળભૈરવને હું ભજું છું. ૩

भुक्तिमुक्तिदायकं प्रशस्तचारुविग्रहं भक्तवत्सलं स्थितं समस्तलोकविग्रहम् । विनिक्वणन्मनोज्ञहेमकिंकिणीलसत्कटिं काशिका० ॥ ४ ॥

ભોગ તથા મોક્ષને આપનારા, ઉત્તમ સુંદર શરીરવાળા, ભક્તો પર પ્રેમવાળા, સમગ્ર લોકસ્વરૂપે રહેલા, ઝણકાર કરતી સુંદર સોનાની ઘુઘરીઓ વડે શોભતી કેડવાળા અને કાશી નગરીના નાથ શ્રીકાળ-ભૈરવને હું ભજું છું. ૪

धर्मसेतुपालकं त्वधर्ममार्गनाशकं कर्मपाशमोचकं सुशर्मदायकं विभुम् । स्वर्णवर्णशेषपाशशोभिताङ्गमण्डलं काशिका० ॥५॥

ધર્મની મર્યાદાનું રક્ષણ કરનારા, અધર્મના માર્ગનો નાશ કરનારા, કર્મરૂપ પાશથી છોડાવનારા, ઉત્તમ કલ્યાણને આપનારા, વ્યાપક અને સમગ્ર શરીરે સોનેરી રંગના શેષનાગરૂપ પાશથી શોભી રહેલા કાશીનગરીના નાથ શ્રીકાળભૈરવને હું ભજું છું. ૫

रत्नपादुकाप्रभाभिरामपादयुग्मकं नित्यमद्वितीयमिष्टदैवतं निरञ्जनम् । मृत्युदर्पनाशनं करालदंष्ट्रमोक्षणं काशिका० ॥६॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમના બન્ને ચરણ રત્નોની ચાખડીઓની કાંતિ વડે સુંદર છે, તે નિત્ય, અદ્વિતીય, નિરંજન, ઇષ્ટદેવ, મૃત્યુના ગર્વનો નાશ કરનારા અને ભયંકર દાઢોવાળા કાળથી છોડાવનારા કાશીનગરીના નાથ શ્રીકાળભૈરવને હું ભજું છું. ૬

अट्टहासभिन्नपद्मजाण्डकोशसन्ततिं दृष्टिपातनष्टपापजालमुग्रशा-
सनम् । अष्टसिद्धिदायकं कपालमालिकन्धरं काशिका० ॥७॥

બ્રહ્માથી ઉત્પન્ન થયેલાં બ્રહ્માંડોની પરંપરાને જેમણે અટ્ટહાસ્યથી ગજાવી મૂકી છે, માત્ર નજર નાખીને પાપોના સમૂહોનો નાશ કર્યો છે, તે ઉગ્ર શાસનવાળા, આઠ સિદ્ધિઓને આપનારા, ખોપરીઓની માળાને ડોકમાં ધારણ કરનારા અને કાશીનગરીના નાથ શ્રીકાળભૈરવને હું ભજું છું. ૭

भूतसंघनायकं विशालकीर्तिदायकं काशिवासलोकपुण्य-
पापशोधकं विभुम् । नीतिमार्गकोविदं पुरातनं जगत्पतिं
काशिका० ॥ ८ ॥

ભૂતોના સંઘના નાયક, વિશાળ કીર્તિને આપનારા, કાશીવાસી લોકોનાં પુણ્ય-પાપને હરનારા, વ્યાપક, નીતિમાર્ગના પંડિત, જૂનામાં જૂના જગત્પતિ અને કાશીનગરીના નાથ શ્રીકાળભૈરવને હું ભજું છું. ૮

कालभैरवाष्टकं पठन्ति ये मनोहरं ज्ञानमुक्तिसाधनं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विचित्रपुण्यवर्धनम् । शोकमोहदैन्यलोभकोपतापनाशनं ते प्रयान्ति कालभैरवांघ्रिसन्निधिं ध्रुवम् ॥ ९ ॥

આ સુંદર કાળભૈરવાષ્ટક જ્ઞાન તથા મોક્ષનું સાધન છે, અદ્‌ભુત પુણ્યને વધારે છે અને શોક, મોહ, દીનતા, લોભ, ક્રોધ તથા તાપનો નાશ કરે છે; તેનો જેઓ પાઠ કરે છે, તેઓ નક્કી કાળભૈરવના ચરણ સમીપ જાય છે. ૯

૫ : શ્રીમદ્ અચ્યુતાષ્ટક

अच्युताच्युत हरे परमात्मन् राम कृष्ण पुरुषोत्तम विष्णो ।
वासुदेव भगवन्ननिरुद्ध श्रीपते शमय दुःखमशेषम् ॥ १ ॥

હે અચ્યુત! અચ્યુત! હે શ્રીહરિ! હે પરમાત્મન્! હે શ્રીરામ! હે શ્રીકૃષ્ણ! હે પુરુષોત્તમ વિષ્ણો! હે વાસુદેવ! હે અનિરુદ્ધ! હે લક્ષ્મીપતે ભગવન્! સમગ્ર દુઃખોને શમાવો. ૧

विश्वमङ्गल विभो जगदीश नन्दनन्द नृसिंह नरेन्द्र ।
मुक्तिदायक मुकुन्द मुरारे श्रीपते शमय दुःखमशेषम् ॥ २ ॥

હે વિશ્વમંગળ! હે વ્યાપક! હે જગદીશ! હે નંદપુત્ર! હે નરસિંહ! હે મહારાજા! હે મોક્ષ દેનારા! હે મુકુંદ મુરારે! હે લક્ષ્મીપતે! સર્વ દુઃખોને શમાવો. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रामचन्द्र रघुनायक देव दीननाथ दुरितक्षयकारिन् ।
यादवेन्द्र यदुभूषण यज्ञ श्रीपते शमय दुःखशेषम् ॥ ३ ॥

હે રઘુનાયક શ્રીરામચંદ્ર! હે દીનનાથ દેવ! હે પાપોનો નાશ કરનારા યાદવરાજ! હે યદુવંશીઓના અલંકાર! હે યજ્ઞસ્વરૂપ! હે લક્ષ્મીપતે! સર્વ દુઃખોને શમાવો. ૩

देवकीतनय दुःखदवाग्ने राधिकारमण रम्यसुमूर्ते ।
दुःखमोचन दयार्णव नाथ श्रीपते शमय दुःखमशेषम् ॥ ४ ॥

હે દેવકીનંદન! હે દુઃખોને બાળવામાં દાવાનળ સમાન! હે રાધિકારમણ! હે રમ્ય સુંદર મૂર્તિવાળા! હે દુઃખોથી છોડાવનારા! હે દયાના સમુદ્ર નાથ! હે લક્ષ્મીપતે! સર્વ દુઃખોને શમાવો. ૪

गोपिकावदनचन्द्रचकोर नित्य निर्गुण निरञ्जन जिष्णो ।
पूर्णरूप जय शङ्कर शर्व श्रीपते शमय दुःखमशेषम् ॥ ५ ॥

હે ગોપિકાઓના મુખચંદ્રના ચકોર! હે નિત્ય! નિર્ગુણ! હે નિરંજન! હે જય પામવાના સ્વભાવવાળા! હે પૂર્ણસ્વરૂપ! હે સુખકારક! હે ભક્તોનાં દુઃખોને સંહારનારા! હે લક્ષ્મીપતે! સર્વ દુઃખોને શમાવો. ૫

गोकुलेश गिरिधारण धीर यमुनाच्छतटखेलन वीर ।
नारदादिमुनिवन्दितपाद श्रीपते शमय दुःखमशेषम् ॥ ६ ॥

હે ગોકુલેશ્વર! ગોવર્ધનગિરિધારિ! હે ધીર! હે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યમુનાના સ્વચ્છ કિનારે ખેલનારા! હે વીર! હે નારદાદિ મુનિઓએ વંદાયલા ચરણોવાળા! હે લક્ષ્મી-પતે! સર્વ દુઃખોને શમાવો. ૬

द्वारकाधिप दुरन्तगुणाब्धे प्राणनाथ परिपूर्ण भवारे ।
ज्ञानगम्य गुणसागर ब्रह्मन् श्रीपते शमय दुःखमशेषम् ॥७॥

હે દ્વારકાના અધિપતિ! હે અનંત ગુણોના સમુદ્ર! હે પ્રાણનાથ! હે પરિપૂર્ણ! હે સંસારના શત્રુ! હે જ્ઞાન વડે પ્રાપ્ત થનારા! હે ગુણસાગર! હે બ્રહ્મન્! હે લક્ષ્મીપતે! સર્વ દુઃખોને શમાવો. ૭

दुष्टनिर्दलन देव दयालो पद्मनाभ धरणीधरधारिन् ।
रावणान्तक रमेश मुरारे श्रीपते शमय दुःखमशेषम् ॥ ८ ॥

હે દુષ્ટોને દળનારા! હે દયાળુ દેવ! હે નાભિમાં કમળધારી! હે ગોવર્ધનધારિન્! હે રાવણનો નાશ કરનારા! હે મુરારિ! હે લક્ષ્મીપતે! સર્વ દુઃખોને શમાવો. ૮

अच्युताष्टकमिदं रमणीयं निर्मितं भवभयं विनिहन्तुम् ।
यः पठेद्विषयवृत्तिनिवृत्तिर्जन्मदुःखमखिलं स जहाति ॥ ९ ॥

આ સુંદર અચ્યુતાષ્ટક સંસારના ભયનો નાશ કરવાને રચ્યું છે. જે મનુષ્ય વૃત્તિને વિષયોથી રોકીને આનો પાઠ કરે છે, તે સમગ્ર જન્મોનાં દુઃખોથી છૂટે છે. ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ : અચ્યુતાષ્ટક

अच्युतं केशवं रामनारायणं कृष्णदामोदरं वासुदेवं हरिम् ।
श्रीधरं माधवं गोपिकावल्लभं जानकीनायकं रामचन्द्रं भजे ॥१॥

અચ્યુત–અસ્ખલિત જ્ઞાનશક્તિવાળા, કેશવ–સુંદર કેશવાળા અથવા બ્રહ્મા, વિષ્ણુ, મહેશને વશ રાખનાર, શ્રીરામ, શ્રીનારાયણ, કૃષ્ણ, દામોદર, વાસુદેવ, શ્રીહરિ, શ્રીધર–લક્ષ્મીધારી, માધવ–લક્ષ્મીપતિ, ગોપિકાવલ્લભ અને સીતાપતિ શ્રીરામચંદ્રને હું ભજું છું. ૧

अच्युतं केशवं सत्यभामाधवं माधवं श्रीधरं राधिकाराधितं ।
इन्दिरामन्दिरं चेतसा सुन्दरं देवकीनन्दनं नन्दजं सन्दधे॥ २

અચ્યુત–વિકાર રહિત, કેશવ, સત્યભામાના પતિ, લક્ષ્મીપતિ, શોભાધારી, રાધિકાએ આરાધેલા, લક્ષ્મીનું ઘર, દેવકીના સુંદર પુત્ર, શ્રીનંદનંદનનું ચિત્ત વડે હું ધ્યાન ધરું છું. ૨

विष्णवे जिष्णवे शंखिने चक्रिणे रुक्मिणीरागिणे जानकीजानये।
वल्लवीवल्लभायार्चितायात्मने कंसविध्वंसिने वंशिने ते नमः ॥३॥

વ્યાપક, વિજયશીલ, શંખધારી, ચક્રધારી, રુક્મિણી પર પ્રેમવાળા, જાનકીપતિ, ગોપીવલ્લભ, સર્વથી પૂજિત, આત્મસ્વરૂપ, કંસનો નાશ કરનાર અને બંસીને ધારણ કરનાર આપ પ્રભુને નમસ્કાર હો. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कृष्ण गोविन्द हे राम नारायण श्रीपते वासुदेवाजित श्रीनिधे।
अच्युतानन्त हे माधवाधोक्षज द्वारकानायक द्रौपदीरक्षक ॥४॥

હે કૃષ્ણ! હે ગોવિંદ! હે રામ! હે નારાયણ! હે લક્ષ્મીપતે! હે વાસુદેવ! હે અજિત! હે લક્ષ્મીના ભંડાર! હે નિર્વિકાર! હે અનંત! હે શોભાના સ્વામી! હે ઇંદ્રિયજ્ઞાનથી પર! હે દ્વારિકાધીશ! હે દ્રૌપદીનું રક્ષણ કરનારા! આપને નમસ્કાર હો. ૪

राक्षसाक्षोभितः सीतया शोभितो दण्डकारण्यभूपुण्यताकारणः।
लक्ष्मणेनान्वितो वानरैः सेवितोऽगस्त्यसम्पूजितो राघवः पातु माम्

રાક્ષસોથી ક્ષોભ નહિ પામેલા, સીતા વડે શોભતા, દંડકારણ્યની ભૂમિને પવિત્ર કરવામાં કારણ, લક્ષ્મણ સહિત વાનરોએ સેવેલા અને અગસ્ત્યે પૂજેલા શ્રીરાઘવ–રામચંદ્ર ભગવાન મારી રક્ષા કરો. ૫

धेनुकारिष्टकोऽनिष्टकोऽनिष्टकृद्द्वेषिणां केशिहा कंसहृद्वंशिकावादकः। पूतनाकोपकः सूरजाखेलनो बालगोपालकः पातु मां सर्वदा ॥ ६ ॥

ધેનુકાસુરનો નાશ કરનાર, દ્વેષ કરનારાઓને અનિષ્ટરૂપ, શત્રુઓનું અનિષ્ટ કરનાર, કેશિ દૈત્યનો નાશ કરનાર, કંસનો સંહાર કરનાર, બંસી બજાવનાર, પૂતનાને કોપાવનાર અને યમુના પર ખેલ કરનાર શ્રીબાલગોપાલ કૃષ્ણ મારું સર્વદા રક્ષણ કરો. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विद्युदुद्द्योतवात्प्रस्फुरद्वाससं प्रावृडम्भोदवत्प्रोल्लसद्विग्रहम् ।
वन्यया मालया शोभितोरःस्थलं लोहिताङ्घ्रिद्वयं वारिजाक्षं भजे ॥७॥

વીજળીના ઝબકારા પેઠે ઝબકતાં વસ્ત્રોવાળા, ચોમાસાના મેઘ સમાન (શ્યામ) શોભીતા શરીરવાળા, વનમાળાથી શોભીતી છાતીવાળા અને લાલ ચરણોવાળા કમળનેત્ર શ્રીકૃષ્ણને હું ભજું છું. ૭

कुञ्चितैः कुन्तलैर्भ्राजमानाननं रत्नमौलिं लसत्कुण्डलं गण्डयोः ।
हारकेयूरकं कङ्कणप्रोज्ज्वलं किंकिणीमञ्जुलं श्यामलं तं भजे ॥८॥

વાંકડિયા વાળથી શોભતા મુખવાળા, રત્નજડિત મુકુટ ધરનારા, બન્ને લમણાં પર પ્રકાશમાન કુંડળોવાળા, હાર અને બાજુબંધ પહેરનારા કંકણો વડે અત્યંત શોભતા અને જેમની (કેડ પર) ઘુઘરીઓ ઝણકે છે, તે શ્યામસુંદરને હું ભજું છું. ૮

अच्युतस्याष्टकं यः पठेदिष्टदं प्रेमतः प्रत्यहं पूरुषः सस्पृहम् ।
वृत्ततः सुन्दरं कर्तृ विश्वम्भरं तस्य वश्यो हरिर्जायते सत्वरम् ॥९॥

આ સુંદર અચ્યુતાષ્ટક ઇષ્ટ વસ્તુને આપનાર તથા સર્વ મનોરથોને પૂર્ણ કરનાર છે; જે પુરુષ આનો પ્રેમ તથા ઉત્કંઠાપૂર્વક સુંદર રાગે નિત્ય પાઠ કરે છે, તેને શ્રીહરિ સત્વર વશ થાય છે. ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭ : નારાયણસ્તોત્ર

नारायण नारायण जय गोविन्द हरे ।
नारायण नारायण जय गोपाल हरे ॥ ध्रु० ॥

करुणापारावारा वरुणालयगम्भीरा । नारायण० ॥ १ ॥

હે નારાયણ! નારાયણ! હે ગોવિંદ! હરે! તમે જય પામો. હે નારાયણ! નારાયણ! હે ગોપાલ! હરે! તમે જય પામો. ધ્રુવ૦ હે કરુણાના સમુદ્ર! હે સમુદ્ર સમાન ગંભીર! હે નારાયણ! હે નારાયણ! હે ગોવિંદ! હે ગોપાલ હરે! તમે જય પામો.

घननीरदसंकाशा कृतकलिकल्मषनाशा । नारायण० ॥ २ ॥

ઘાટા મેઘ સમાન! કલિયુગના પાપનો નાશ કરનારા! હે નારાયણ! ૦

यमुनातीरविहारा धृतकौस्तुभमणिहारा । नारायण० ॥ ३ ॥

યમુનાતીરે વિહરનાર! કૌસ્તુભમણિનો હાર ધારણ કરનારા! હે નારાયણ! ૦

पीताम्बरपरिधाना सुरकल्याणनिधाना । नारायण० ॥ ४ ॥

પીતાંબરધારી! દેવોના કલ્યાણના ભંડાર! હે નારાયણ! ૦

मंजुलगुंजाभूषा मायामानुषवेषा । नारायण० ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર ચણોઠીઓનાં આભૂષણો ધરનાર! માયા વડે મનુષ્યવેષ સ્વીકારનારા! હે નારાયણ! ૦

राधाऽधरमधुरसिका रजनीकरकुलतिलका । नारायण० ॥६॥

રાધિકાના અધરોષ્ઠરૂપ મધના રસિક! ચંદ્રવંશમાં તિલક સમાન! હે નારાયણ! ૦

मुरलीगानविनोदा वेदस्तुतभूपादा । नारायण० ॥ ७ ॥

મુરલીના ગાયન વડે વિનોદ પામનારા! વેદ વડે સ્તવાયલા! દુષ્ટ રાજાઓનો સંહાર કરનારા! હે નારાયણ! ૦

बर्हिनिबर्हापीडा नटनाटकफणिक्रीडा । नारायण० ॥ ८ ॥

મોરપિચ્છનો મુકુટ પહેરનારા! નટના નાટકની પેઠે કાલીય નાગ સાથે ખેલનારા! હે નારાયણ! ૦

वारिजभूषाभरणा राजीवरुक्मिणीरमणा । नारायण० ॥ ९ ॥

કમળનાં આભૂષણો પહેરનાર! કમળ તથા રુક્મિણી સાથે રમનાર! હે નારાયણ! ૦

जलरुहदलनिभनेत्रा जगदारम्भकसूत्रा । नारायण० ॥ १० ॥

કમળની પાંખડીઓ જેવાં નેત્રવાળા! જગતને રચનાર સૂત્રધાર! હે નારાયણ! ૦

पातकरजनीसंहार करुणालय मामुद्धर । नारायण० ॥११॥

પાપરૂપી રાત્રિનો સંહાર કરનારા! હે કરુણા-નિવાસ! મારો ઉદ્ધાર કરો. હે નારાયણ! ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अघबककक्षयकंसारे केशव कृष्ण मुरारे । नारायण० ॥१२॥

અઘાસુર તથા બકાસુરનો નાશ કરનાર અને કંસના શત્રુ હે કેશવ! હે શ્રીકૃષ્ણ! મુરારિ! હે નારાયણ! ૦

हाटकनिभपीताम्बर अभयं कुरु मे मावर । नारायण० ॥१३॥

સુવર્ણ સમાન પીળાં વસ્ત્રો પહેરનારા હે લક્ષ્મીપતે! મને નિર્ભય કરો. હે નારાયણ! ૦

दशरथराजकुमारा दानवमदसंहारा । नारायण० ॥ १४ ॥

દશરથ રાજાના કુમાર! દાનવોના મદનો સંહાર કરનાર! હે નારાયણ! ૦

गोवर्धनगिरिरमणा गोपीमानसहरणा । नारायण० ॥ १५ ॥

ગોવર્ધન પર્વતમાં ક્રીડા કરનાર! ગોપીઓનાં મનને હરનાર! હે નારાયણ! ૦

सरयूतीरविहारा सज्जनऋषिमन्दारा । नारायण० ॥ १६ ॥

સરયૂ નદીના તીરે વિહાર કરનાર! સજ્જનો તથા ઋષિઓને કલ્પવૃક્ષ સમાન હે નારાયણ! ૦

विश्वामित्रमखत्रा विविधपरासुचरित्रा । नारायण० ॥ १७ ॥

વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરનાર! અનેક જાતનાં ઉત્કૃષ્ટ સુંદર ચરિત્રોવાળા! હે નારાયણ ૦

ध्वजवज्रांकुशपादा धरणीसुतसहमोदा । नारायण० ॥ १८ ॥

ધ્વજ, વજ્ર તથા અંકુશનાં ચિહ્નયુક્ત ચરણો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળા! સીતાજી સાથે આનંદ કરનારા! હે નારાયણ! ૦

जनकसुताप्रतिपाला जय जय संस्मृतिलीला। नारायण० १९

સીતાજીનું રક્ષણ કરનારા! સ્મરણ કરવા લાયક લીલાઓવાળા! તમે જય પામો, જય પામો. હે નારાયણ! ૦

दशरथवाग्धृतिभारा दण्डकवनसंचारा। नारायण०॥ २०॥

દશરથનાં વચનોથી વનવાસનો ભાર ધારણ કરનારા! દંડકારણ્યમાં સંચાર કરનારા! હે નારાયણ! ૦

मुष्टिकचाणूरसंहारा मुनिमानसविहारा। नारायण०॥ २१॥

મુષ્ટિક અને ચાણૂર મલ્લનો નાશ કરનારા! મુનિઓના મનમાં વિહાર કરનારા! હે નારાયણ! ૦

वालिविनिग्रहशौर्या वरसुग्रीवहितार्या। नारायण०॥ २२॥

વાલીને શિક્ષા કરનાર શૌર્યવાળા! ઉત્તમ ભક્ત સુગ્રીવનું હિત કરનારા! હે આર્ય! હે નારાયણ! ૦

मां मुरलीकरधीवर पालय पालय श्रीधर। नारायण०॥२३॥

હાથમાં મુરલી ધરનાર! હે મહાબુદ્ધિમાન્! હે લક્ષ્મીપતે! મારું પાલન કરો, પાલન કરો. હે નારાયણ! ૦

जलनिधिबन्धनधीरा रावणकण्ठविदारा। नारायण०॥ २४॥

સમુદ્રને બાંધવામાં ધીર! રાવણના કંઠને કાપનાર હે નારાયણ! ૦

ताटीमददलनाढ्या नटगुणविविधधनाढ्या। नारायण०॥२५॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાવણની બહેન તાટકાના ગર્વનો નાશ કરનાર! હે મહાસમૃદ્ધિમાન! નટના વિવિધ ગુણોરૂપ ધનને ધારણ કરનાર! હે નારાયણ! ૦

गौतमपत्नीपूजन करुणाघनावलोकन । नारायण० ॥२६॥

અહલ્યાએ પૂજેલા! દયાપૂર્ણ દૃષ્ટિવાળા! હે નારાયણ! ૦

सम्भ्रमसीताहारा साकेतपुरविहारा । नारायण० ॥ २७ ॥

(રાવણને ત્યાં) ગભરાએલાં સીતાજીને પાછાં લાવનાર! અયોધ્યાનગરમાં વિહાર કરનાર! હે નારાયણ!૦

अचलोद्धृतिचंचत्कर भक्तानुग्रहतत्पर । नारायण० ॥२८॥

ગોવર્ધન પર્વતને ધારણ કરવા ચપળ હાથવાળા! ભક્તો પર કૃપા કરવામાં તત્પર! હે નારાયણ! ૦

नैगमगानविनोदा रक्षःसुतप्रह्लादा । नारायण० ॥ २९ ॥

સામવેદનાં ગાનથી વિનોદ પામનારા! રાક્ષસ-પુત્ર પ્રહ્લાદને આનંદ આપનાર! હે નારાયણ૦

भारतयतिवरशङ्करनामामृतमखिलान्तर । नारायणनारायण जय गोपाल हरे ॥ ३० ॥

હે સર્વના અંતર્યામી નારાયણ! ભરતખંડના યતિવર શંકરાચાર્યે આપનું આ નામામૃત પ્રકટ કર્યું છે. હે નારાયણ! હે ગોપાલ! હરે! તમે જય પામો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮ : શ્રીવિષ્ણુ-વર્ણન-સ્તોત્ર

लक्ष्मीभर्तुर्भुजाग्रे कृतवसति सितं यस्य रूपं विशालं नीलाद्रेस्तुङ्गशृङ्गस्थितमिव रजनीनाथबिम्बं विभाति । पायान्नः पाञ्चजन्यः स सकुलदितिजत्रासनैः पूरयन्स्वैर्निध्वानैर्नीरदौघ-ध्वनिपरिभवदैरम्बरं कम्बुराजः ॥ १ ॥

વિશાળ અને ઉજ્જવળ જેનું સ્વરૂપ લક્ષ્મીપતિ વિષ્ણુ ભગવાનની ભુજાના અગ્ર ભાગે રહે છે, તેથી કાળા પર્વતના ઊંચા શિખર પર ચંદ્રનું બિંબ જાણે રહ્યું હોય તેમ એ શોભે છે; વળી જે કુટુંબો સહિત રાક્ષસોને ત્રાસ આપનાર અને મેઘમંડળની ગર્જનાનો તિરસ્કાર કરનાર પોતાના નાદો વડે આકાશને ભરી દે છે, તે શંખરાજ પાંચજન્ય અમારી રક્ષા કરો. ૧

आहुर्यस्य स्वरूपं क्षणमुखमखिलं सूरयः कालमेतं ध्वान्त-स्यैकान्तमन्तं यदपि च परमं सर्वधाम्नां च धाम। चक्रं तच्चक्र-पाणेर्दितिजतनुगलद्रक्तधाराक्तधारं शश्वन्नो विश्ववन्द्यं वितरतु विपुलं शर्म धर्मांशुशोभम् ॥ २ ॥

વિદ્વાનો ક્ષણ વગેરે આ કાળને જેનું સ્વરૂપ કહે છે, અંધકારનો ચોક્કસ અંત લાવનારું જે સર્વ તેજનું પરમ ધામ છે, રાક્ષસોના શરીરમાંથી ઝરતી લોહીની ધારાઓ વડે જેની ધાર ખરડાયલી રહે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જગતમાં જે વંદનીય છે, તે ધર્મરૂપ કિરણોની શોભાવાળું ચક્રપાણિ–વિષ્ણુ ભગવાનનું સુદર્શન ચક્ર, અમને નિરંતર ઘણું સુખ આપો. ૨

अत्यान्निर्घातघोरो हरिभुजपवनामर्शनाध्मातमूर्तेरस्माद्वि-स्मेरनेत्रत्रिदशनुतिवचःसाधुकारैः सुतारः । सर्वं संहर्तुमिच्छोर-रिकुलभुवनं स्फारविस्फारनादः संयत्कल्पान्तसिन्धौ शरसलिल-घटावार्मुचः कार्मुकस्य ॥ ३ ॥

જેનું સ્વરૂપ યુદ્ધરૂપી પ્રલયકાળના સમુદ્રમાં શ્રીવિષ્ણુ ભગવાનની ભુજારૂપ પવનના સંબંધથી સુસવાટા કરે છે, શત્રુઓનાં કુળરૂપી જગતનો સંપૂર્ણ સંહાર કરવા ઇચ્છે છે અને બાણોરૂપી જળધારાઓ વરસે છે, એ વિષ્ણુધનુષરૂપી મેઘનો મહાપ્રચંડ કડાકા જેવો ઘોર ટંકાર, વિસ્મિત નેત્રોવાળા દેવોનાં સ્તુતિવચનોથી તથા ધન્યવાદોથી ઘણો જ અધિક થાય છે, તે અમારું રક્ષણ કરો. ૩

जीमूतश्यामभासा मुहुरपि भगवद्बाहुना मोहयन्ती युद्धे-षूद्भूयमाना झटिति तडिदिवालक्ष्यते यस्य मूर्तिः । सोऽसि-स्त्रासाकुलाक्षत्रिदशरिपुवपुःशोणितास्वादतृप्तो नित्यानन्दाय भूयान्मधुमथनमनोनन्दको नन्दको नः ॥ ४ ॥

જેનું સ્વરૂપ, મેઘ જેવી કાંતિવાળા ભગવાનના બાહુને લીધે યુદ્ધમાં મોહ ઉપજાવે છે, વારંવાર ઘણી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝડપથી ઝળકતી વીજળી જેવું જણાય છે, ત્રાસથી આકુળ નેત્રોવાળા દેવશત્રુ રાક્ષસોનાં શરીરનું લોહી ચાખવાથી ગર્વિષ્ઠ બને છે અને મધુમંથન-ભગવાનના મનને આનંદ ઉપજાવે છે, તે નંદક ખડ્ગ અમને નિત્યનો આનંદ આપનાર થાઓ. ૪

कम्राकारा मुरारेः करकमलतलेनानुरागाद्गृहीता सम्यग्वृत्ता स्थिताग्रे सपदि न सहते दर्शनं या परेषाम् । राजन्ती दैत्यजीवासवमदमुदिता लोहितालेपनार्द्रा कामं दीप्तांशुकान्ता प्रदिशतु दयितेवास्य कौमोदकी नः ॥ ५ ॥

મુરારિ ભગવાનના હસ્તકમળે પ્રેમથી ગ્રહણ કરેલી, સુંદર આકારવાળી, આગળના ભાગમાં સારી રીતે ગોળ સ્વરૂપે રહેલી, દૈત્યોના જીવરૂપી મદ્યપાનના મદથી જાણે આનંદિત થઈ હોય તેવી શોભતી, લોહીના વિક્ષેપનથી ભીની અને પ્રદીપ્ત કિરણોથી સુંદર દેખાતી જે કૌમોદકી ગદા, શત્રુઓના દર્શનને એકદમ સહન કરતી નથી અને ભગવાનની પત્ની જેવી છે, તે અમારી ઇચ્છાને પૂર્ણ કરો. ૫

यो विश्वप्राणभूतस्तनुरपि च हरेर्यानकेतुस्वरूपो यं सञ्चिन्त्यैव सद्यः स्वयमुरगवधूवर्गगर्भाः पतन्ति । चञ्चच्चण्डोरुतुण्डत्रुटितफणिवसारक्तपङ्काङ्कितास्यं वन्दे छन्दोमयं तं खगपतिममलस्वर्णवर्णं सुपर्णम् ॥ ६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે વિશ્વના પ્રાણ જેવો અને શરીરે નાનો છે, છતાં ભગવાનના વાહનરૂપ તથા ધ્વજરૂપ છે; જેનો વિચાર કરતાં જ સર્પોની સ્ત્રીઓના ગર્ભો આપોઆપ તુરત પડી જાય છે, જેનું મુખ તરફડતા-ઉગ્ર મુખોવાળા-તૂટેલા-સર્પોની ચરબી અને લોહીના કાદવથી ખરડાયેલું રહે છે અને જેનો રંગ નિર્મળ સુવર્ણ જેવો છે, તે વેદમય પક્ષીરાજ ગરુડને હું વંદન કરું છું. ૬

विष्णोर्विश्वेश्वरस्य प्रवरशयनकृत्सर्वलोकैकधर्ता सोऽनन्तः सर्वभूतः पृथुविमलयशाः सर्ववेदैश्च वेद्यः । पाता विश्वस्य शश्वत्सकलसुररिपुध्वंसनः पापहन्ता सर्वज्ञः सर्वसाक्षी सकलविषभयात्पातु भोगीश्वरो नः ॥ ७ ॥

જે જગતના ઈશ્વર વિષ્ણુ ભગવાનની શય્યા છે, સર્વ લોકોને પોતે એક જ ધારણ કરે છે, અનંત અને સર્વસ્વરૂપ છે; જેનો યશ વિશાળ અને નિર્મળ છે, સર્વ વેદો વડે જે જાણી શકાય છે, વિશ્વનું રક્ષણ કરે છે, સમગ્ર દેવશત્રુઓનો નિરંતર નાશ કરે છે, પાપોને હણે છે, સર્વને જાણે છે અને સર્વના સાક્ષી છે, તે સર્પરાજા-શેષનાગ, સમગ્ર વિષના ભયથી અમારી રક્ષા કરો. ૭

वाग्भूगौर्यादिभेदैर्विदुरिह मुनयो यां यदीयैश्च पुंसां

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कारुण्यार्द्रैः कटाक्षैः सकृदपि पतितैः सम्पदः स्युः समग्राः । कुन्देन्दुस्वच्छमन्दस्मितमधुरमुखाम्भोरुहां सुन्दराङ्गीं वन्दे वन्द्यामशेषैरपि मुरभिदुरोमन्दिरामिन्दिरां ताम् ॥ ८ ॥

મુનિઓ જેને વાણી, પૃથ્વી, ગૌરી આદિ જુદાં-જુદાં નામોથી જાણે છે, જેના કરુણાભીના કટાક્ષો મનુષ્યો પર એક વાર પણ જો પડ્યા હોય તો સમગ્ર સંપત્તિઓ પ્રાપ્ત થાય છે, જેનું મુખકમળ મોગરાનાં પુષ્પ તથા ચંદ્ર જેવું સ્વચ્છ હોઈ મંદ હાસ્ય વડે મધુર છે અને મુરારિ શ્રી નારાયણનું વક્ષઃસ્થળ જેનું (રહેવાનું) મંદિર છે, તે સુંદર અંગવાળાં તથા સર્વને વંદનીય શ્રીમહાલક્ષ્મીને હું વંદન કરું છું. ૮

या सूते सत्त्वजालं सकलमपि सदा सन्निधानेन पुंसो धत्ते या सत्त्वयोगाच्चरमचरमिदं भूतये भूतजातम् । धात्रीं स्थात्रीं जनित्रीं प्रकृतिमविकृतिं विश्वशक्तिं विधात्रीं विष्णोर्विश्वात्मनस्तां विपुलगुणमयीं प्राणनाथां प्रणौमि ॥ ९ ॥

પરમાત્માના સામીપ્યથી જે સમગ્ર પ્રાણીસમૂહને ઉત્પન્ન કરે છે અને સત્ત્વગુણના સંબંધથી સ્થાવર-જંગમ આ ભૂતસમુદાયનું ઉન્નતિ માટે ધારણ–પોષણ–પાલન કરે છે; એમ ધારક, સ્થાપક અને ઉત્પાદક છતાં વિકાર રહિત, વિશ્વની શક્તિરૂપ, વિશાળ ગુણમય અને વિશ્વાત્મા વિષ્ણુ ભગવાનની પ્રાણસ્વામિની શ્રીપ્રકૃતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવીને હું પ્રણામ કરું છું. ૯

येभ्योऽसूयद्भिरुच्चैः सपदि पदमुरु त्यज्यते दैत्यवर्गै-र्येभ्यो धर्तुं च मूर्ध्ना स्पृहयति सततं सर्वगीर्वाणवर्गः । नित्यं निर्मूलनेयुर्नितिचतरममी भक्तिनिम्नात्मनां नः पद्माक्षस्यांघ्रि-पद्मद्वयतलनिलयाः पांसवः पापपङ्कम् ॥ १० ॥

દૈત્યવર્ગ, જેના ગુણો પર મોટો દોષારોપ કરી, પોતાના ઉચ્ચ પદને તુરત ખોઈ બેસે છે અને જેને પોતાના મસ્તક પર ધારણ કરવા સર્વ દેવવર્ગ નિરંતર ઝંખે છે, તે કમળનેત્ર–વિષ્ણુ ભગવાનના બન્ને ચરણ-કમળની રજ, ભક્તિવશ મનવાળા અમારાં અતિ ગાઢ પાપોરૂપ કીચડનો નિર્મૂળ નાશ કરો. ૧૦

रेखा लेखाभिवन्द्याश्चरणतलगताश्चक्रमत्स्यादिरूपाः स्निग्धाः सूक्ष्माः सुजाता मृदुललिततरक्षामसूत्रायमाणाः । दद्युर्नो मङ्ग-लानि भ्रमरभरजुषा कोमलेनाब्धिजायाः कम्रेणाम्रेड्यमानाः किसलयमृदुना पाणिना चक्रपाणेः ॥ ११ ॥

ચક્રપાણિ ભગવાનના બન્ને ચરણોના તળિયે ચક્ર-મત્સ્ય (માછલું) આદિ આકારવાળી સુંદર, સૂક્ષ્મ અને સુંવાળી રેખાઓ રહેલી છે; તેઓનો દેખાવ અતિ કોમળ અને સુંદર રેશમના બારીક તાંતણાઓ જેવો છે; દેવો તેઓને વંદન કરે છે; અને લક્ષ્મીજીનો કોમળ, સુંદર અને કૂંપળ જેવો સુંદર હાથ તેઓને પંપાળ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે; તે રેખાઓ અમને મંગળો આપો. ૧૧

यस्मादाक्रामतोद्यां गरुडमणिशिलाकेतुदण्डायमानादाश्च्योतन्ती बभासे सुरसरिदमला वैजयन्तीव कान्ता । भूमिष्ठो यस्तथान्यो भुवनगृहबृहत्स्तम्भशोभां दधानः पातामेतौ पयोजोदरललिततलौ पङ्कजाक्षस्य पादौ ॥ १२ ॥

કમળનેત્ર-ભગવાનનો એક ચરણ ગારુત્મત્-રત્નના ધ્વજદંડ જેવો હોઈ સ્વર્ગનું આક્રમણ કરે છે; તે વેળા તેમાંથી વહેતી પવિત્ર આકાશગંગા સુંદર ધ્વજા હોય તેવી શોભે છે; બીજો ચરણ પૃથ્વી પર રહેલો છે અને જગતરૂપી ઘરનો મોટો થાંભલો હોય, તેના જેવી શોભા ધારણ કરે છે; કમળના મધ્યભાગ જેવા સુંદર તળિયાવાળા એ બન્ને ચરણો આપણું રક્ષણ કરો. ૧૨

आक्रामद्भ्यां त्रिलोकीमसुरसुरपती तत्क्षणादेव नीतौ याभ्यां वैरोचनीन्द्रौ युगपदपि विपत्सम्पदोरेकधाम । ताभ्यां ताम्रोदराभ्यां मुहुरहमजितस्याञ्चिताभ्यामुभाभ्यां प्राज्यैश्वर्यप्रदाभ्यां प्रणतिमुपगतः पादपङ्केरुहाभ्याम् ॥ १३ ॥

ત્રણે લોકનું આક્રમણ કરતા જેઓએ અસુર રાજા બલિને તથા દેવરાજા ઇંદ્રને તુરત જ એકીવખતે અનુક્રમે વિપત્તિ તથા સંપત્તિના એક ધામ બનાવ્યા; તે લાલ તળિયાંવાળા, જગતે પૂજેલા અને પુષ્કળ ઐશ્વર્ય આપનારા અજિત ભગવાનના બન્ને ચરણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમળોને હું વારંવાર પ્રણામ કરું છું. ૧૩

येभ्यो वर्णश्चतुर्थश्चरणत उदभूदादिसर्गे प्रजानां साहस्री चापि सङ्ख्या प्रकटमभिहिता सर्ववेदेषु येषाम् । व्याप्ता विश्वम्भरा यैरतिविततनोर्विश्वमूर्तेर्विराजो विष्णोस्तेभ्यो महद्भ्यः सततमपि नमोऽस्त्वङ्घ्रिपङ्केरुहेभ्यः ॥ १४ ॥

પ્રજાઓની સૃષ્ટિના આદિકાળે જે ચરણથી ચોથો (શૂદ્ર) વર્ણ ઉત્પન્ન થયો છે, સર્વ વેદોમાં જેઓની એક હજારની સંખ્યા પ્રગટ કહી છે અને જેઓથી પૃથ્વી વ્યાપ્ત બની છે, તે વિશ્વમૂર્તિ, વિરાટ, વિષ્ણુ ભગવાનના મહાન ચરણકમળોને સતત નમસ્કાર હો. ૧૪

विष्णोः पादद्वयाग्रे विमलनखमणिभ्राजिता राजते या राजीवस्येव रम्या हिमजलकणिकालङ्कृताग्रा दलाली । अस्माकं विस्मयार्हाण्यखिलमुनिजनप्रार्थनीयानि सेयं दद्यादाद्यानवद्या ततिरतिरुचिरा मङ्गलान्यङ्गुलीनाम् ॥ १५ ॥

વિષ્ણુ ભગવાનના બન્ને ચરણોના અગ્ર ભાગે, નિર્મળ નખરૂપ મણિઓથી પ્રકાશતી આંગળીઓની જે પંક્તિ છે, તે હિમજળની કણીઓથી સુશોભિત છેડાવાળી કમળની પાંખડીઓની સુંદર પંક્તિ જેવી શોભે છે; તે આદ્ય, નિર્દોષ, અતિસુંદર આંગળીઓ, અમને સર્વ મુનિજનોએ ઇચ્છવાયોગ્ય તથા આશ્ચર્યકારક મંગળો આપો. ૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यस्यां दृष्ट्वामलायां प्रतिकृतिममराः स्वां भवन्त्यानमन्तः सेन्द्राः सान्द्रीकृतेर्ष्याः स्वपरसुरकुलाशङ्कयातङ्कवन्तः । सा सद्यः सातिरेकां सकलसुखकरीं सम्पदं साधयेन्नश्चंञ्चच्चारुंशुचक्रा चरणनलिनयोश्चक्रपाणेर्नखाली ॥ १६ ॥

ચક્રપાણિ ભગવાનના બન્ને ચરણોના નખની પંક્તિ ઘણી જ નિર્મળ છે; તેને ઇંદ્ર સહિત દેવો જ્યારે નમન કરે છે, ત્યારે તેમાં પોતાનાં પ્રતિબિંબો જોઈ પોતાથી બીજા દેવસમૂહો અહીં શું રહ્યા છે? આવી તેઓને શંકા થાય છે; તેથી તેઓને અત્યંત ઈર્ષ્યા તથા પણ થાય છે; ઝળહળતાં સુંદર કિરણમંડળવાળી તે નખપંક્તિ અમને સકલ સુખકારક સંપૂર્ણ સંપત્તિ તરત જ આપો. ૧૬

पादाम्भोजन्मसेवासमवनतसुरव्रातभास्वत्किरीटप्रत्युप्तोच्चावचाश्मप्रवरकरगणैश्चित्रितं यद्विभाति । नम्राङ्गाणां हरेर्नो हरिदुपलमहाकूर्मसौन्दर्यहारिच्छायं श्रेयःप्रदायि प्रपदयुगमिदं प्रापयेत्पापमन्तम् ॥ १७ ॥

(ભગવાનના) ચરણકમળોની સેવા માટે દેવોના સમૂહો જ્યારે નીચા નમે છે, ત્યારે તેમના મુકુટમાં જડેલા ચકચકિત નાના–મોટા મણિઓનો કિરણસમૂહ પડે છે, તેથી જે રંગબેરંગી દેખાય છે અને જેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંતિ ઇંદ્રનીલ મણિની તથા મોટા કાચબાની સુંદરતાને હરનારી છે, તે શ્રીહરિના કલ્યાણદાયી બન્ને ચરણોના ફણા, નમ્ર અંગવાળા અમારાં પાપનો નાશ કરો. ૧૭

श्रीमत्यौ चारुवृत्ते करपरिमिलनानन्दहृष्टे रमायाः सौन्दर्याढ्येन्द्रनीलोपलरचितमहादण्डयोः कान्तिचोरैः। सूरीन्द्रैः स्तूयमाने सुरकुलसुखदे सूदितारातिसङ्घे जङ्घे नारायणीये मुहुरपि जयतामस्मदंहो हरन्त्यौ ॥ १८ ॥

શ્રીનારાયણના પગની બન્ને પિંડીઓ શોભાયમાન, સુંદર અને ગોળ છે; લક્ષ્મી દેવી પોતાના હાથ વડે તેમને પંપાળે છે, તેથી આનંદ વડે તે રોમાંચિત બને છે; સુંદરતાથી યુક્ત છે; ઇંદ્રનીલ મણિના બનેલા મોટા બે દંડની કાંતિને હરી લે છે; મોટા આચાર્યો તેની સ્તુતિ કરે છે; દેવોનાં કુળને તે સુખદાયી છે અને શત્રુઓના સંઘનો તેઓએ નાશ કર્યો છે; એ બન્ને પિંડીઓ અમારાં પાપોને હરતી વારંવાર જય પામો. ૧૮

सम्यक् साह्यं विधातुं सममपि सततं जंघयोः खिन्नयोर्ये भारीभूतोरुदण्डद्वयभरणकृतोत्तम्भभावं भजेते। चित्तादर्शं निधातुं महितमिव सतां ते समुद्गायमाने वृत्ताकारे विधत्तां हृदि मुदमजितस्यानिशं जानुनी नः ॥ १९ ॥

(ભગવાનની) બે જાંઘો જાણે નિત્ય થાકેલી રહે છે, તેને એકીસાથે ઉત્તમ સહાય કરવાને ઘણી ભારે બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથળો રહેલી છે; તેને ધારણ કરવા સારુ જાણે બે ટેકા હોય; અને સજ્જનોનું ચિત્તરૂપી દર્પણ જાણે ઘણું કિંમતી છે, તેથી તેને મૂકવા માટે ગોળાકાર બે દાબડા હોય તેવા જણાતા અજીત ભગવાનનાં બન્ને ઢીંચણો, અમારા હૃદયમાં નિત્ય હર્ષ કરો. ૧૯

देवो भीतिं विधातुः सपदि विदधतौ कैटभाख्यं मधुं यावारोप्यारूढगर्वावधिजलधि ययोरेव दैत्यौ जघान। वृत्तावन्योन्यतुल्यौ चतुरसुपचयं बिभ्रतावभ्रनीलावूरू चारू हरेस्तौ मुदमतिशयिनीं मानसे नो विधत्ताम् ॥ २० ॥

મધુ અને કૈટભ નામના બન્ને દૈત્યોને ગર્વ ચઢ્યો હતો; તેઓ બ્રહ્મદેવને એકદમ ભય ઉપજાવતા હતા; તે વેળા સમુદ્રની અંદર તેઓ બન્નેને પોતાની જે સાથળો પર ચઢાવી માર્યા હતા, તે શ્રીહરિની બન્ને સાથળો ગોળ, પરસ્પર સરખી, પુષ્ટિને ધારણ કરતી, મેઘ જેવી શ્યામ અને સુંદર છે; તે અમારા મનમાં અતિશય આનંદ ઉપજાવો. ૨૦

पीतेन द्योतते यच्चतुरपरिहितेनाम्बरेणात्युदारं जातालङ्कारयोगं जलमिव जलधेर्वाडवाग्निप्रभाभिः। एतत्पातित्यदान्नो जघनमतिघनादेनसो माननीयं सातत्येनैव चेतो विषयमवतरत्पातु पीताम्बरस्य ॥ २१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુદ્રનું પાણી વડવાનલની પ્રભાથી શોભે, તેમ ભગવાનનું જઘન (નિતંબ), ચતુરાઈથી પહેરેલાં પીળાં વસ્ત્ર વડે અલંકારયુક્ત થઈ અતિ ઘણું જ શોભે છે; એ પીતાંબરધારી ભગવાનનું માનનીય જઘન, વિષયોમાં પડતાં અમારાં ચિત્તને, પતિતપણું કરતાં અતિઘાટાં પાપથી નિરંતર બચાવો. ૨૧

यस्या दाम्न्या विधाम्नो जघनकलितया भ्राजतेऽङ्गं यथाब्धेर्मध्यस्थो मन्दराद्रिर्भुजगपतिमहाभोगसंनद्धमध्यः। काञ्ची सा काञ्चनाभा मणिवरकिरणैरुल्लसद्भिः प्रदीप्ता कल्यां कल्याणदात्रीं मम मतिमनिशं कम्ररूपां करोतु ॥ २२ ॥

ભગવાને જઘન ઉપર કંદોરાની સેર પહેરી છે; તેથી તેમનું અંગ, સમુદ્રની વચ્ચે રહી સર્પરાજના વિશાળ શરીરથી વીંટાયેલ મધ્યભાગવાળા મંદરાચલ પર્વત જેવું શોભે છે; સોનેરી કાંતિવાળી અને ઉત્તમ મણિઓનાં પ્રકાશમાન કિરણોથી ઝળકતી એ કટિ-મેખલા (કંદોરો), મારી બુદ્ધિને નિત્ય મનોહર, કલ્યાણદાયક અને સુંદર સ્વરૂપવાળી કરો. ૨૨

उन्नम्रं कम्रमुच्चैरुपचितमुदभूद्यत्र पत्रैर्विचित्रैः पूर्वं गीर्वाणपूज्यं कमलजमधुपस्यास्पदं तत्पयोजम्। तस्मिन्नीलाश्मनीलैस्तरलरुचिजलैः पूरिते केलिबुद्ध्या नालीकाक्षस्य नाभीसरसि वसतु नश्चित्तहंसश्चिराय ॥ २३ ॥

પૂર્વે ઘણું જ ઊંચું, સુંદર, અદ્‌ભુત પાંખડીઓથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરપૂર, દેવોને પૂજ્ય અને બ્રહ્મદેવરૂપી ભમરાના સ્થાનરૂપ પ્રસિદ્ધ લોકકમળ;જેમાં ઉત્પન્ન થયું હતું; તે કમળનયન ભગવાનનું નાભિસરોવર, ઇંદ્રનીલમણિ જેવાં ઝબકતાં કાંતિરૂપ જળથી ભરેલું છે; તેમાં ક્રીડા કરવાની બુદ્ધિથી મારું ચિત્તરૂપી હંસપક્ષી લાંબા કાળ સુધી વાસ કરો. ૨૩

पातालं यस्य नालं वलयमपि दिशां पत्रपङ्क्तिं नगेन्द्रान्विद्वांसः केसरालीर्विदुरिह विपुलां कर्णिकां स्वर्णशैलम् । भूयाद्वायत्स्वयंभूमधुकरभवनं भूमयं कामदं नो नालीकं नाभिपद्माकरभवमुरु तन्नागशय्यस्य शौरेः ॥ २४ ॥

પાતાળ જેનું નાળ (દાંડો) છે, દિશાઓનું મંડળ જેની પાંખડીઓ છે, સર્પો જેના કેસરા છે, મેરુ પર્વત જેની વિશાળ કળી છે અને જે વેદગાન કરતા બ્રહ્મારૂપી ભમરાનું ઘર તથા ભૂમંડળમય છે, એમ વિદ્વાનો કહે છે; તે શેષશાયી નારાયણના નાભિરૂપ સરોવરમાં ઉત્પન્ન થયેલું વિશાળ કમળ, અમને ઇચ્છિત આપનારું થાઓ. ૨૪

कान्त्यम्भःपूरपूर्णे लसदसितवलीभङ्गभास्वत्तरङ्गे गम्भिराकारनाभीचतुरतरमहावर्तशोभिन्युदारे । क्रीडत्वानद्धहेमोदरनलिनमहावाडवाग्निप्रभाढ्ये कामं दामोदरीयोदरसलिलनिधौ चित्तमत्स्यश्चिरं नः ॥ २५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીદામોદર ભગવાનનું પેટ જાણે એક સમુદ્ર છે; તે કાંતિરૂપી જળના પૂરથી ભરેલો, શોભતી કાળી ત્રિવલી-રૂપી પ્રકાશમાન તરંગોથી યુક્ત, ગંભીર આકારવાળી નાભિરૂપી અતિસુંદર મોટી ઘૂમરીથી શોભતો, અતિશ્રેષ્ઠ અને ધારણ કરેલા સોનેરી મધ્યભાગવાળા કમળરૂપી મોટા વડવાનલની કાંતિથી યુક્ત છે; તેમાં અમારું ચિત્ત-રૂપી માછલું લાંબાકાળ સુધી અત્યંત ક્રીડા કરો. ૨૫

नानानालीकमूलादधिकपरिमलोन्मोहितानामलीनां माला नीलेव यान्ती स्फुरति रुचिमती वक्त्रपद्मोन्मुखी या । रम्या सा रोमराजिर्महितरुचिमती मध्यभागस्य विष्णोश्चित्तस्था मा विरंसीच्चिरतरमुचितां साधयन्ती श्रियं नः ॥ २६ ॥

વિષ્ણુ ભગવાનના (ઉદરના) મધ્યભાગ ઉપર સુંદર કાંતિવાળી રોમરાજી (ઊભી રૂંવાટાંની હાર) છે; તે ઘણી સુગંધથી મોહિત થયેલા ભમરાઓની જાણે કાળી પંક્તિ હોય અને તે અનેક જાતનાં કમળોના મૂળમાંથી નીકળી (ભગવાનના) મુખકમળ તરફ જાણે જતી હોય તેવી જણાય છે; એ રોમરાજી અમારા ચિત્તમાં રહી લાંબાકાળ સુધી યોગ્ય લક્ષ્મીને સિદ્ધ કરતી વિરામ ન પામો. (અર્થાત્ કાયમને માટે યોગ્ય સંપત્તિ સાધ્યા કરો.) ૨૬

आदौ कल्पस्य यस्मात्प्रभवति विततं विश्वमेतद्विकल्पैः कल्पान्ते यस्य चान्तः प्रविशति सकलं स्थावरं जङ्गमं च ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अत्यन्ताचिन्त्यमूर्तेश्चिरतरमजितस्यान्तरिक्षस्वरूपे तस्मिन्नस्माक-
मन्तःकरणमतिमुदा क्रीडतात्क्रोडभागे ॥ २७ ॥

અચિંત્યમૂર્તિ અજિત ભગવાનનો ખોળાનો ભાગ અંતરિક્ષ સ્વરૂપ છે; જેમાંથી સૃષ્ટિની આદિમાં અનેક વિકલ્પો સાથે આ સમગ્ર સ્થાવર-જંગમ વિશાળ જગત ઉત્પન્ન થાય છે અને સૃષ્ટિની અંતે પાછું તેમાં લય પામે છે; તેમાં અમારું અંતઃકરણ ઘણા લાંબાકાળ સુધી અત્યંત આનંદથી ક્રીડા કરો. ૨૭

संस्तीर्णं कौस्तुभांशुप्रसरकिसलयैर्मुग्धमुक्ताफलाढ्यं श्री-
वत्सोल्लासिफुल्लप्रतिवनवनमालांशुराजद्भुजान्तम् । वक्षः श्री-
वृक्षकान्तं मधुकरनिकरश्यामलं शार्ङ्गपाणेः संसाराध्वश्रमार्तैरु-
पवनमिव यत्सेवितं तत्प्रपद्ये ॥ २८ ॥

શાર્ઙ્ગપાણિ-ભગવાનનું વક્ષઃસ્થળ (છાતી) જાણે કોઈ ઉપવન (બગીચો) હોય એમ જણાય છે; કારણ કે તે કૌસ્તુભ મણિના કિરણસમૂહરૂપી કુંપળોથી સારી રીતે છવાયેલ છે; સુંદર મોતીઓરૂપી ફળથી યુક્ત છે; શ્રીવત્સ(લાંછન)રૂપી પ્રફુલ્લ પુષ્પ તેમાં ખીલેલ છે; દરેક વનની વનમાળાનાં કિરણોથી તેના ભુજાઓરૂપ છેડા શોભી રહ્યા છે; લક્ષ્મીરૂપી (શ્રી) વૃક્ષથી તે મનોહર છે, ભમરાઓના સમૂહથી શ્યામ છે અને સંસારરૂપ માર્ગના થાકથી થાકેલા (ભક્તો), તેને સેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યા છે; એ વક્ષઃસ્થળને હું શરણે જાઉં છું. ૨૮

कान्तं वक्षो नितान्तं विदधदिव गलं कालिमा कालशत्रोरिन्दोर्बिम्बं यथाङ्को मधुप इव तरोर्मञ्जरीं राजते यः। श्रीमान्नित्य विधेयादविरलमिलितः कौस्तुभश्रीप्रतानैः श्रीवत्सः श्रीपतेः स श्रिय इव दयितो वत्स उच्चैः श्रियं नः ॥ २९ ॥

શંકરના ગળાંને તેમાં રહેલી કાળાશ જેમ શોભાવે છે, ચંદ્રના બિંબને તેમાં રહેલો ડાઘ જેમ સુંદર બનાવે છે અને વૃક્ષની માંજરને તેમાં રહેલો ભમરો જેમ મનોહર બનાવે છે, તેમ છાતીમાં રહેલું જે (શ્રીવત્સ) ભગવાનની છાતીને અત્યંત સુંદર બનાવે છે, કૌસ્તુભમણિની શોભાના વિસ્તાર સાથે ગાઢ મળેલું છે અને લક્ષ્મીજીનો પ્રિય પુત્ર હોય તેવું છે; એ શ્રી-પતિ ભગવાનનું શ્રીવત્સ નામનું (છાતીમાં રહેલું) ચિહ્ન, અમારી લક્ષ્મીને ઉચ્ચ બનાવો. ૨૯

सम्भूयाम्भोधिमध्यात्सपदि सहजया यः श्रिया सन्निधत्ते नीले नारायणोरःस्थलगगनतले हारतारोपसेव्ये। आशाः सर्वाः प्रकाशा विदधदपि दधच्चात्मभासान्यतेजांस्याश्चर्यस्याकरो नो द्युमणिरिव मणिः कौस्तुभः सोऽस्तु भूत्यै ॥ ३० ॥

લક્ષ્મીજી સમુદ્રના મધ્યમાંથી પોતાની સાથે જ ઉત્પન્ન થયેલ છે, તેથી એ લક્ષ્મીજી સાથે, હારરૂપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારાઓથી સેવાતા શ્રીનારાયણના શ્યામ વક્ષ:સ્થળ-રૂપી આકાશમાં, જે સમીપે જ રહે છે; સર્વ દિશાઓને પ્રકાશમાન કરે છે, છતાં પોતાની કાંતિ સાથે બીજા તેજને પણ જે ધારણ કરે છે અને સૂર્યની પેઠે આશ્ચર્યની ખાણ જેવો છે, તે શ્રીમાન કૌસ્તુભમણિ અમને નિત્ય સંપત્તિ આપનારો થાઓ. ૩૦

या वायावानुकूल्यात्सरति मणिरुचा भासमाना समाना साकं साकम्पमंसे वसति विदधती वासुभद्रं सुभद्रम्। सारं सारङ्ग-सङ्घैर्मुखरितकुसुमा मेचकान्ता च कान्ता माला मालालितास्मान्न विरमतु सुखैर्योजयन्ती जयन्ती ॥ ३१ ॥

વાયુમાં જે અનુકૂળતાથી ડોલે છે, મણિની કાંતિ સાથે સમાન પ્રકાશે છે, ખભા પર આમતેમ ખસતી રહે છે, વિશ્વનું ઉત્તમ માંગલિક કલ્યાણ કરે છે, ભમરાઓના સંગથી જેનાં પુષ્પો અત્યંત શબ્દ કરતાં જણાય છે, જેના છેડા શ્યામ છે અને લક્ષ્મીએ જેને લડાવેલી છે, તે સુંદર વૈજયંતી માળા અમને સુખ સાથે યોજતી વિરામ ન પામો. (કાયમી સુખ આપ્યા કરો.)૩૧

हारस्योरुप्रभाभिः प्रतिवनवनमालांशुभिः प्रांशुभिर्यच्छ्री-ाभिश्चाप्यङ्गदानां शबलितरुचिभिर्निष्कभाभिश्च भाति । बाहु-ल्येनैव बद्धाञ्जलिपुटमजितस्याभियाचामहे तद्वन्धार्तिं बाधतां नो बहुविहितकरीं बन्धुरं बाहुमूलम् ॥ ३२ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હારની વિશાળ કાંતિ વડે, દરેક વનની વનમાળાનાં કિરણો વડે, બાજુબંધોની શોભા વડે અને રંગબેરંગી કાંતિવાળી કંઠીઓની શોભા વડે જે ઘણો જ શોભે છે, તે અજિત ભગવાનની ભુજાઓનો સુંદર મૂળ ભાગ, અમને અનેક જાતનાં કર્મો કરાવતી અમારી સંસારરૂપ બંધનની પીડાને દૂર કરો, એમ અમે બે હાથ જોડી પ્રાર્થના કરીએ છીએ. ૩૨

विश्वत्राणैकदीक्षास्तनुभुणगणक्षत्रनिर्माणदक्षाः कर्तारो दुर्निरूपाः स्फुटगुरुयशसां कर्मणामद्भुतानाम् । शार्ङ्गं बाणं कृपाणं फलकमरिगदे पद्मशङ्खौ सहस्रं बिभ्राणाः शस्त्रजालं मम ददतु हरेर्बाहवो मोहहानिम् ॥ ३३ ॥

જગતનું રક્ષણ કરવું એ જ જેઓનું એક વ્રત છે, પ્રાણીઓમાં અલંકાર સરખા ક્ષત્રિયોને ઉત્પન્ન કરવા જે સમર્થ છે, જેઓનું વર્ણન કરવું મુશ્કેલ છે, પ્રગટ મોટાં યશવાળાં અદ્ભુત કર્મોને જે કરનારા છે અને શાર્ઙ્ગધનુષ, બાણ, તરવાર, ઢાલ, ચક્ર, ગદા, કમળ, શંખ તથા બીજાં હજારો શસ્ત્રોને જે ધારણ કરે છે, તે શ્રીહરિના બાહુઓ મારા મોહનો નાશ કરો. ૩૩

कण्ठाकल्पोद्गतैर्यः कनकमयलसत्कुण्डलोस्रैरुदारैरुद्योतैः कौस्तुभस्याप्युरुभिरुपचितश्चित्रवर्णो विभाति । कण्ठाश्लेषे रमायाः करवलयपदैर्मुद्रिते भद्ररूपे वैकुण्ठीयेऽत्र कण्ठे वसतु

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मम मतिः कुण्ठभावं विहाय ॥ ३४ ॥

ભગવાનનો જે કંઠ, પોતે પહેરેલાં આભૂષણોમાંથી નીકળતા તેજ વડે, સુવર્ણમય તેજસ્વી કુંડળોનાં કિરણો વડે અને કૌસ્તુભમણિના મોટા શ્રેષ્ઠ પ્રકાશ વડે વ્યાપ્ત બની રંગબેરંગી વર્ણવાળો હોય તેવો જણાય છે; અને લક્ષ્મીજી તેમાં આલિંગન કરે છે, તેથી તેમનાં કંકણની નિશાનીઓ પણ તેમાં રહેલી છે, તે કલ્યાણસ્વરૂપ વૈકુંઠનાથના કંઠમાં મારી બુદ્ધિ અસ્ખલિત વાસ કરો. ૩૪

पद्मानन्दप्रदाता परिलसदरुणश्रीपरीताग्रभागः काले काले च कम्बुप्रवरशशधरापूरणे यः प्रवीणः । वक्त्राकाशान्तरस्थस्तिरयति नितरां दन्ततारौघशोभां श्रीभर्तुर्दन्तवासोद्युमणिरघतमोनाशनायास्त्वसौ नः ॥ ३५ ॥

લક્ષ્મીપતિ ભગવાનનો હોઠ બરાબર સૂર્ય જેવો જ છે; સૂર્ય પદ્મ(કમળો)ને આનંદ આપે છે, ત્યારે આ પણ પદ્મા(લક્ષ્મી)ને આનંદ આપે છે; સૂર્યનો અગ્ર ભાગ અરુણની શોભાથી વિલસે છે, ત્યારે આનો અગ્ર ભાગ પણ અરુણ (લાલ) શોભાથી વિલસે છે; સૂર્ય પ્રત્યેક કાળે ચંદ્રને પૂર્ણ કરવા તત્પર રહે છે, ત્યારે આ પણ ઉત્તમ શંખરૂપી ચંદ્રને પૂર્ણ કરવા એટલે વગાડતી વેળા વાયુથી ભરી દેવા તત્પર રહે છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સૂર્ય જેમ આકાશની મધ્યે રહી તારાઓની શોભાને ઢાંકી દે છે, તેમ આ પણ મુખરૂપ આકાશની મધ્યે રહી દાંતરૂપી તારાઓની શોભાને ઢાંકી દે છે; આવો એ હોઠ રૂપી સૂર્ય અમારાં પાપરૂપ અંધકારનો નાશ કરનાર થાઓ. ૩૫

नित्यं स्नेहातिरेकान्निजकमितुरलं विप्रयोगाक्षमाया वक्त्रेंदोरन्तराले कृतवसतिरिवाभाति नक्षत्रराजिः । लक्ष्मीकान्तस्य कान्ताकृतिरतिविलसन्मुग्धमुक्ताफलश्रीदन्ताली सन्ततं सा नतिनुतिनिरतान्रक्षतादक्षता नः ॥ ३६ ॥

લક્ષ્મીપતિ ભગવાનનાં દાંતની પંક્તિ, સુંદર આકૃતિવાળી અને અત્યંત પ્રકાશતા સુંદર મોતીઓના જેવી શોભાવાળી છે; વળી જેમ ઘણા સ્નેહને લીધે પતિ ચંદ્રનો નિત્યવિયોગ સહન કરવા અસમર્થ બનેલી નક્ષત્રોની પંક્તિ, ભગવાનના આ મુખચંદ્રની વચ્ચે આવીને જાણે વસી હોય, તેવી એ દેખાય છે; તે અખંડ દંતપંક્તિ, પ્રણામ અને સ્તુતિ કરવા તત્પર રહેતા અમારું નિરંતર રક્ષણ કરો. ૩૬

ब्रह्मन् ब्रह्मण्यजिह्मां मतिमपि कुरुषे देव सम्भावये त्वां शम्भो शक्र त्रिलोकीमवसि किममरैर्नारदाद्याः सुखं वः । इत्थं सेवावनम्रं सुरमुनिनिकरं वीक्ष्य विष्णोः प्रसन्नस्यास्येन्दोरास्रवन्ती वरवचनसुधा ह्लादयेन्मानसं नः ॥ ३७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હે બ્રહ્મદેવ! તમે તમારી નિષ્કપટ બુદ્ધિને બ્રહ્મધ્યાનમાં સ્થાપો છો ને? હે શંભો! હું તમારું સન્માન કરું છું. હે ઇંદ્ર! તમે ત્રણે લોકનું રક્ષણ કરો છો, તો પછી (જગતના રક્ષણ માટે બીજા) દેવોની શી જરૂર છે? હે નારદાદિ મુનિઓ! તમને સુખ છે છે ને?" એમ સેવા વખતે નમેલા દેવો તથા મુનિઓ-ના સમૂહને જોઈ પ્રસન્ન થયેલા વિષ્ણુ ભગવાનના મુખચંદ્રમાંથી ઝરતું ઉત્તમ વચનામૃત અમારા મનને આનંદ ઉપજાવો. ૩૭

कर्णस्थस्वर्णकम्रोज्ज्वलमकरमहाकुण्डलप्रोतदीप्यन्माणिक्य-श्रीप्रतानैः परिमिलितमलिश्यामलं कोमलं यत् । प्रोद्यत्सूर्यांशु-राजन्मरकतमुकुराकारचोरं मुरारेर्गाढामागामिनीं नो गमयतु विपदं गण्डयोर्मण्डलं तत् ॥ ३८ ॥

ભગવાનનું ગંડસ્થલ (બન્ને બાજુ ગાલના વિભાગો) કાનમાં રહેલાં સોનાનાં સુંદર, ઉજ્જવળ, મકરાકૃતિ, મોટાં કુંડળોમાં જડેલાં પ્રકાશમાન માણેકની કાંતિના વિસ્તારથી ચારે બાજુ છવાયેલું છે; ભમરા જેવું શ્યામ અને કોમળ છે અને ઉદય પામતા સૂર્યનાં કિરણોથી શોભતા મરકતમણિના દર્પણનો આકાર હરનારું છે, તે અમારા પર આવનારી ગાઢ વિપત્તિને દૂર કરો. ૩૮

वक्त्राम्भोजे लसन्तं मुहुरधरमणिं पक्वबिम्बाभिरामं दृष्ट्वा दष्टुं शुकस्य स्फुटमवतरतस्तुण्डदण्डायते नः । घोणः शोणी-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कृतात्मा श्रवणयुगलसत्कुण्डलोस्त्रैर्मुरारेः प्राणाख्यस्यानिलस्य प्रसरणसरणिः प्राणदानाय नः स्यात् ॥ ३९ ॥

ભગવાનના મુખકમળમાં, મણિ જેવો અધરોષ્ઠ અત્યંત શોભી રહ્યો છે; તે પાકાં ગીલોડાં જેવો સુંદર દેખાય છે; તેને જોઈ તેને ખાવા માટે પોપટની આ ચાંચ આવી છે કે શું? એવું મુરારિ ભગવાનનું નાક જણાય છે; કેમ કે તેનો દેખાવ બન્ને કાનમાં શોભતાં કુંડળોનાં કિરણોથી લાલ કરાયો છે; તે ભગવાનનો પ્રાણવાયુને અવર-જવર કરવાનો માર્ગ-તેમનું નાક અમને પ્રાણદાન કરો. ૩૯

दिक्कालौ वेदयन्तौ जगति मुहुरिमौ संचरन्तौ रवीन्दू त्रैलोक्यालोकदीपावभिदधति ययोरेव रूपं मुनीन्द्राः। अस्मानब्जप्रभे ते प्रचुरतरकृपानिर्भरं प्रेक्षमाणे पातामाताम्रशुक्लासितरुचिरुचिरे पद्मनेत्रस्य नेत्रे ॥ ४० ॥

જગતમાં વારંવાર ફરતા આ સૂર્ય-ચંદ્ર દિશા તથા કાળને જણાવે છે અને ત્રૈલોક્યમાં પ્રકાશ કરનારા દીપક જેવા છે; તેઓ બન્નેને મુનીંદ્રો, કમળ-નયન ભગવાનનાં બન્ને નેત્રોનું જ સ્વરૂપ કહે છે; એ બન્ને નેત્રો, કમળ જેવી શોભાવાળાં છે, અતિ પુષ્કળ કૃપાથી જુએ છે અને લગાર લાલ, ધોળી તથા કાળી કાંતિથી સુંદર છે; અમારું રક્ષણ કરો. ૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लक्ष्माकारालकालिस्फुरदलिकशशाङ्कार्धसन्दर्शमीलन्नेत्राम्भोजप्रबोधोत्सुकनिभृततरालीनभृंगच्छदाभे । लक्ष्मीनाथस्य लक्षीकृतविबुधगणापाङ्गबाणासनार्धच्छाये नो भूतिभूरिप्रसवकुलशते भ्रूलते पालयेताम् ॥ ४१ ॥

કેશની પંક્તિ, જેમાં લાંછન જેવી જણાય છે, એવા લલાટરૂપ અર્ધચંદ્રને પ્રકાશતો જોઈ બન્ને નેત્રોરૂપ કમળ જાણે મિંચાઈ જાય છે; એટલે તેના વિકાસ માટે ઉત્સુક થઈ અતિ શાંત બેઠેલી આ સુંદર ભ્રમરમાળા છે કે શું? એવી જે દેખાય છે; તેમ જ દેવગણોનું લક્ષ્ય કરનારાં કટાક્ષરૂપ બાણો માટે આ બે ધનુષ્યો છે કે શું? તેવી જે શોભે છે; અને સેંકડો સંપત્તિઓનાં કુળને જે ઉત્પન્ન કરે છે, તે લક્ષ્મીનાથ ભગવાનની બન્ને ભ્રૂકુટી, અમારું રક્ષણ કરો. ૪૧

पातात्पातालपातात्पतगपतिगतेर्भ्रूयुग भुग्नमध्यं येनेषच्चालितेन स्वपदनियमिताः सासुरा देवसंघाः । नृत्यल्लालाटरंगे रजनिकरतनोरर्धखंडावदाते कालव्यालद्वयं वा विलसति समया बालिकामातरं नः ॥ ४२ ॥

ગરુડવાહન-ભગવાનની બન્ને ભમ્મર, ચંદ્રમંડળના અર્ધખંડ જેવા ઉજ્જવળ લલાટરૂપી રંગભૂમિ પર, કેશપંક્તિરૂપ માતાની પાસે, જાણે બે કાળસર્પો નાચે છે કે શું? એવી શોભે છે; વળી જેના લગાર ચાલવાથી

૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસુરો સહિત દેવસંઘો, પોતપોતાના પદે નિયમિત રહે છે, તે વક્રમધ્યવાળું ભગવાનનું ભ્રૂયુગલ, અમને નરકમાં પડતાં બચાવો. ૪૨

रूक्षस्मारेक्षुचापच्युतशरनिकरक्षीणलक्ष्मीकटाक्षप्रोत्फुल्लत्पद्ममालाविलसितमहितस्फाटिकेशानलिंगम् । भूयाद्भूयो विभूत्यै मम भुवनपतेर्भ्रूलताद्वंद्वमध्यादुत्थं तत्पुंड्रमूर्ध्वं जनिमरणतमःखंडनं मंडनं च ॥ ४३ ॥

રૂક્ષ શેલડીરૂપ કામદેવના ધનુષમાંથી છૂટેલાં બાણોના સમૂહ વડે દુબળાં થયેલા લક્ષ્મીના કટાક્ષોરૂપી પ્રફુલ્લ કમળમાળાના વિલાસોથી જેણે સ્ફટિક મણિનું શિવલિંગ પૂજ્યું છે; એ ભુવનપતિ–ભગવાનની બન્ને ભમ્મરની વચ્ચે ઉત્પન્ન થયેલું, જન્મ–મરણરૂપ અંધકારનો નાશ કરનારું અને શણગારરૂપ તેમનું ઊર્ધ્વ તિલક, મને પુષ્કળ સંપત્તિ આપનારું થાઓ. ૪૩

पीठीभूतालकान्ते कृतमुकुटमहादेवलिंगप्रतिष्ठे लालाटे नाट्यरंगे विकटतरतटे कैटभारेश्चिराय । प्रोद्घाट्यैवात्मतंद्रीप्रकटपटकुटीं प्रस्फुरन्तीं स्फुटांगं पट्वीयं भावनाख्यां चटुलमतिनटी नाटिकां नाटयेन्नः ॥ ४४ ॥

અમારી ચપળ બુદ્ધિરૂપી આ હોશિયાર નટી, આત્માની તંદ્રારૂપ ખુલ્લા તંબૂને ઉઘાડી નાખી, અત્યંત સ્પષ્ટ રીતે પ્રકાશતી ભાવના નામની નાટિકાને, ભગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાનના વિશાળ લલાટરૂપ નાટ્યભૂમિ (થીએટર) પર લાંબા કાળ સુધી ભજવ્યા કરો; કે જે નાટ્યભૂમિના પાયારૂપે ભગવાનના કેશના છેડા છે અને જેના મુકુટ ઉપર મહાદેવના લિંગની પ્રતિષ્ઠા કરાયેલી છે. ૪૪

मालालीवालिधाम्नः कुवलयकलिता श्रीपतेः कुंतलाली कालिन्द्यारुह्य मूर्ध्नो गलति हरशिरःस्वर्धुनीस्पर्धया नु। राहुर्वा याति वक्त्रं सकलशशिकलाभ्रान्तिलोलान्तरात्मा लोकैरालोच्यते या प्रदिशतु सकलैः साखिलं मंगलं नः ॥ ४५ ॥

ભમરા જેવી શ્યામ કાંતિવાળા ભગવાનની કેશ-પંક્તિ, કાળાં કમળોની બનાવેલી માળાઓની હાર છે કે શું? અથવા શંકરના મસ્તક પરથી ગંગા વહે છે, માટે તેની સ્પર્ધા કરી યમુના નદી ભગવાનના મસ્તક-પર ચઢી વહે છે કે શું? અથવા પૂર્ણ ચંદ્રકળાની ભ્રાંતિથી જેનું મન ચપળ બન્યું છે એવો આ રાહુ (ભગવાનના) મુખચંદ્ર તરફ જાય છે કે શું? એમ બધા લોકો જેના સંબંધે વિચાર કરે છે; તે કેશપંક્તિ, અમને સમગ્ર મંગલ આપો. ૪૫

सुप्ताकाराः प्रसुप्ते भगवति विबुधैरप्यदृष्टस्वरूपा व्याप्तव्योमांतरालास्तरलरुचिजलारंजिताः स्पष्टभासः। देहच्छायोद्गमाभा रिपुवपुरगुरुप्लोषरोषाग्निधूम्याः केशाः केशिद्विषो नो विदधतु विपुलक्लेशपाशप्रणाशम् ॥ ४६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન સૂઈ જાય છે, ત્યારે જેઓનો આકાર સૂઈ ગયા જેવો હોય છે; જેઓનું સ્વરૂપ દેવોએ પણ જોયું નથી; આકાશનો મધ્યભાગ જેઓએ વ્યાપ્ત કર્યો છે, ચળકતી કાંતિરૂપી જળથી ચોપાસ રંગાયેલા, સ્પષ્ટ પ્રભાવાળા, શરીરની (કાળી) કાંતિ જાણે ઊગી નીકળી હોય તેવા જણાતા અને શત્રુઓનાં શરીરરૂપ અગરને બાળનાર રોષરૂપી અગ્નિના ધૂમાડા સરખા કેશિશત્રુ–ભગવાનના કેશ, અમારા મોટા ક્લેશરૂપી પાશનો અત્યંત નાશ કરો. ૪૬

यत्र प्रत्युप्तरत्नप्रवरपरिलसद्भूरिरोचिः–प्रतानस्फूर्त्यां मूर्तिर्मुरारेर्द्युमणिशतचितव्योमवद्दुर्निरीक्ष्या । कुर्वत्पारेपयोधि ज्वलदकृतमहाभास्वदौर्वाग्निशंकां शश्वन्नः शर्म दिश्यात्कलिकलुषतमःपाटनं तत्किरीटम् ॥ ४७ ॥

ભગવાનના મુકુટમાં અતિ ઉત્તમ રત્નો જડેલાં છે; તેમાંથી ઝબકતી મોટી કાંતિની પરંપરા છૂટે છે; તેથી મુરારિ ભગવાનનું શરીર સેંકડો સૂર્યથી છવાયેલા આકાશની પેઠે મુશ્કેલીએ જોઈ શકાય છે; વળી જે મુકુટ આવી શંકા ઉપજાવે છે, કે સમુદ્રના તીર પર મોટી પ્રભાવાળો સ્વાભાવિક વડવાનળ શું સળગી રહ્યો છે! કલિયુગની મલિનતારૂપ અંધકારનો નાશ કરનારો તે મુકુટ, અમને નિરંતર સુખ આપો. ૪૭

भ्रान्त्वा भ्रान्त्वा यदंतस्त्रिभुवनगुरुरप्यद्धकोटीरनेका गन्तुं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नान्तं समर्थो भ्रमर इव पुनर्नाभिनालीकनालात् । उन्मज्जन्नूर्जितश्रीस्त्रिभुवनमपरं निर्ममे तत्सदृक्षं देहांभोधिः स देयान्निरवधिरमृतं दैत्यविद्वेषिणो नः ॥ ४८ ॥

ત્રણે ભુવનોના ગુરુ-બ્રહ્મા પણ (ભગવાનની) નાભિમાં (ઊગેલા) કમળના નાળના માર્ગે થઈ ભમરાની પેઠે જેની અંદર અનેક કરોડો વર્ષો સુધી ભમીભમી છેડે પહોંચવા સમર્થ થયા ન હતા; પછી તે જ કમળના નાળના માર્ગે ફરી ઉપર આવી (ભગવાનની આજ્ઞા પ્રમાણે તપ કરી) મહા સામર્થ્યસંપત્તિ પ્રાપ્ત કરી (એ બ્રહ્મદેવે), તેના જેવું જ બીજું (આ) ત્રિભુવન સર્જ્યું હતું; તે દૈત્યશત્રુ-ભગવાનનો અપાર દેહસમુદ્ર, અમને અમૃત (અમરભાવ-મોક્ષ) આપો. ૪૮

मत्स्यः कूर्मो वराहो नरहरिणपतिर्वामनो जामदग्न्यः काकुत्स्थः कंसघाती मनसिजविजयी यश्च कल्की भविष्यन् । विष्णोरंशावतारा भुवनहितकरा धर्मसंस्थापनार्थाः पायासुर्मां त एते गुरुतरकरुणाभारखिन्नाशया ये ॥ ४९ ॥

મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, શ્રીરામચંદ્ર, શ્રીકૃષ્ણ, બુદ્ધદેવ અને ભવિષ્યનો કલ્કી-આ દશ વિષ્ણુ ભગવાનના અંશાવતારો ભુવનના હિતકારી છે, ધર્મની સ્થાપના માટે છે અને ઘણી જ મોટી કરુણાના સમૂહથી વ્યાપ્ત આશયવાળા છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ મારી રક્ષા કરો. ૪૯

यस्माद्वाचो निवृत्ताः सममपि मनसा लक्षणामीक्षमाणाः स्वार्थालाभात्परार्थव्यपगमकथनश्लाघिनो वेदवादाः । नित्यानंदं स्वसंविन्निरवधिममृतं स्वान्तसंक्रांतबिंबच्छायापत्त्यापि नित्यं सुखयति यमिनो यत्तदव्यान्महो नः ॥ ५० ॥

જ્યાંથી વાણી મન સાથે પાછી ફરી છે; વેદવચનો પણ જેનો સ્વાર્થ (વાચ્યાર્થ) નહિ મળવાથી લક્ષણાનો આશ્રય કરે છે અને (જે સિવાયની) બીજી વસ્તુને દૂર કરવાનું કહી જેની પ્રશંસા કરે છે; વળી જે નિત્ય આનંદરૂપ, સ્વાનુભવસ્વરૂપ, અવધિ રહિત, અમર અને પોતાના અંતઃકરણમાં પ્રતિબિંબિત થયેલા બિંબની માત્ર છાયારૂપે જ પ્રાપ્ત થાય છે, તોપણ યોગીઓને નિત્ય સુખ ઉપજાવે છે; એ (આત્મપ્રકાશરૂપ) તેજ અમારું રક્ષણ કરો. ૫૦

आ पादादा च शीर्ष्णो वपुरिदमनघं वैष्णवं यः स चित्ते धत्ते नित्यं निरस्ताखिलकलिकलुषे संततांतःप्रमोदः । जुह्वज्जिह्वाकृशानौ हरिचरितहविःस्तोत्रमंत्रानुपाठैस्तत्पादांभोरुहाभ्यां सततमपि नमस्कुर्महे निर्मलाभ्याम् ॥ ५१ ॥

એમ ચરણથી માંડી મસ્તક સુધી વિષ્ણુના આ નિર્દોષ શરીરને જે મનુષ્ય, કલિયુગના સમગ્ર દોષોથી દૂર થયેલા ચિત્તમાં નિત્ય ધારણ કરે છે; અને શ્રી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિના ચરિત્રરૂપી હવિષને સ્તોત્રોરૂપી મંત્રોના પાઠ પૂર્વક જીભરૂપી અગ્નિમાં જે હોમે છે, તેના નિર્મળ બન્ને ચરણકમળને અમે નિરંતર નમસ્કાર કરીએ છીએ. ૫૧

૯ : આનંદલહરી

भवानि स्तोतुं त्वां प्रभवति चतुर्भिर्न वदनैः प्रजाना-मीशानस्त्रिपुरमथनः पंचभिरपि । न षड्भिः सेनानीर्दशशत-मुखैरप्यहिपतिस्तदान्येषां केषां कथय कथमस्मिन्नवसरः ॥ १ ॥

હે ભવાનિ! પ્રજાઓના ઇશ્વર બ્રહ્મા ચાર મુખો વડે, ત્રિપુરારિ–શંકર પાંચ મુખો વડે, સેનાનાયક–કાર્તિક-સ્વામી છ મુખો વડે અને સર્પરાજ–શેષનાગ હજાર મુખો વડે પણ આપની સ્તુતિ કરવા સમર્થ નથી, તો એ માટે બીજા કોનું સામર્થ્ય હોઈ શકે? તે આપ કહો. ૧

घृतक्षीरद्राक्षामधुमधुरिमा कैरपि पदैर्विशिष्यानाख्येयो भवति रसनामात्रविषयः । तथा ते सौंदर्यं परमशिवदृङ्मात्र-विषयः कथंकारं ब्रूमः सकलनिगमागोचरगुणे ॥ २ ॥

હે સકળ વેદોને અવિષય ગુણવાળાં દેવિ! જેમ ઘી, દૂધ, દ્રાક્ષ અને મધની મીઠાશ કોઈ પણ પદોથી ખાસ વર્ણવી શકાતી નથી; કેમ કે તે માત્ર જીભનો જ વિષય છે; તે જ પ્રમાણે તમારું સૌંદર્ય માત્ર પરમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવ–શંકરની જ દૃષ્ટિનો વિષય છે, તેનું અમે વર્ણન કેવી રીતે કરી શકીએ? ૨

मुखे ते तांबूलं नयनयुगले कज्जलकला ललाटे काश्मीरं विलसति गले मौक्तिकलता। स्फुरत्कांची शाटी पृथुकटितटे हाटकमयी भजामस्त्वां गौरीं नगपतिकिशोरीमविरतम् ॥ ३ ॥

આપના મુખમાં તાંબૂલ, બન્ને નેત્રોમાં કાજળનું આંજણ, લલાટમાં કેસરનું તિલક, ગળામાં મોતીની માળા અને વિશાળ કેડના કિનારે ઝળકતો કંદોરો તથા સાડી શોભે છે; આવાં હિમાલયકન્યા આપ ગૌરીને અમે નિરંતર ભજીએ છીએ. ૩

विराजन्मंदारद्रुमकुसुमहारस्तनतटी नदद्वीणानादश्रवण-विलसत्कुंडलगुणा। नतांगी मातंगीरुचिरगतिभंगी भगवती सती शंभोरंभोरुहचटुलचक्षुर्विजयते ॥ ४ ॥

કલ્પવૃક્ષનાં પુષ્પોનો હાર જેમના સ્તન સમીપ શોભી રહ્યો છે, વાગતી વીણાનો અવાજ સાંભળવાથી (આનંદને લીધે ડોલતા મસ્તકથી) જેમનાં કુંડલો ડોલી રહ્યાં છે, તે કમળ જેવાં ચપળ નેત્રોવાળાં, નમેલાં અંગવાળાં, હાથણી જેવી સુંદર ગતિએ ચાલતાં શંકરપત્ની ભગવતી સતી–દેવી વિજય પામે છે.૪

नवीनार्कभ्राजन्मणिकनकभूषापरिकरैर्वृतांगी सारंगीरुचि-रनयनांगीकृतशिवा। तडित्पीता पीताम्बरललितमंजीरसुभगा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ममापर्णा पूर्णा निरवधिसुखैरस्तु सुमुखी ॥ ५ ॥

નવીન સૂર્ય જેવાં પ્રકાશતાં મણિજડિત સુવર્ણનાં આભૂષણોથી વ્યાપ્ત અંગવાળાં, મૃગલી જેવાં સુંદર નેત્રો વડે શંકરનો સ્વીકાર કરનારાં, વીજળી જેવાં પીળાં, પીતાંબર વસ્ત્રો તથા સુંદર ઝાંઝર વડે મનોહર અને સુંદર મુખવાળાં અપર્ણા-પાર્વતી દેવી, મને નિરવધિ સુખો વડે પૂર્ણ કરનારાં થાઓ. ૫

हिमाद्रेः संभूता सुललितकरैः पल्लवयुता सुपुष्पा मुक्ताभिर्भ्रमरकलिता चालकभरैः । कृतस्थाणुस्थाना कुचफलनता सूक्तिसंरसा रुजां हंत्री गंत्री विलसति चिदानंदलतिका ॥ ६ ॥

હિમાલયથી ઉત્પન્ન થયેલી, અતિ સુંદર હાથ રૂપી કુંપળવાળી, મોતીઓરૂપી સુંદર પુષ્પોવાળી, કેશરૂપી ભમરાથી યુક્ત, સ્થાણુ(શિવરૂપ વૃક્ષ)નું આશ્રયસ્થાન કરનારી, સ્તનરૂપ ફળ વડે નમેલી, સુંદર ભાષણરૂપ રસવાળી અને (જન્મમરણરૂપ) રોગોનો નાશ કરનારી જંગમ ચિદાનંદલતા-ભગવતી, (મારા મનરૂપ બગીચામાં) નિત્ય ઝૂકી રહી છે. ૬

सपर्णामाकीर्णां कतिपयगुणैः सादरमिह श्रयन्त्यन्ये वल्लीं मम तु मतिरेवं विलसति। अपर्णैका सेव्या जगति सकलैर्यत्परिवृतः पुराणोऽपि स्थाणुः फलति किल कैवल्यपदवीम् ॥ ७ ॥

આ જગતમાં કેટલાંક મનુષ્યો પાંદડાંથી ભરેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કેટલાંક ગુણોથી વ્યાપ્ત એવી વેલડીનો આદર સાથે આશ્રય કરે છે, પણ મારી બુદ્ધિ તો આમ જ પસંદ કરે છે, કે એકલાં અપર્ણા-(પાંદડાં વિનાની) -વેલી-પાર્વતીનું જ સઘળાઓએ જગતમાં સેવન કરવું; કે જેનાથી વીંટાયલા એ પુરાણા છતાં સ્થાણુ (ઠૂંઠું ઝાડ)—શંકર દેવ, કૈવલ્ય-પદવી—મોક્ષરૂપ ફળને અર્પણ કરે છે. ૭

विधात्री धर्माणां त्वमसि सकलाम्नायजननी त्वमर्थानां मूलं धनदनमनीयांघ्रिकमले। त्वमादिः कामानां जननि कृतकंदर्पविजये सतां भक्तेर्बीजं त्वमसि परमब्रह्ममहिषी ॥ ८ ॥

જેમનાં ચરણકમળ કુબેરને પણ નમવાયોગ્ય છે, એવાં હે જનનિ! તમે ધર્મોને રચનારાં છો, સમગ્ર શાસ્ત્રોનાં ઉત્પન્ન કરનારાં માતા છો અને અર્થો(ધનાદિ પદાર્થો)નું મૂળ છો. હે કામદેવનો વિજય કરનારાં! તમે કામનાઓનું આદિકારણ છો, સજ્જનોની ભક્તિનું બીજ છો અને પરમ બ્રહ્મ(શંકર)નાં પટ્ટરાણી છો. ૮

प्रभूता भक्तिस्ते यदपि न ममालोलमनसस्त्वया तु श्रीमत्या सदयमवलोक्योऽहमधुना। पयोदः पानीयं दिशति मधुरं चातकमुखे भृशं शंके कैर्वा विधिभिरनुनीता मम मतिः ॥

હું ચંચળ મનવાળો છું; તેથી મારામાં આપના તરફની પુષ્કળ ભક્તિ જો કે નથી, તોપણ આપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમતીએ, મને હવે દયાયુક્ત દૃષ્ટિથી જ જોવા યોગ્ય છે. મને ઘણી જ શંકા થાય છે, કે એવા કયા ઉપાયો કરવા પડે છે, કે જેથી મેઘ, ચાતક પક્ષીના મુખમાં મધુર પાણી આપે છે? (કોઈ પણ ઉપાય કર્યા વિના જ મેઘ, બપૈયાના મોઢામાં મીઠું પાણી રેડે છે, તે જ પ્રમાણે આપે મારા પર દયાદૃષ્ટિ કરવી જોઈએ.) અથવા મારી બુદ્ધિ પણ કેવળ આપની પાછળ જ લાગી છે, તેમાં કયા ઉપાયો કરવાની જરૂર પડી છે? (કોઈ જ નહિ, સ્વાભાવિક રીતે જ મેં આપનું શરણ સ્વીકાર્યું છે.) ૯

कृपापांगालोकं वितर तरसा साधुचरिते न ते युक्तोपेक्षा मयि शरणदीक्षामुपगते । न चेदिष्टं दद्यादनुपदमहो कल्पलतिका विशेषः सामान्यैः कथमितरवल्लीपरिकरैः ॥ १० ॥

હે ઉત્તમ ચરિત્રવાળાં દેવિ! હું આપના શરણની જ દીક્ષા લઈ બેઠો છું, માટે જલદી કૃપાકટાક્ષયુક્ત આપનું દર્શન મને આપો; મારી ઉપેક્ષા કરવી આપને યોગ્ય નથી; અહો! આશ્ચર્યની વાત છે, કે કલ્પલતા પણ ડગલે ને પગલે જો ઇષ્ટ વસ્તુ ન આપે, તો બીજી સામાન્ય વેલડીઓમાં અને તેમાં વિશેષ (તફાવત) શો? ૧૦

महान्तं विश्वासं तव चरणपंकेरुहयुगे निधायान्यन्नैवाश्रितमिह मया दैवतमुमे । तथापि त्वच्चेतो यदि मयि न जायेत

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सदयं निरालंबो लंबोदरजननि कं यामि शरणम् ॥ ११ ॥

હે ઉમાદેવિ! આપનાં બન્ને ચરણકમળોમાં મેં મોટો વિશ્વાસ મૂકયો છે અને તેથી જ મેં બીજા કોઈ દેવનો આશ્રય કર્યો નથી; છતાં આપનું ચિત્ત, મારા પર જો દયાળુ ન બને, તો હે ગણેશનાં જનનિ! નિરાધાર બનેલો હું કોને શરણે જાઉં? ૧૧

अयः स्पर्शे लग्नं सपदि लभते हेमपदवीं यथा रथ्या-पाथः शुचि भवति गंगौघमिलितम्। तथा तत्तत्पापैरतिमलिन-मंतर्मम यदि त्वयि प्रेम्णा सक्तं कथमिव न जायेत विमलम् ॥

લોઢું સ્પર્શકાંત મણિને અડકે છે, કે તુરત જ સોનાની પદવીને પામે છે; અને શેરીનું પાણી ગંગાના પ્રવાહમાં મળે છે, કે તુરત પવિત્ર થાય છે; તે જ પ્રમાણે હે દેવિ! મારું મન તે તે પાપોથી અત્યંત મલિન છે; તો પણ આપ વિષે પ્રેમથી આસક્ત બન્યું છે, તો એ નિર્મળ કેમ નહિ થાય? ૧૨

त्वदन्यस्मादिच्छाविषयफललाभेन नियमस्त्वमर्थानामि-च्छाधिकमपि समर्था वितरणे। इति प्राहुः प्रांचः कमलभवना-द्यास्त्वयि मनस्त्वदासक्तं नक्तंदिवमुचितमीशानि कुरु तत् ॥ १३ ॥

હે ઈશ્વરિ! તમારા સિવાય બીજા પાસેથી ઇચ્છાનાં વિષયરૂપ ફળ મેળવવા મારે નિયમ છે; (હું બીજા પાસેથી મારું ઇચ્છિત મેળવવા માગતો જ નથી.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેમ કે તમે ઇચ્છાથી અધિક પદાર્થો આપવા સમર્થ છો, એમ પૂર્વકાળના બ્રહ્મા વગેરે કહે છે; (એ ઉપરની શ્રદ્ધાથી) મારું મન રાત-દિવસ તમારામાં આસક્ત બન્યું છે, તો જે યોગ્ય લાગે તે કરો. ૧૩

स्फुरन्नानारत्नस्फटिकमयभित्तिप्रतिफलत्त्वदाकारं चंच-च्छशधरविलासौधशिखरम् । मुकुंदब्रह्मेंद्रप्रभृतिपरिवारं विजयते तवागारं रम्यं त्रिभुवनमहाराजगृहिणि ॥ १४ ॥

હે ત્રિભુવનના મહારાજા(શંકર)નાં પત્નિ! તમારા ઘરમાં અનેક જાતનાં રત્નો પ્રકાશી રહ્યાં છે અને તેની ભીંતો સ્ફટિક-મણિમય છે; તેથી તેમાં આપનું સ્વરૂપ પ્રતિબિંબિત રહ્યા જ કરે છે; વળી તે ઘરનું શિખર (કાયમ માટે) ચંદ્રના પ્રકાશથી પ્રકાશી રહ્યું છે અને તેમાં વિષ્ણુ, બ્રહ્મા તથા ઇંદ્ર વગેરે તો પરિવારરૂપે (હાજર જ) રહે છે; આવું રમણીય એ ઘર (જગતમાં સર્વોત્કૃષ્ટ તરીકે) વિજય પામે છે. ૧૪

निवासः कैलासे विधिशतमखाद्याः स्तुतिकराः कुटुंबं त्रैलोक्यं कृतकरपुटः सिद्धिनिकरः । महेशः प्राणेशस्तदवनिध्र-राधीशतनये न ते सौभाग्यस्य क्वचिदपि मनागस्ति तुलना ॥

હે ગિરિરાજ-હિમાલયનાં પુત્રિ! આપનું રહેઠાણ કૈલાસ છે; બ્રહ્મા, ઇન્દ્ર વગેરે તો આપની સ્તુતિ કર-નારા છે; ત્રણે લોક આપનું કુટુંબ છે; સિદ્ધિઓનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુદાય બે હાથ જોડી આપની સામે હાજર રહે છે; અને ખુદ મહેશ્વર આપના પ્રાણપતિ છે; ખરેખર! આપના સૌભાગ્યની તુલના કોઈ સ્થળે લગારે થઈ શકે તેમ નથી. ૧૫

वृषो वृद्धो यानं विषमशनमाशा निवसनं श्मशानं क्रीडा-भूर्भुजगनिवहो भूषणनिधिः । समग्रा सामग्री जगति विदितैव स्मररिपोर्यदेतस्यैश्वर्यं तव जननि सौभाग्यमहिमा ॥ १६ ॥

શંકરનું વાહન પોઠિયો ઘરડો છે, તેમનો ખોરાક ઝેર છે, વસ્ત્રો દિશાઓ છે, શ્મશાન ક્રીડા કરવાનું સ્થળ છે અને સર્પોનો સમુદાય તેમનાં આભૂષણોનો ભંડાર છે; આવી તેમની બધી સામગ્રી (હલકામાં હલકી) જગતમાં જાણીતી જ છે; છતાં તેમની પાસે (આઠે પ્રકારનું) ઐશ્વર્ય હાજર રહે છે અથવા જગતમાં તેમનું ઈશ્વરપણું મનાય છે; આનું કારણ હે જનનિ! આપના સૌભાગ્યનો મહિમા જ છે. (બીજું કંઈ નથી; આપને લીધે જ શંકર વિશ્વમાં મહેશ્વર મનાય છે, નહિ તો એમનામાં શું છે?) ૧૬

अशेषब्रह्मांडप्रलयविधिनैसर्गिकमतिः श्मशानेष्वासीनः कृतभसितलेपः पशुपतिः । दधौ कंठे हालाहलमखिलभूगोल-कृपया भवत्याः संगत्याः फलमिति च कल्याणि कलये ॥१७॥

શંકરની સ્વાભાવિક બુદ્ધિ સમગ્ર બ્રહ્માંડોનો પ્રલય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવામાં જ તત્પર રહે છે; શ્મશાનોમાં તે પડી રહે છે; ભસ્મનું વિલેપન લગાવે છે; અને પશુઓના તે પતિ કહેવાય છે; છતાં તેમણે સમગ્ર ભૂમંડળ ઉપર કૃપા કરી (પોતાનું નૈસર્ગિક રુદ્રપણું ત્યજી અત્યંત દયાળુ થઈ ને) કંઠમાં જે હળાહળ ઝેર ધારણ કર્યું (લોક-કલ્યાણ માટે વિષ પીધું) તે, હે કલ્યાણિ! આપની સંગતિનું જ ફળ છે, એમ હું માનું છું. ૧૭

त्वदीयं सौन्दर्यं निरतिशयमालोक्य परया भियैवासीद्गंगा जलमयतनुः शैलतनये । तदेतस्यास्ताम्यद्वदनकमलं वीक्ष्य कृपया प्रतिष्ठामातेने निजशिरसि वासेन गिरिशः ॥ १८ ॥

હે પર્વતપુત્રિ! તમારું નિરતિશય સૌંદર્ય જોઈ ગંગાજી અત્યંત ભયને લીધે જ જળમય શરીરવાળાં બન્યાં છે! (નહિ તો ગંગાજીનું શરીર જળમય હતું જ ક્યાં?) પછી એ ગંગાજીનું મુખકમળ અત્યંત દુઃખી–દીન જોઈ શંકરને તેમના પર દયા આવી; તેથી જ તેમણે પોતાના મસ્તક પર તેમને વાસ આપ્યો; અને એમ કરી જગતમાં તેમની પ્રતિષ્ઠા ફેલાવી. ૧૮

विशालश्रीखंडद्रवमृगमदाकीर्णघुसृणप्रसूनव्यामिश्रं भगवति तवाभ्यंगसलिलम् । समादाय स्रष्टा चलितपदपांसून्निजकैः समाधत्ते सृष्टिं विबुधपुरपंकेरुहदृशाम् ॥ १९ ॥

હે ભગવતિ! પુષ્કળ સુખડનો રસ તથા કસ્તુરીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાસ અને કેસર તથા પુષ્પોથી મિશ્ર આપનું મર્દન-જળ અને આપના ચલિત ચરણોની રજને પોતાના હાથમાં લઈ (તે દ્વારા સામર્થ્ય મેળવીને) બ્રહ્મા, દેવ-નગરની સ્ત્રીઓની સૃષ્ટિને સરજે છે. ૧૯

वसंते सानंदे कुसुमितलताभिः परिवृते स्फुरन्नानापद्मे सरसि कलहंसालिसुभगे । सखीभिः खेलन्तीं मलयपवनांदोलितजलैः स्मरेद्यस्त्वां तस्य ज्वरजनितपीडाऽपसरति ॥ २० ॥

વસંતઋતુમાં પુષ્પયુક્ત વેલડીઓથી ચારે બાજુ વિંટાયેલા, અનેક જાતનાં વિકસિત કમળોથી યુક્ત અને હંસો તથા ભમરાઓથી સુંદર એવા સરોવરમાં, મલયાચળના (દક્ષિણના) પવનથી ડોલતા પાણી વડે આનંદ-પૂર્વક ક્રીડા કરતાં આપનું જે મનુષ્ય સ્મરણ કરે છે, તેની તાવની પીડા દૂર થાય છે. ૨૦

૧૦ : ત્રિપુર-સુંદરી-સ્તોત્રમ્

कदंबवनचारिणीं मुनिकदंबकादंबिनीं नितंबजितभूधरां सुरनितंबिनीसेविताम् । नवांबुरुहलोचनामभिनवांबुदश्यामलां त्रिलोचनकुटुंबिनीं त्रिपुरसुंदरीमाश्रये ॥ १ ॥

કદંબના વનમાં ફરનારાં, મુનિઓરૂપ કદંબવૃક્ષોને (વિકસિત અને આનંદિત કરવામાં) મેઘમાળા સમાન, નિતંબ પ્રદેશ વડે પર્વતને જીતનારાં, દેવોની સ્ત્રીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડે સેવાયલાં, નવાં કમળ સમાન નેત્રોવાળાં અને નવા મેઘસમાન શ્યામ વર્ણવાળાં શંકરપત્ની ત્રિપુરસુંદરીનો હું આશ્રય કરું છું. ૧

कदंबवनवासिनीं कनकवल्लकीधारिणीं महार्हमणिहारिणीं मुखसमुल्लसद्वासिनीम् । दयाविभवकारिणीं विशदलोचनीं चारिणीं त्रिलोचनकुटुंबिनीं त्रिपुरसुंदरीमाश्रये ॥ २ ॥

કદંબના વનમાં વસનારાં, સોનાની વીણા ધારણ કરતાં, મહા કીમતી મણિઓના હાર પહેરનારાં, મુખની સુગંધને સારી રીતે ફેલાવતાં, દયાની વૃદ્ધિને કરનારાં, સ્વચ્છ નેત્રવાળાં અને (ભક્તોના કલ્યાણ માટે) ફરતાં શિવપત્ની ત્રિપુરસુંદરીનો હું આશ્રય કરું છું. ૨

कदंबवनशालया कुचभरोल्लसन्मालया कुचोपमितशैलया गुरुकृपालसद्वेलया । मदारुणकपोलया मधुरगीतवाचालया कयापि घननीलया कवचिता वयं लीलया ॥ ३ ॥

કદંબના વનમાં શોભી રહેલાં, સ્તનમંડળ ઉપર દીપતી માળાવાળાં, સ્તન વડે પર્વતની ઉપમાવાળાં, મોટી કૃપાની પ્રદીપ્ત અવધિરૂપ, મદ વડે લાલ રંગના ગાલવાળાં, મધુર ગીતને ગાતાં અને મેઘ જેવાં શ્યામ કોઈ અવર્ણનીય લીલાસ્વરૂપ-ત્રિપુરસુંદરી વડે અમે બખ્તરધારી (સુરક્ષિત) છીએ. ૩

कदंबवनमध्यगां कनकमंडलोपस्थितां षडंबुरुहवासिनीं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सततसिद्धसौदामिनीम्। विडंबितजपारुचिं विकचचंद्रचूडामणिं त्रिलोचनकुटुंबिनीं त्रिपुरसुंदरीमाश्रये ॥ ४ ॥

કદંબના વનની વચ્ચે રહેલાં, સુવર્ણની પીઠ પર ઊભેલાં, ૭ સંખ્યાવાળાં કમળોની સુગંધવાળાં, સદા કાળસિદ્ધ વીજળી સરખાં, જાસુદના પુષ્પની કાંતિનું અનુકરણ કરતાં અને તેજસ્વી ચંદ્રને મુકુટના મણિ-રૂપે ધારણ કરતાં શિવપત્ની ત્રિપુરસુંદરીનો હું આશ્રય કરું છું. ૪

कुचांचितविपंचिकां कुंटिलकुंतलालंकृतां कुशेशयनिवासिनीं कुटिलचित्तविद्वेषिणीम्। मदारुणविलोचनां मनसिजारिसंमोहिनीं मतंगमुनिकन्यकां मधुरभाषिणीमाश्रये ॥ ५ ॥

સ્તન ઉપર વીણાને ધારણ કરતાં, વાંકડીયા કેશ વડે સુશોભિત, કમળમાં વસનારાં, કુટિલ ચિત્તવાળાં મનુષ્યોનો અત્યંત દ્વેષ કરનારાં, મદ વડે લાલ નેત્રોવાળાં, કામરૂપી શત્રુને મોહ ઉપજાવનારાં અને મધુર ભાષણ કરતાં મતંગ–મુનિની કન્યા–ત્રિપુરસુંદરીનો હું આશ્રય કરું છું ૫

स्मेरत्प्रथमपुष्पिणीं रुधिरबिंदुनीलांबरां गृहीतमधुपात्रिकां मधुविघूर्णनेत्रांचलाम्। घनस्तनभरोन्नतां गलितचूलिकां श्यामलां त्रिलोचनकुटुंबिनीं त्रिपुरसुंदरीमाश्रये ॥ ६ ॥

પ્રથમ પુષ્પવાળાં, લોહીનાં બિંદુઓ વડે શ્યામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્ત્રવાળાં, મદ્યપાત્રને ગ્રહણ કરનારાં અને મદ્યપાનને લીધે (મદથી) ઘેરાયલાં નેત્રોના છેડાવાળાં ત્રિપુરસુંદરીનું સ્મરણ કરવું. મોટાં સ્તનરૂપ ભારથી ઉન્નત અને જેમના મસ્તકની કલગી ગળી પડી છે, એવાં સોળ વર્ષની વયનાં શિવપત્ની ત્રિપુરસુંદરીનો હું આશ્રય કરું છું. ૬

सकुंकुमविलेपनामलकचुंबिकस्तूरिकां समंदहसितेक्षणां सशरचापपाशांकुशाम्। अशेषजनमोहिनीमरुणमाल्यभूषांबरां जपाकुसुमभासुरां जपविधौ स्मराम्यंबिकाम् ॥ ७ ॥

કેસરના વિલેપનથી યુક્ત, કેશમાં કસ્તૂરીને ધારણ કરતાં, મંદહાસ્ય સહિત જોનારાં, બાણ–ધનુષ–પાશ–અંકુશને ધારણ કરતાં, સર્વ મનુષ્યોને મોહ પમાડનારાં, લાલ પુષ્પો–આભૂષણો–વસ્ત્રોને ધારણ કરતાં અને જાસુદનાં પુષ્પો જેવાં પ્રકાશતાં અંબિકા–ત્રિપુરસુંદરીનું હું જપવિધિમાં સ્મરણ કરું છું. ૭

पुरंदरपुरंध्रिकां चिकुरबंधसैरंध्रिकां पितामहपतिव्रतां पटुपटीरचर्चारताम्। मुकुंदरमणीं मणीलसदलंक्रियाकारिणीं भजामि भुवनांबिकां सुरवधूटिकाचेटिकाम् ॥ ८ ॥

ઇંદ્રનાં પટ્ટરાણી, કેશ ગૂંથવામાં લાગેલી દાસીઓ સહિત, પિતામહ(બ્રહ્મા)નાં પતિવ્રતા–પત્ની, સુંદર ચંદનના વિલેપનમાં પ્રેમવાળાં, વિષ્ણુનાં પત્ની, મણિઓથી પ્રકાશતા અલંકારો ધારણ કરતાં અને દેવોની પત્નીઓ જેમની દાસીઓ છે, એવાં જગદંબાને હું ભજું છું. ૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧ : અન્નપૂર્ણા-સ્તોત્ર

नित्यानंदकरी वराभयकरी सौंदर्यरत्नाकरी निर्धूताखिलघोरपावनकरी प्रत्यक्षमाहेश्वरी। प्रालेयाचलवंशपावनकरी काशीपुराधीश्वरी भिक्षां देहि कृपावलंबनकरी मातान्नपूर्णेश्वरी ॥१॥

નિત્ય આનંદકારક, વરદાન તથા અભયદાયક, સૌંદર્યના સમુદ્ર, સમગ્ર ઘોર પાપોને ધોઈ નાખી પવિત્ર કરનારાં, પ્રત્યક્ષ મહેશ્વરનાં પત્ની, હિમાલયના વંશને (જન્મ વડે) પવિત્ર કરનારાં, કાશી નગરીનાં અધીશ્વરી અને કૃપાને ધારણ કરનારાં માતા અન્નપૂર્ણા ઈશ્વરી, ભિક્ષા આપો. ૧

नानारत्नविचित्रभूषणकरी हेमांबराडंबरी मुक्ताहारविलंबमानविलसद्वक्षोजकुम्भांतरी। काश्मीरागुरुवासिता रुचिकरी काशीपुराधीश्वरी भिक्षां देहि० ॥२॥

અનેક જાતનાં રત્નોથી રંગબેરંગી આભૂષણો ધારણ કરતાં, સોનેરી વસ્ત્રોના ઠાઠવાળાં, સુશોભિત સ્તનરૂપ કલશોની વચ્ચે મોતીઓના હાર જેમને ડોલી રહ્યા છે, કેસર તથા અગર વડે સુવાસિત રહેનારાં, સર્વને પ્રીતિકારક, કાશી નગરીનાં અધીશ્વરી અને કૃપાને ધારણ કરનારાં માતા અન્નપૂર્ણા ઈશ્વરી, ભિક્ષા આપો. ૨

योगानंदकरी रिपुक्षयकरी धर्मार्थनिष्ठाकरी चंद्रार्का-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नलभासमानलहरी त्रैलोक्यरक्षाकरी । सर्वैश्वर्यसमस्तवांछितकरी
काशीपुराधीश्वरी भिक्षां देहि० ॥ ३ ॥

યોગનો આનંદ ઉપજાવનારાં, શત્રુઓનો નાશ કરનારાં, ધર્મ તથા અર્થ પ્રત્યે નિષ્ઠા પ્રેરનારાં; ચંદ્ર, સૂર્ય તથા અગ્નિ જેવી તેજસ્વી લહરીઓવાળાં, ત્રણે લોકનું રક્ષણ કરનારાં, સમસ્ત ઐશ્વર્યની સંપૂર્ણ ઇચ્છાઓ પરિપૂર્ણ કરનારાં, કાશી નગરીનાં અધીશ્વરી અને કૃપાને ધારણ કરનારાં માતા અન્નપૂર્ણા ઈશ્વરી, ભિક્ષા આપો. ૩

कैलासाचलकंदरालयकरी गौरी उमा शंकरी कौमारी
निगमार्थगोचरकरी ओंकारबीजाक्षरी । मोक्षद्वारकपाटपाटनकरी
काशीपुराधीश्वरी भिक्षां देहि० ॥ ४ ॥

કૈલાસપર્વતની ગુફાને પોતાનું ઘર કરનારાં, ગૌરવર્ણાં, ઉમા, શંકરપત્ની, કુમારીસ્વરૂપ, વેદના અર્થને જાણનારાં, ૐકારનાં બીજ અક્ષરરૂપ, મોક્ષના દરવાજાનાં કમાડ ખુલ્લાં કરનારાં, કાશી નગરનાં અધીશ્વરી અને કૃપાને ધારણ કરનારાં માતા અન્નપૂર્ણા ઈશ્વરી, ભિક્ષા આપો. ૪

दृश्यादृश्यप्रभूतवाहनकरी ब्रह्मांडभांडोदरी लीलानाटक-
सूत्रभेदनकरी विज्ञानदीपांकुरी । श्रीविश्वेशमनःप्रसादनकरी
काशीपुराधीश्वरी भिक्षां देहि० ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃશ્ય અને અદૃશ્ય ઘણાં વાહનો પર સ્વારી કરનારાં, બ્રહ્માંડરૂપ વાસણ સમાન ઉદરવાળાં, લીલા નાટકના સૂત્રનું ભેદન કરનારાં, વિજ્ઞાનરૂપ દીપકના અંકુર સમાન, શ્રી વિશ્વનાથના મનને પ્રસન્ન કરનારાં, કાશી નગરનાં અધીશ્વરી અને કૃપાને ધારણ કરનારાં માતા અન્નપૂર્ણા ઈશ્વરી, ભિક્ષા આપો. ૫

उर्वी सर्वजनेश्वरी भगवती मातान्नपूर्णेश्वरी वेणीनील-समानकुंतलहरी नित्यान्नदानेश्वरी । सर्वानंदकरी दशाशुभकरी काशीपुराधीश्वरी भिक्षां देहि० ॥ ६ ॥

પૃથ્વીસ્વરૂપ, સર્વ લોકોનાં ઈશ્વરી, વેણીમાં ઇંદ્ર-નીલમણિ સમાન કેશોને ધારણ કરનારાં, નિત્ય અન્ન-દાન કરવામાં સમર્થ, સર્વને આનંદ કરનારાં, હરકોઈ સ્થિતિમાં શુભ કરનારાં, ભગવતી, માતા, કાશી નગરનાં અધીશ્વરી અને કૃપાને ધારણ કરનારાં માતા અન્નપૂર્ણા ઈશ્વરી, ભિક્ષા આપો. ૬

आदिक्षान्तसमस्तवर्णनकरी शंभोस्त्रिभावाकरी काश्मीरा त्रिजलेश्वरी त्रिलहरी नित्यांकुरा शर्वरी । कामाकांक्षकरी जनो-दयकरी काशीपुराधीश्वरी भिक्षां देहि० ॥ ७ ॥

अ થી માંડી क्ष સુધીના સમસ્ત વર્ણોને રચનારાં, શંભુના ત્રણે ભાવોની ખાણ સમાન, કેસરી વર્ણવાળાં, (ગંગા,યમુના ને સરસ્વતીનાં) ત્રણે જળનાં ઈશ્વરી, (સત્ત્વ, રજસ અને તમસરૂપ) ત્રણ લહરી–તરંગોવાળાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિત્ય અંકુરરૂપ, રાત્રિસ્વરૂપ, કામનાઓની આકાંક્ષા પૂર્ણ કરનારાં, લોકોનો ઉદય કરનારાં, કાશી નગરનાં અધીશ્વરી અને કૃપાને ધારણ કરનારાં માતા અન્નપૂર્ણા ઈશ્વરી, ભિક્ષા આપો. ૭

देवी सर्वविचित्ररत्नरचिता दाक्षायणी सुंदरी वामं स्वादुपयोधरप्रियकरी सौभाग्यमाहेश्वरी । भक्ताभीष्टकरी दशाशुभकरी काशीपुराधीश्वरी भिक्षां देहि० ॥ ८ ॥

ભક્તોના મનમાં રમનારાં, સર્વ અદ્‌ભુત રત્નોથી શણગારેલાં, દક્ષપુત્રી, સુંદરી, વિરુદ્ધ વર્તનારને પણ સ્વાદિષ્ટ સ્તનપાન કરાવી પોતાનો પ્રિય કરનાર, સૌભાગ્યને લીધે મહેશ્વરનાં પત્ની થયેલાં, ભક્તોનું ઇચ્છિત કરનારાં, હરકોઈ સ્થિતિમાં શુભ કરનારાં, કાશી નગરનાં અધીશ્વરી અને કૃપાને ધારણ કરનારાં માતા અન્નપૂર્ણા ઈશ્વરી, ભિક્ષા આપો. ૮

चंद्रार्कानलकोटिकोटिसदृशा चंद्रांशुबिंबाधरी चंद्रार्काग्निसमानकुंतलधरी चंद्रार्कवर्णेश्वरी । मालापुस्तकपाशसांकुशाधरी काशीपुराधीश्वरी भिक्षां देहि ० ॥ ९ ॥

અબજો ચંદ્ર, સૂર્ય તથા અગ્નિ સરખાં (તેજસ્વી), ચંદ્રનાં કિરણોયુક્ત પાકા ગીલોડા જેવા અધરોષ્ઠવાળાં; ચંદ્ર, સૂર્ય તથા અગ્નિ સમાન કેશને ધારણ કરનારાં, ચંદ્ર તથા સૂર્ય સમાન વર્ણવાળાં, ઈશ્વરી; માળા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તક, પાશ તથા અંકુશને ધારણ કરનારાં, કાશી નગરનાં અધીશ્વરી અને કૃપાને ધારણ કરનારાં માતા અન્નપૂર્ણા ઈશ્વરી, ભિક્ષા આપો. ૯

क्षत्रत्राणकरी महाऽभयकरी माता कृपासागरी साक्षान्मोक्षकरी सदा शिवकरी विश्वेश्वरश्रीधरी । दक्षाक्रंदकरी निरामयकरी काशीपुराधीश्वरी भिक्षां देहि ० ॥ १० ॥

ક્ષત્રિયોનું રક્ષણ કરનારાં, મહા અભય કરનારાં, માતા, કૃપાના સાગર સરખાં, સાક્ષાત્ મોક્ષકારક, સદા કલ્યાણ કરનારાં, વિશ્વના ઈશ્વરની સંપત્તિ ધારણ કરનારાં, દક્ષ પ્રજાપતિને ચીસો પડાવનારાં, રોગ રહિત કરનારાં, કાશી નગરનાં અધીશ્વરી અને કૃપાને ધારણ કરનારાં માતા અન્નપૂર્ણા ઈશ્વરી, ભિક્ષા આપો. ૧૦

अन्नपूर्णे सदापूर्णे शंकरप्राणवल्लभे । ज्ञानवैराग्यसिद्ध्यर्थं भिक्षां देहि च पार्वति ० ॥ ११ ॥

હે અન્નપૂર્ણા! હે સદાપૂર્ણ! હે શંકરનાં પ્રાણપ્રિયા, હે પાર્વતિ! જ્ઞાન તથા વૈરાગ્યની સિદ્ધિ માટે ભિક્ષા આપો. ૧૧

माता मे पार्वती देवी पिता देवो महेश्वरः । बांधवाः शिवभक्ताश्च स्वदेशो भुवनत्रयम् ० ॥ १२ ॥

પાર્વતી દેવી મારી માતા છે, મહેશ્વર દેવ પિતા છે, શિવભક્તો બાંધવો છે અને ત્રણે ભુવન મારો દેશ છે. ૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨ : અંબાષ્ટક

चेटीभवन्निखिलखेटी कदंबतरुवाटीषु नाकिपटलीकोटीरचारुतरकोटीमणीकिरणकोटीकरंबितपदा । पाटीरगंधकुचशाटी कवित्वपरिपाटीमगाधिपसुता घोटीकुलादधिकधाटीमुदारमुखवीटीरसेन तनुताम् ॥ १ ॥

બધી જોગણીઓ જેમની દાસીઓ બની છે; કદંબવૃક્ષોની વાડીઓમાં જેમના બન્ને ચરણો, (નમ્ર) દેવસમૂહના મુકુટોની અતિસુંદર કલગીઓમાં જડેલા મણિઓનાં કરોડો કિરણો વડે રંગબેરંગી થયા છે; અને જેમનાં સ્તન ઉપરની સાડી ચંદનની સુગંધવાળી રહે છે, તે હિમાલયપુત્રી–અંબા, (પૂજન વખતે અર્પણ કરી પ્રસાદરૂપે મેં સ્વીકારેલા) શ્રેષ્ઠ મુખવાસરૂપ પાનબીડાંના રસ વડે મને, ઘોડીઓના સમૂહ કરતાં પણ અધિક વેગવાળી કવિત્વ–શૈલી અર્પણ કરો. ૧

कूलातिगामिभयतूलावलिज्वलनकीला निजस्तुतिविधाकोलाहलक्षपितकालामरी कुशलकीलालपोषणनभाः । स्थूला कुचे जलदनीला कचे कलितलीला कदंबविपिने शूलायुधप्रणतिशीला विभातु हृदि शैलाधिराजतनया ॥ २ ॥

અપાર ભયરૂપી રૂના ઢગને બાળી નાખવામાં અગ્નિની જ્વાળા સમાન, પોતાની સ્તુતિપ્રકારોના મોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્ચારો દ્વારા કાળનો જેમણે નાશ કર્યો છે, દેવાંગનાઓનાં કલ્યાણરૂપ જળને પોષવામાં મેઘ સરખાં, સ્થૂલ સ્તનવાળાં, મેઘ જેવા શ્યામ કેશવાળાં, કદંબ-વૃક્ષોના વનમાં ક્રીડા કરનારાં અને ત્રિશૂલધારી-શંકરને પ્રણામ કરવાના સ્વભાવવાળાં હિમાલયપુત્રી-અંબા, મારા હૃદયમાં પ્રકાશો. ૨

यत्राशयो लगति तत्रागजा वसतु कुत्रापि निस्तुलशुका सुत्रामकालमुखसत्राशनप्रकरसुत्राणकारिचरणा । छत्रानिलातिरयपत्राभिरामगुणमित्रामरीसमवधूः कुत्रासहन्मणिविचित्राकृतिः स्फुरितपुत्रादिदाननिपुणा ॥ ३ ॥

જેમનો પોપટ અનુપમ છે, જેમનાં ચરણો ઇંદ્ર તથા યમ વગેરે દેવસમૂહનું સારી રીતે રક્ષણ કરે છે, જેમનું વાહન છત્રના વાયુની પેઠે અતિશય વેગવાળું છે; (જયા-વિજયા આદિ) જેમની મિત્ર-સ્ત્રીઓ, સુંદર ગુણોને લીધે મિત્રોરૂપ થઈ દેવીઓ સમાન પૂજ્ય બની છે, જેમની આકૃતિ હીરાજડિત આભૂષણોથી અદ્ભુત છે અને તેજસ્વી પુત્રો વગેરે આપવામાં જે સમર્થ છે, તે પર્વતપુત્રી-અંબા, મારું મન જ્યાં લાગે ત્યાં પણ વાસ કરો. ૩

द्वैपायनप्रभृतिशापायुधत्रिदिवसोपानधूलिचरणा पापापहस्वमनुजापानुलीनजनतापापनोदनिपुणा । नीपालया सुरभि-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धूपालका दुरितकूपादुदंचयतु मां रूपाधिका शिखरिभूपाल-वंशमणिदीपायिता भगवती ॥ ४ ॥

જેમના ચરણુની રજ વ્યાસ વગેરેના શાપને દૂર કરવામાં આયુધ સમાન છે અને સ્વર્ગે ચઢવામાં પગથિયાં જેવી છે; જે ભક્તજનો પાપોનો નાશ કરનાર પોતાના મંત્રનો જાપ જપવામાં લીન બને છે, તેઓનો તાપ દૂર કરવામાં જે નિપુણુ છે; કદંબનું વન જેમનું નિવાસગૃહ છે, જેમના કેશ સુગંધી ધૂપ વડે સુવાસિત રહે છે, રૂપમાં જે સર્વથી અધિક છે અને પર્વતોના રાજા હિમાલયના વંશમાં મણિમય દીપકનું જે આચરણ કરે છે, તે ભગવતી–અંબા, પાપરૂપી કૂવામાંથી મારો ઉદ્ધાર કરો. ૪

यालीभिरात्मतनुताली सकृत्प्रियकपालीषु खेलति भय-व्यालीनकुल्यसितचूलीभरा चरणधूलीलसन्मुनिवरा। वालीभृति श्रवसि तालीदलं वहति यालीकशोभितिलका सालीकरोतु मम काली मनः स्वपदनालीकसेवनविधौ ॥ ५॥

જે પોતાની સખીઓ સાથે (સંગીતની રમતમાં) પોતાના શરીરના તાલ આપે છે, કદંબ–વૃક્ષોની પંક્તિઓમાં ક્રીડા કરે છે, ભયરૂપી સાપણનો નાશ કરવામાં નોળિયણુ જેવાં છે, જેમનો કેશપાશ શ્યામ છે, જેમના ચરણુની રજ વડે મુનિવરો શોભી રહ્યા છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળીઓને ધારણ કરતા કાનમાં ભોંયઆમલીનું પાન પણ (આભૂષણરૂપે) જે ધારણ કરે છે અને જેમના લલાટમાં તિલક શોભી રહ્યું છે, તે કાલી-દેવી, મારા મનને પોતાના ચરણકમળની સેવા કરવામાં ભમરા જેવું (લીન) બનાવો. ૫

न्यंकाकरे वपुषि कंकादिरक्तपुषि कंकादिपक्षिविषये त्वं कामनामयसि किं कारणं हृदय पंकारिमेहि गिरिजाम्। शंकाशिलानिशितटंकायमानपदसंकाशमानसुमनोझंकारिमानततिमंकानुपेतशशिसंकाशिवक्त्रकमलाम् ॥ ६ ॥

આ શરીર દોષોની ખાણ છે; જળ, વાયુ આદિ પાંચ ભૂતો તથા લોહીથી પોષાય છે અને (મૂવા પછી) કાગડા-ગીધ વગેરે પક્ષીઓનો ખોરાક છે; તો હે હૃદય! એવા શરીર ઉપર તું કયા કારણે આસક્તિ કરે છે? પાપોનો નાશ કરનારાં પર્વત-પુત્રી અંબિકાને શરણે જા; કેમ કે એમના ચરણ શંકારૂપી શિલાને તોડવામાં તીક્ષ્ણ ટાંકણાં જેવા છે અને એ ચરણરૂપી પ્રફુલ્લ પુષ્પમાં પ્રમાણો(રૂપ ભમરાઓ)ની પંક્તિ ગુંજારવ કરી રહી છે; તેમ જ એ અંબિકાનું મુખકમળ કલંક રહિત ચંદ્રમા સરખું (સુંદર) છે. ૬

कुंबावतीसमविडंबा गलेन नवतुंबाभवीणसविधा शं वाहुलेयशशिबिंबाभिरामसुखसंबाधितस्तनभरा। अंबा कुरंगमदजंबाल-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रोचिरिह लंबालका दिशतु मे बिंबाधरा विनतशंबायुधादिनिकुरंबा कदंबविपिने ॥ ७ ॥

ગળામાં (ખોપરીઓની માળા વીંટાળેલી હોવાથી) જાણે કે (યજ્ઞવેદિકાના રક્ષણ માટેની) મજબૂત વાડ હોય તેવો દેખાવ દેનારાં, નવા તૂંબડા વડે શોભતી વીણા જેમની સમીપ છે, ચંદ્રમંડળ જેવા સુંદર કાર્તિકસ્વામીના મુખે (સ્તનપાન કરેલું હોવાથી) જેમનો સ્તનભાર પીડેલો છે, જેમની કાંતિ કસ્તૂરીના વિલેપન જેવી (શ્યામ) છે, કેશ લાંબા છે, જેમનો નીચેનો હોઠ પાકા ગીલોડા જેવો છે અને કદંબના વનમાં ઈંદ્રાદિ દેવોનો સમુદાય જેમને નમન કરી રહેલ છે, એવાં અંબાદેવી, આ સંસારમાં મને કલ્યાણ આપો. ૭

इंधानकीरमणिबंधा भवे हृदयबंधावतीव रसिका संधावती भुवनसंधारणेऽप्यमृतसिंधावुदारनिलया । गंधानुभानमुहुरंधालिपीतकचबंधा समर्पयतु मे शंधाम भानुमपि संधानमाशु पदसंधानमप्यगसुता ॥ ८ ॥

જેમના કાંડા ઉપર પોપટ શોભી રહ્યો છે, હૃદયબંધુ–પ્રાણપ્રિય–શંકર ઉપર અત્યંત પ્રેમવાળાં, જગતનું ધારણ–પોષણ કરવામાં પ્રતિજ્ઞાવાળાં, અમૃતના સમુદ્રમાં (લક્ષ્મીરૂપે) ઉત્તમ વાસ કરનારાં અને જેમનો કેશપાશ સુગંધના વિસ્તારથી આંધળા થયેલા ભમરાઓ વડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છવાયેલો રહે છે, એવાં હિમાલયપુત્રી-અંબા, મને સુખમય પોતાનું ધામ, સૂર્યાદિનાં તેજને સારી રીતે પોષનારું આત્મજ્યોતિ તથા પોતાના ચરણમાં સંધાન-સાયુજ્યમુક્તિ પણ જલદી આપો. ૮

૧૩ : કૃષ્ણાષ્ટક

श्रियाश्लिष्टो विष्णुः स्थिरचरवपुर्वेदविषयो धियां साक्षी शुद्धो हरिरसुरहंताब्जनयनः। गदी शंखी चक्री विमलवनमाली स्थिररुचिः शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ॥१॥

લક્ષ્મી વડે ભેટાયેલા, વ્યાપક, સ્થાવર-જંગમ (જગતરૂપ) શરીરવાળા, વેદોના વિષયરૂપ, બુદ્ધિઓના સાક્ષી, શુદ્ધ, ભક્તોનાં દુઃખોને હરનારા, અસુરોનો નાશ કરનારા, કમળ સમાન નેત્રોવાળા, ગદાધારી, શંખધારી, ચક્રધારી, નિર્મળ વનમાળા ધારણ કરનારા, સ્થિરકાંતિવાળા અને શરણ લેવા યોગ્ય લોકનાથ શ્રીકૃષ્ણ, મારાં નેત્રોના વિષય થાઓ. ૧

यतः सर्वं जातं वियदनिलमुख्यं जगदिदं स्थितौ निःशेषं योऽवति निजसुखांशेन मधुहा। लये सर्वं स्वस्मिन् हरति कलया यस्तु स विभुः शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ॥ २ ॥

આકાશ, વાયુ વગેરે આ સર્વ જગત જેમનાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન થયું છે, સ્થિતિકાળે પોતાના સુખના અંશથી સર્વનું જે રક્ષણ કરે છે અને પ્રલયકાળે સર્વનો કલા વડે પોતાનામાં જે લય કરે છે, તે મધુદૈત્યનો નાશ કરનારા, વ્યાપક અને શરણ લેવા યોગ્ય લોકનાથ શ્રીકૃષ્ણ, મારાં નેત્રોના વિષય થાઓ. ૨

असूनायम्यादौ यमनियममुख्यैः सुकरणैर्निरुध्येदं चित्तं हृदि विलयमानीय सकलम् । यमीड्यं पश्यन्ति प्रवरमतयो मायिनमसौ शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ॥३॥

શ્રેષ્ઠ બુદ્ધિવાળા યોગીઓ, પ્રથમ યમ-નિયમ આદિ ઉત્તમ સાધનો વડે પ્રાણોને વશ કરી, પ્રાણાયામ સિદ્ધ કરે છે; પછી પોતાના હૃદયમાં ઇંદ્રિયો સહિત ચિત્તનો લય કરે છે અને તે પછી સ્તુતિ કરવા યોગ્ય જે માયાવી-પરમેશ્વરનો સાક્ષાત્કાર કરે છે, એ શરણ લેવા યોગ્ય લોકનાથ શ્રીકૃષ્ણ, મારાં નેત્રોના વિષય થાઓ. ૩

पृथिव्यां तिष्ठन्यो यमयति महीं वेद न धरा यमित्यादौ वेदो वदति जगतामीशममलम् । नियन्तारं ध्येयं मुनिसुरनृणां मोक્षदमसौ शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ॥४॥

'જે પૃથ્વીમાં રહે છે અને પૃથ્વીને વશ રાખે છે; છતાં જેમને પૃથ્વી જાણતી નથી.' ઇત્યાદિ વાક્યોમાં વેદ જેમને વર્ણવે છે; વળી જે જગતના ઈશ્વર, નિર્મળ, નિયંતા, મોક્ષદાયી અને મુનિઓ, દેવો તથા મનુષ્યોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાન કરવા લાયક છે; એ શરણ લેવા યોગ્ય લોકનાથ શ્રીકૃષ્ણ, મારાં નેત્રોના વિષય થાઓ. ૪

महेंद्रादिर्देवो जयति दितिजान्यस्य बलतो न कस्य स्वातंत्र्यं क्वचिदपि कृतौ यत्कृतिमृते । कवित्वादेर्गर्वं परिहरति योऽसौ विजयिनः शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः॥

મહેન્દ્ર આદિ દેવો જેમના બળથી દૈત્યોને જીતે છે, જેમની ક્રિયા વિના કોઈ પણ પ્રાણીને કોઈ ક્રિયા કરવામાં સ્વતંત્રતા નથી અને જે વિજય પામનાર મનુષ્યના કવિત્વ આદિનો ગર્વ હરે છે, એ શરણ લેવા યોગ્ય લોકનાથ શ્રીકૃષ્ણ, મારાં નેત્રોના વિષય થાઓ. ૫

विना यस्य ध्यानं व्रजति पशुतां सूकरमुखां विना यस्य ज्ञानं जनिमृतिभयं याति जनता । विना यस्य स्मृत्या कृमिशतजनिं याति स विभुः शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ॥ ६ ॥

જેમના ધ્યાન વિના મનુષ્યો ભૂંડ વગેરે પશુપણું પામે છે, જેમના જ્ઞાન વિના જન્મ તથા મૃત્યુના ભયને પામે છે અને જેમના સ્મરણ વિના સેંકડો કીડાઓ તરીકે જન્મ પામે છે, તે વ્યાપક અને શરણ લેવા યોગ્ય લોકનાથ શ્રીકૃષ્ણ, મારાં નેત્રોના વિષય થાઓ. ૬

नरातंकोत्तंकः शरणशरणो भ्रांतिहरणो घनश्यामो वामो व्रजशिशुवयस्योऽर्जुनसखः । स्वयंभूर्भूतानां जनक उचिता-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चारसुखदः शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ॥७॥

ભક્ત મનુષ્યોના ભયને ભયરૂપ, શરણનું પણ શરણ, ભ્રાંતિને હરનાર, મેઘ જેવા શ્યામ, સુંદર, વ્રજના બાળકોના મિત્ર, અર્જુનના સખા, સ્વયંભૂ, પ્રાણીમાત્રના પિતા, યોગ્ય આચારવાળાને સુખદાયી અને શરણ લેવા યોગ્ય લોકનાથ શ્રીકૃષ્ણ, મારાં નેત્રોના વિષય થાઓ. ૭

यदा धर्मग्लानिर्भवति जगतां क्षोभकरणी तदा लोकस्वामी प्रकटितवपुः सेतुधृगजः । सतां धाता स्वच्छो निगमगुणगीतो व्रजपतिः शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ॥ ८ ॥

જે કાળે જગતમાં ખળભળાટ મચાવનારી ધર્મની હાનિ થાય છે, ત્યારે જે લોકસ્વામી અજન્મા છે, છતાં શરીર પ્રકટ કરીને ધર્મની મર્યાદાને ધારણ કરી રાખે છે; તે સત્પુરુષોના પાલક, સ્વચ્છ, વેદોએ ગાયેલા ગુણવાળા, વ્રજપતિ અને શરણ લેવા યોગ્ય લોકનાથ શ્રીકૃષ્ણ, મારાં નેત્રોના વિષય થાઓ. ૮

इति हरिरखिलात्माराधितः शंकरेण श्रुतिविशदगुणोऽसौ मातृमोक्षार्थमाद्यः । इति वरनिकटे श्रीयुक्त आविर्बभूव स्वगणवृत उदारः शंखचक्राब्जहस्तः ॥ ९ ॥

એ પ્રમાણે સર્વના આત્મા, વેદોમાં વર્ણવેલ નિર્મળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણોવાળા અને સર્વના આદિ શ્રીહરિની શંકરાચાર્યે, પોતાના મોક્ષ માટે (સ્તુતિપૂર્વક) જ્યારે આરાધના કરી હતી, ત્યારે પોતાના ગણોથી વિંટાયેલા અને હાથમાં શંખ, ચક્ર તથા કમળને ધારણ કરનારા એ ઉદાર ભગવાન, લક્ષ્મીજી સાથે વરદાન દેવા માટે તેમની સમીપ પ્રકટ થયા હતા. ૯

૧૪ : શ્રીગોવિંદાષ્ટક

सत्यं ज्ञानमनंतं नित्यमनाकाशं परमाकाशं गोष्ठप्रांगणरिंगणलोलमनायासं परमायासम्। मायाकल्पितनानाकारमनाकारं भुवनाकारं क्ष्मामानाथमनाथं प्रणमत गोविंदं परमानंदम् ॥१॥

સત્ય, જ્ઞાનમય, અનંત, નિત્ય, આકાશ રહિત, પરમ આકાશરૂપ, વ્રજના આંગણામાં રીંખતી વેળા ચપળ, પરિશ્રમ રહિત, (ભક્તો માટે) પરમ પ્રયત્નવાળા, માયાથી કલ્પિત અનેક આકારોને ધારણ કરનાર છતાં આકાર-રહિત, જગતરૂપ આકૃતિવાળા, પૃથ્વીના તથા લક્ષ્મીના નાથ, પોતે નાથ રહિત અને પરમ આનંદસ્વરૂપ શ્રી-ગોવિંદને તમે પ્રણામ કરો. ૧

मृत्स्नामत्सीहेति यशोदाताडनशैशवसंत्रासं व्यादितवक्त्रालोकितलोकालोकचतुर्दशलोकालिम् । लोकत्रयपुरमूलस्तंभं लोकालोकमनालोकं लोकेशं परमेशं प्रणमत गोविंदं परमानंदम् ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તું માટી ખાય છે કે?' એમ કહી યશોદાજી મારવા મંડ્યાં, ત્યારે બાળપણ બતાવી જે ભયભીત બન્યા હતા અને પોતાનું મોઢું ફાડી લોકાલોક સહિત ચૌદે ભુવનોની પંક્તિ જેમણે બતાવી હતી; એ ત્રણે લોકરૂપી નગરના મૂળ સ્તંભ સમાન, લોકોનાં પ્રકાશક, પોતે બીજાના પ્રકાશ રહિત, લોકોના ઈશ્વર, પરમેશ્વર અને પરમાનંદસ્વરૂપ શ્રીગોવિંદને તમે પ્રણામ કરો. ૨

त्रैविष्टपरिपुवीरघ्नं क्षितिभारघ्नं भवरोगघ्नं कैवल्यं नवनीताहारमनाहारं भुवनाहारम् । वैमल्यस्फुटचेतोवृत्तिविशेषाभासमनाभासं शैवं केवलशान्तं प्रणमत गोविंदं परमानंदम् ॥ ३ ॥

સ્વર્ગના શત્રુ વીર-દૈત્યોનો નાશ કરનારા, પૃથ્વીના ભારને હરનારા, સંસારરૂપ રોગનો નાશ કરનારા, કેવળ મોક્ષસ્વરૂપ, આહાર રહિત છતાં માખણનો આહાર કરતા, (પ્રલયકાળે) ભુવનનો સંહાર કરતા, નિર્મળતાથી પ્રકાશતી ચિત્તવૃત્તિમાં વિશેષ પ્રકાશતા, (પોતાના સિવાય અન્યના) પ્રકાશ રહિત, મંગળસ્વરૂપ, કેવળ શાંત અને પરમ આનંદસ્વરૂપ શ્રીગોવિંદને તમે પ્રણામ કરો.૩

गोपालं भूलीलाविग्रहगोपालं कुलगोपालं गोपीखेलनगोवर्धनधृतिलीलालालितगोपालम् । गोभिर्निगदितगोविंदस्फुटनामानं बहुनामानं गोपीगोचरदूरं प्रणमत गोविंदं परमानंदम् ॥४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાયોનું પાલન કરનારા, પૃથ્વી પર લીલા કરવા માટે ગોવાળનું સ્વરૂપ ધારણ કરનારા, કુલ–પરંપરાથી પૃથ્વીના રક્ષક, ગોપીઓને રમાડનારા, ગોવર્ધન ધારણ કરવાની લીલા કરીને ગોપાલોનું રક્ષણ કરનારા, ગાયોએ 'ગોવિંદ' એવું જેમનું પ્રકટ નામ જાહેર કર્યું છે, અનેક નામોવાળા, ઇંદ્રિયોના વિષયોથી દૂર અને પરમ આનંદસ્વરૂપ શ્રીગોવિંદને તમે પ્રણામ કરો. ૪

गोपीमंडलगोष्ठीभेदं भेदावस्थमभेदाभं शश्वद्गोखुरनिर्धूतोत्कृतधूलीधूसरसौभाग्यम् । श्रद्धाभक्तिगृहीतानंदमचिंत्यं चिंतितसद्भावं चिंतामणिमहिमानं प्रणमत गोविंदं परमानंदम् ॥५॥

ગોપીઓના મંડળની વચ્ચે અનેક જાતની ગોષ્ઠીઓ કરનાર, ભેદવાળી અવસ્થાથી યુક્ત છતાં અભેદ સ્વરૂપે પ્રકાશતા, ગાયોની ખરીઓથી ઊડતી ધૂળથી નિરંતર ભૂખરા સૌંદર્યવાળા, શ્રદ્ધા અને ભક્તિ દ્વારા જેમનો આનંદ ગ્રહણ કરાય છે, અચિંત્ય છતાં જેમનો સદ્ભાવ (યોગીઓ વડે) ચિંતવાય છે અને જેમનો મહિમા ચિંતામણિ સરખો છે, એવા પરમ આનંદસ્વરૂપ શ્રીગોવિંદને તમે પ્રણામ કરો. ૫

स्नानव्याकुलयोषिद्वस्त्रमुपादायागमुपारूढं व्यादित्संतीरथ दिग्वस्त्रा ह्युपदातुमुपाकर्षन्तम् । निर्धूतद्वयशोकविमोहं बुद्धं बुद्धेरप्यंतस्थं सत्तामात्रशरीरं प्रणमत गोविंदं परमानंदम् ॥६॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નાન કરવામાં મગ્ન બનેલી સ્ત્રીઓનાં વસ્ત્રો લઈ (કદંબના) વૃક્ષ પર ચઢી ગયેલા, અને પછી એ વસ્ત્રો લેવા ઇચ્છતી તે નગ્ન સ્ત્રીઓને વસ્ત્રો આપવા સમીપ આકર્ષતા, શોક તથા મોહના જોડકાને દૂર કરનારા, જ્ઞાની, બુદ્ધિની પણ અંદર રહેલા, માત્ર સત્તારૂપ શરીરવાળા અને પરમ આનંદસ્વરૂપ શ્રીગોવિંદને તમે પ્રણામ કરો. ૬

कांतं कारणकारणमादिमनादिं कालमनाभासं कालिंदी-गतकालियशिरसि मुहुर्नृत्यन्तं सुनृत्यन्तम् । कालं कालकला-तीतं कलिताशेषं कलिदोषघ्नं कालत्रयगतिहेतुं प्रणमत गोविंदं परमानंदम् ॥ ७ ॥

સુંદર સ્વરૂપ, કારણોના પણ કારણ, સર્વના આદિ છતાં પોતે આદિ રહિત, કાળસ્વરૂપ, આભાસ રહિત, યમુનામાં વસેલા કાલિય નાગના મસ્તક પર વારંવાર નાચતા, સુંદર નૃત્ય કરનાર, કાળા વર્ણવાળા, કાળની કળાથી પર, સર્વને જાણનારા, કલિયુગના દોષોનો નાશ કરનારા, ત્રણે કાળની ગતિનું કારણ અને પરમ આનંદસ્વરૂપ શ્રીગોવિંદને તમે પ્રણામ કરો. ૭

वृंदावनभुवि वृंदारकगणवृंदाराधितवन्द्येहं कुंदाभाम-लमंदस्मेरसुधानंदं सुहृदानंदम् । वंद्याशेषमहामुनिमानसवंद्या-नंदपदद्वंद्वं वंद्याशेषगुणाब्धिं प्रणमत गोविंदं परमानंदम् ॥८॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃંદાવનની ભૂમિ પર દેવગણોના સમૂહે આરાધેલી અને વંદન કરેલી ચેષ્ટાવાળા, મોગરાના પુષ્પ સમાન નિર્મળ મંદહાસ્યરૂપ અમૃત વડે આનંદ પમાડનાર, મિત્રોને આનંદદાયક, વંદનીય મોટા મુનિઓના મન વડે આનંદરૂપ જેમનું ચરણયુગલ વંદન કરાય છે અને જેમના સમગ્ર ગુણોનો મહાસાગર વંદનીય છે, એવા પરમ આનંદસ્વરૂપ શ્રીગોવિંદને તમે પ્રણામ કરો.૮

गोविंदाष्टकमेतदधीते गोविंदार्पितचेता यो गोविंदाच्युत माधव विष्णो गोकुलनायक कृष्णेति । गोविंदांघ्रिसरोजध्यानसुधाजलधौतसमस्ताघो गोविंदं परमानंदामृतमंतस्थं स समभ्येति ॥ ९ ॥

જે મનુષ્ય 'હે ગોવિંદ! હે અચ્યુત! હે માધવ! હે વિષ્ણો! હે ગોકુલનાયક! હે શ્રીકૃષ્ણ!' એવાં નામોચ્ચારપૂર્વક શ્રીગોવિંદમાં ચિત્ત પરોવી આ ગોવિંદાષ્ટકનો પાઠ કરે છે અને ગોવિંદના ચરણકમળના ધ્યાનરૂપ અમૃતના જળ વડે સમસ્ત પાપો ધોઈ નાખે છે, તે પોતાનાં અંતકરણમાં રહેલા, પરમ આનંદરૂપ અને અમૃતમય શ્રીગોવિંદને પ્રાપ્ત થાય છે. ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫ : કૃષ્ણાષ્ટક (૨)

भजे व्रजैकमंडनं समस्तपापखंडनं स्वभक्तचित्तरंजनं सदैव नंदनंदनम् । सुपिच्छगुच्छमस्तकं सुनादवेणुहस्तकं अनंगरंगसागरं नमामि कृष्णनागरम् ॥ १ ॥

વ્રજના એક અલંકાર, સમસ્ત પાપોનો નાશ કરનાર, પોતાના ભક્તોના ચિત્તને સદા રાજી રાખનાર, નંદરાયના પુત્ર, ઉત્તમ મોરપીંછના ગુચ્છાઓને મસ્તકે ધારણ કરનાર, સુંદર નાદવાળી વાંસળીને હાથમાં ધરનાર અને અનંગ (કામ) રંગના સાગર શ્રીકૃષ્ણ નાગરિકને હું નમું છું. ૧

मनोजगर्वमोचनं विशाललोललोचनं विधूतगोपशोचनं नमामि पद्मलोचनम् । करारविंदभूधरं स्मितावलोकसुंदरं महेंद्रमानदारणं नमामि कृष्णवारणम् ॥२॥

કામદેવનો ગર્વ છોડાવનાર, વિશાળ અને ચપળ નેત્રોવાળા, ગોવાળોનો શોક દૂર કરનાર અને કમળ સમાન નેત્રોવાળાને હું નમું છું. હસ્તકમળ પર પર્વત ધરનાર, મંદ હાસ્યપૂર્વક જોવાથી સુંદર અને મહેન્દ્રના માનને ચીરનાર શ્રીકૃષ્ણરૂપ હાથીને હું નમું છું. ૨

कदंबसूनकुंडलं सुचारुगंडमंडलं व्रजांगनैकवल्लभं नमामि कृष्णदुर्लभम् । यशोदया समोदया सगोपया सनंदया युतं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुखैकदायकं नमामि गोपनायकम् ॥ ३ ॥

કદંબના પુષ્પોરૂપ કુંડળવાળા, અતિસુંદર ગાલવાળા, વ્રજની સ્ત્રીઓના એક વલ્લભ અને દુર્લભ શ્રીકૃષ્ણને હું નમું છું. ગોવાળો તથા નંદ સહિત હર્ષ પામેલી, યશોદાથી યુક્ત અને સુખના એક દાતા ગોપનાયકને હું નમું છું. ૩

सदैव पादपंकजं मदीयमानसे निजं दधानमुत्तमालकं नमामि नंदबालकम् । समस्तदोषशोषणं समस्तलोकपोषणं समस्तगोपमानसं नमामि कृष्णलालसम् ॥ ४ ॥

મારા મનમાં પોતાના ચરણકમળને નિત્ય ધારણ કરતા અને ઉત્તમ કેશવાળા નંદબાળકને હું નમું છું. સમસ્ત દોષોને શોષી લેનાર, સમગ્ર લોકોને પોષનાર અને સમસ્ત ગોવાળોના માનસરૂપ શ્રીકૃષ્ણ પ્રિયને હું પ્રણમું છું. ૪

भुवो भरावतारकं भवाब्धिकर्णधारकं यशोमतीकिशोरकं नमामि दुग्धचोरकम् । दृगन्तकान्तभंगिनं सदासदालसंगिनं दिने दिने नवं नवं नमामि नंदसंभवम् ॥ ५ ॥

પૃથ્વીનો ભાર ઉતારનાર, સંસારસમુદ્રમાં (પાર પમાડનાર) ખલાસી સમાન, યશોદાના બાળક અને દૂધના ચોરને હું નમું છું. દૃષ્ટિના છેડાઓ(કટાક્ષો)-ને સુંદર રીતે ભાંગતા, સદા શ્રેષ્ઠ આભૂષણોથી યુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને દરરોજ નવાનવા શ્રીનંદપુત્રને હું પ્રણમું છું. ૫

गुणाकरं सुखाकरं कृपाकरं कृपावरं सुरद्विषन्निकंदनं नमामि गोपनंदनम् । नवीनगोपनागरं नवीनकेलिलंपटं नमामि मेघसुंदरं तडित्प्रभालसत्पटम् ॥ ६ ॥

ગુણોની ખાણ, સુખોના સમૂહ, કૃપા કરનાર, કૃપા વડે શ્રેષ્ઠ અને દેવોના શત્રુઓનું નિકંદન (નાશ) કરનાર શ્રીગોપાલનંદનને હું નમું છું. નવીન ગોપાલ નાગરિક, નવીન ક્રીડાઓમાં લંપટ, મેઘ જેવા સુંદર અને વીજળીની કાંતિ જેવાં પ્રકાશતાં વસ્ત્રો ધારણ કરનારને હું નમું છું. ૬

समस्तगोपनंदनं हृदंबुजैकमोहनं नमामि कुंजमध्यगं प्रसन्नभानुशोभनम् । निकामकामदायकं दृगन्तचारुसायकं रसालवेणुगायकं नमामि कुंजनायकम् ॥ ७ ॥

બધા ગોવાળોને આનંદ પમાડનાર, હૃદયકમળના એક મોહન, લતાગૃહોની વચ્ચે રહેલા અને પ્રસન્ન કિરણોથી શોભતા શ્રીકૃષ્ણને હું નમું છું. અતિશય કામનાઓના દાતા, કટાક્ષોરૂપ સુંદર બાણો ધરનારા, રસીલી વાંસળી વડે ગાતા અને લતાગૃહોના નાયકને હું નમું છું. ૭

विदग्धगोपिकामनोमनोज्ञतल्पशायिनं नमामि कुंजकानने प्रवृद्धवह्निपायिनम् । यदा तदा यथा तथा तथैव कृष्णसत्कथा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मया सदैव गीयतां तथा कृपा विधीयताम् । प्रमाणिकाष्टकद्वयं जपत्यधीत्य यः पुमान्भवेत्स नंदनंदने भवे भवे सुभक्तिमान्॥८॥

ચતુર ગોપીઓના મનરૂપ સુંદર શયનમાં સૂનાર, અને લતાગૃહોના વનમાં વધેલા અગ્નિને પી જનાર શ્રી-કૃષ્ણને હું નમું છું. જે કોઈ કાળે જેમતેમ કરીને પણ શ્રીકૃષ્ણની ઉત્તમ કથાઓ હું સદા ગાયા કરું, તેવી કૃપા, શ્રીકૃષ્ણ ભગવાન મારા પર કરો.

જે પુરુષ, પ્રમાણિકા છંદમાં રચેલા આ અષ્ટકનું અધ્યયન કરી તેનો પાઠ કરે છે, તે પ્રત્યેક જન્મમાં શ્રીનંદપુત્ર–કૃષ્ણ ભગવાન વિષે અત્યંત ભક્તિવાળો થાય છે. ૮

૧૬ : પાંડુરંગાષ્ટક

महायोगपीठे तटे भीमरथ्या वरं पुंडरीकाय दातुं मुनींद्रैः । समागत्य तिष्ठन्तमानंदकंदं परब्रह्मलिंगं भजे पांडुरंगम् ॥ १ ॥

મહાન યોગપીઠરૂપ ભીમરથી નદીના કિનારા પર પુંડરીકને વરદાન દેવા મુનીંદ્રોની સાથે આવી ઊભેલા, આનંદનું મૂળ અને પરબ્રહ્મસ્વરૂપ શ્રીપાંડુરંગ-ને હું ભજું છું. ૧

तडिद्वाससं नीलमेघावभासं रमामंदिरं सुंदरं चित्प्रकाशम् । वरं त्विष्टिकायां समन्यस्तपादं परब्रह्मलिंगं भजे पांडुरंगम् ॥२॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીજળી જેવાં વસ્ત્રવાળા, કાળા મેઘ જેવી કાંતિવાળા, લક્ષ્મીના મંદિરરૂપ, સુંદર, ચૈતન્યના પ્રકાશસ્વરૂપ, શ્રેષ્ઠ અને ઈંટ ઉપર જેમણે પગ મૂકેલ છે, એવા પરબ્રહ્મસ્વરૂપ શ્રીપાંડુરંગને હું ભજું છું. ૨

प्रमाणं भवाब्धेरिदं मामकानां नितंबः कराभ्यां धृतो येन तस्मात् । विधातुर्वसत्यै धृतो नाभिकोशः परब्रह्मलिंगं भजे पांडुरंगम् ॥ ३ ॥

મારા ભક્તોના ભવસાગરનું આ પ્રમાણ છે, એવા અભિપ્રાયથી જેમણે બંને હાથ વડે નિતંબપ્રદેશ ધારણ કર્યો છે; અને વિધાતાના રહેઠાણ માટે નાભિકોષ જેમણે ધારણ કર્યો હતો, તે પરબ્રહ્મસ્વરૂપ શ્રીપાંડુરંગને હું ભજું છું ૩

स्फुरत्कौस्तुभालंकृतं कंठदेशे श्रिया जुष्टकेयूरकं श्रीनिवासम् । शिवं शान्तमीड्यं वरं लोकपालं परब्रह्मलिंगं भजे पांडुरंगम् ॥ ४ ॥

દેદીપ્યમાન કૌસ્તુભમણિથી કંઠમાં શણગારેલા, લક્ષ્મીએ સેવેલા, બાજુબંધવાળા, લક્ષ્મીના નિવાસરૂપ, કલ્યાણરૂપ, શાંત, સ્તુતિ કરવા લાયક, શ્રેષ્ઠ લોકપાલ અને પરબ્રહ્મસ્વરૂપ શ્રીપાંડુરંગને હું ભજું છું ૪

शरच्चंद्रबिंबाननं चारुहासं लसत्कुंडलक्रान्तगंडस्थलांगम् । जपारागबिंबाधरं कंजनेत्रं परब्रह्मलिंगं भजे पांडुरंगम् ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરદઋતુના ચંદ્રમંડળ સમાન મુખવાળા, સુંદર હાસ્યવાળા, પ્રકાશતાં કુંડળો વડે દબાયેલ ગાલવાળા, જેમનો નીચલો હોઠ જાસુદના પુષ્પ જેવા રંગવાળો અને પાકેલા ગીલોડા જેવો છે અને જેમનાં નેત્રો કમળ જેવાં છે, તે પરબ્રહ્મસ્વરૂપ શ્રીપાંડુરંગને હું ભજું છું. ૫

किरीटोज्ज्वलत्सर्वदिक्प्रान्तभागं सुरैरर्चितं दिव्यरत्नैरनर्घ्यैः। त्रिभंगाकृतिं बर्हमाल्यावतंसं परब्रह्मलिंगं भजे पांडुरंगम्॥

મુકુટ વડે સર્વ દિશાઓના છેડા જેમણે પ્રકાશમાન કર્યા છે અને મહા કીમતી દિવ્ય રત્નો વડે જેમને દેવોએ પૂજ્યા છે, તે ત્રિભંગઆકૃતિવાળા અને મોરપીંછ તથા પુષ્પોને મસ્તક પર અલંકાર રૂપે ધરતા પરબ્રહ્મ સ્વરૂપ શ્રીપાંડુરંગને હું ભજું છું. ૬

विभुं वेणुनादं चरन्तं दुरन्तं स्वयं लीलया गोपवेषं दधानम्। गवां वृंदकानन्दनं चारुहासं परब्रह्मलिंगं भजे पांडुरंगम्॥ ७॥

વ્યાપક, વાંસળીનો નાદ કરતા, પ્રાપ્ત કરવા મુશ્કેલ, પોતે લીલા માટે ગોવાળનો વેષ ધારણ કરતા, ગાયોના સમૂહને આનંદ પમાડનાર અને સુંદર હાસ્યવાળા પરબ્રહ્મસ્વરૂપ શ્રીપાંડુરંગને હું ભજું છું. ૭

अजं रुक्मिणीप्राणसंजीवनं तं परं धाम कैवल्यमेकं तुरीयम्। प्रसन्नं प्रपन्नार्तिहं देवदेवं परब्रह्मलिंगं भजे

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पांडुरंगम् ॥ ८ ॥

અજન્મા, રુક્મિણીના પ્રાણોનું જીવન, પરમ ધામ-રૂપ, કેવળ-જ્ઞાનસ્વરૂપ, એક જ, ચોથા (પરમાત્મા) રૂપ, પ્રસન્ન, શરણે આવેલાઓની પીડાને હરનારા, દેવોના દેવ અને પરબ્રહ્મસ્વરૂપ શ્રીપાંડુરંગને હું ભજું છું. ૮

स्तवं पांडुरंगस्य वै पुण्यदं ये पठन्त्येकचित्तेन भक्त्या च नित्यम् । भवांभोनिधिं तेऽपि तीर्त्वाऽन्तकाले हरेरालयं शाश्वतं प्राप्नुवन्ति ॥ ९ ॥

પાંડુરંગના આ પુણ્યદાયી સ્તોત્રનો જેઓ નિત્ય એક ચિત્ત અને ભક્તિથી પાઠ કરે છે, તેઓ સંસાર-સમુદ્રને તરીને અંતકાળે શ્રીહરિના સનાતન ધામને પામે છે. ૯

૧૭ : ગંગાષ્ટક

भगवति तव तीरे नीरमात्राशनोऽहं ।
विगतविषयतृष्णः कृष्णमाराधयामि ॥
सकलकलुषभंगे स्वर्गसोपानसंगे ।
तरलतरतरंगे देवि गंगे प्रसीद ॥ १ ॥

હે ભગવતિ ગંગે! આપના કિનારા પર માત્ર જળનો જ આહાર કરી, વિષયતૃષ્ણાથી રહિત થઈને, હું શ્રીકૃષ્ણનું આરાધન કરું છું. હે સમગ્ર પાપોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાશ કરનારાં ! હે સ્વર્ગનાં પગથિયાંનો સંગ કરાવનારાં! હે અતિ ચંચળ તરંગોવાળાં દેવિ ! પ્રસન્ન થાઓ.૧

भगवति भवलीलामौलिमाले तवांभः ।
कणमणुपरिमाणं प्राणिनो ये स्पृशन्ति ॥
अमरनगरनारीचामरग्राहिणीनां ।
विगतकलिकलंकातंकमंके लुठन्ति ॥ २ ॥

મહાદેવજીના મસ્તક પર આભૂષણની માળા સમાન હે ભગવતિ ! જે પ્રાણીઓ, આપના જળના અણુ જેવડા કણનો પણ સ્પર્શ કરે છે, તેઓ કલિયુગના (પાપમય) કલંકના ભયથી રહિત થઈને (સ્વર્ગમાં) દેવનગરની સ્ત્રીઓને ચામર ઢોળતી અપ્સરાઓના ખોળામાં (આનંદથી) લોટે છે. ૨

मज्जन्मातंगकुंभच्युतमदमदिरामोदमत्तालिजालं ।
स्नानैः सिद्धांगनानां कुचयुगविगलत्कुंकुमासंगपिंगम् ॥
सायंप्रातर्मुनीनां कुशकुसुमचयैश्छन्नतीरस्थनीरं ।
पायान्नो गांगमंभः करिकलभकराक्रांतरंहस्तरंगम् ॥३॥

સ્નાન કરતા હાથીઓનાં ગંડસ્થળોમાંથી ઝરતી મદરૂપી મદિરાના સુગંધથી હર્ષ પામેલા ભમરાઓના સમૂહવાળું, સિદ્ધોની સ્ત્રીઓના સ્નાનને લીધે તેઓના બંને સ્તન ઉપરથી ઝરતા કેસરના વિલેપનના સંગથી પીંગળું, સવાર–સાંજ મુનિઓના (કિનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર સંધ્યાવંદન સમયે ઉપયોગમાં લીધેલા) દર્ભો તથા પુષ્પોના સમૂહોથી જેના કિનારાનું પાણી છવાયેલું રહે છે અને હાથીઓનાં બચ્ચાંઓએ સૂંઢ વડે રોકેલા વેગવાળા તરંગોથી યુક્ત ગંગાજીનું જળ અમારું રક્ષણ કરો. ૩

ब्रह्मांडं खण्डयन्ती हरशिरसि जटावल्लिमुल्लासयन्ती स्वर्लोकादापतन्ती कनकगिरिगुहागंडशैलात्स्खलन्ती । क्षोणीपृष्ठे लुठन्ती दुरितचयचमूर्निर्भरं भर्त्सयन्ती पाथोधिं पूरयन्ती सुरनगरसरित्पावनी नः पुनातु ॥ ४ ॥

બ્રહ્માંડને તોડતાં, શંકરના મસ્તકે રહેલી જટાને શોભાવતાં, સ્વર્ગલોકમાંથી આવતાં, મેરુ પર્વતની ગુફામાં થઈને મોટા પથ્થર ઉપરથી પડતાં, પૃથ્વીની સપાટી પર વહેતાં, પાપોના સમૂહની સેનાઓનો અત્યંત તિરસ્કાર કરતાં અને સમુદ્રને ભરી દેતાં પવિત્ર ગંગાજી અમને પાવન કરો. ૪

आदावादिपितामहस्य नियमव्यापारमात्रे जलं पश्चात्पन्नगशायिनो भगवतः पादोदकं पावनम् । भूयः शंभुजटाविभूषणमणिर्जह्नोर्महर्षेरियं कन्या कल्मषनाशिनी भगवती भागीरथी दृश्यते ॥ ५ ॥

સૃષ્ટિના આદિકાળે આદિ પિતામહ–બ્રહ્મદેવને માત્ર સ્નાન–સંધ્યાદિ નિયમો આચરવાના જળરૂપ, પછીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેષશાયી ભગવાનના પવિત્ર ચરણના જળરૂપ, તે પછી શંકરની જટાના આભૂષણ માટેના મણિરૂપ અને તે પછી મહર્ષિ જહ્નુની કન્યારૂપ થયેલાં આ ભગવતી ભાગીરથી, પાપોનો નાશ કરનારાં દેખાય છે. ૫

शैलेंद्रादवतारिणी निजजले मज्जज्जनोत्तारिणी पारावारविहारिणी भयभयश्रेणीसमुत्सारिणी। शेषाहेरनुकारिणी हरशिरोवल्लीदलाकारिणी काशीप्रांतविहारिणी विजयते गंगा मनोहारिणी ॥ ६ ॥

ગિરિરાજ હિમાલય પરથી ઊતરતાં, પોતાના જળમાં સ્નાન કરતા લોકોનો ઉદ્ધાર કરતાં, સમુદ્ર તરફ વિહાર કરતાં, સંસારના ભયની પરંપરાનો નાશ કરતાં, પ્રવાહરૂપે શેષનાગનું અનુકરણ કરતાં, શંકરની જટારૂપ વેલડીના પાન જેવા આકારનાં અને કાશીના છેડે વિહાર કરતાં મનોહર ગંગાજી (જગતમાં સર્વોત્કૃષ્ટ તરીકે) વિજય પામે છે. ૬

कुतो वीचिर्वीचिस्तव यदि गता लोचनपथं त्वमापीता पीतांबरपुरनिवासं वितरसि। त्वदुत्संगे गंगे पतति यदि कायस्तनुभृतां तदा मातः शातक्रतवपदलाभोऽप्यतिलघुः ॥ ७ ॥

હે માતા! આપના તરંગ જો નજરે પડી જાય, તો સંસારરૂપ તરંગ ક્યાંથી રહે? તમને જો પીધાં હોય તો વિષ્ણુનગર–વૈકુંઠમાં તમે વાસ આપો છો; હે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગાજી ! તમારા ખોળામાં પ્રાણીઓનું શરીર જો પડે, તો તેઓને ઇંદ્રપદનો લાભ થાય, એ તો અત્યંત નાનામાં નાનો લાભ છે. (અર્થાત્ તમારા પ્રવાહમાં માત્ર એક જ વાર પ્રાણીઓનું શરીર જો પડે, તો તેઓને ઇંદ્રપદથી પણ મોટા પદની પ્રાપ્તિ થાય છે; પણ છેવટે ઇંદ્રપદ તો અવશ્ય મળે જ છે.) ૭

गंगे त्रैलोक्यसारे सकलसुरवधूधौतविस्तीर्णतोये पूर्णब्रह्मस्वरूपे हरिचरणरजोहारिणि स्वर्गमार्गे । प्रायश्चित्तं यदि स्यात्तव जलकणिका ब्रह्महत्यादिपापे कस्त्वां स्तोतुं समर्थस्त्रिजगदघहरे देवि गंगे प्रसीद ॥ ८ ॥

હે ગંગાજી ! સમગ્ર દેવાંગનાઓએ આપનાં વિશાળ જળને ધોયું છે, આપ પૂર્ણ બ્રહ્મનું સ્વરૂપ છો, શ્રીહરિના ચરણની રજને લાવો છો, સ્વર્ગના માર્ગરૂપ છો અને બ્રહ્મહત્યા વગેરે પાપ માટે જો કોઈ પણ પ્રાયશ્ચિત્ત હોય, તો આપના જળનો માત્ર એક જ કણ બસ છે; આમ ત્રણે જગતનાં પાપોનો નાશ કરનારાં હે દેવિ ગંગાજી ! આપની સ્તુતિ કરવાને કોણ સમર્થ છે ? માટે પ્રસન્ન થાઓ. ૮

मातर्जाह्नवि शंभुसंगवलिते मौलौ निधायांजलिं त्वत्तीरे वपुषोऽवसानसमये नारायणांघ्रिद्वयम् । सानन्दं स्मरतो भविष्यति मम प्राणप्रयाणोत्सवे भूयाद्भक्तिरविच्युता हरिहराद्वैता-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्मिका शाश्वती ॥ ९ ॥

શંકરના સંગ માટે વળેલાં હે માતા ગંગાજી! શરીરના અવસાનસમયે આપના કિનારા પર બેસી મસ્તકે અંજલિ કરીને આનંદપૂર્વક શ્રીનારાયણના બન્ને ચરણોનું જ્યારે હું સ્મરણ કરતો હોઈશ, ત્યારે મારા પ્રાણપ્રયાણનો એ એક ઉત્સવ જ હશે; અને શિવ–વિષ્ણુની એકતારૂપ ભાવનાવાળી અસ્ખલિત ભક્તિ મને સદાકાળ પ્રાપ્ત થાઓ. ૯

गंगाष्टकमिदं पुण्यं यः पठेत्प्रयतो नरः । सर्वपापविनिर्मुक्तो विष्णुलोकं स गच्छति ॥ १० ॥

જે મનુષ્ય સાવધાન થઈ આ પવિત્ર ગંગાષ્ટકનો પાઠ કરે છે, તે સર્વ પાપોથી મુક્ત થઈ વિષ્ણુલોકમાં જાય છે. ૧૦

૧૮ : યમુનાષ્ટક

कृपापारावारां तपनतनयां तापशमनीं मुरारिप्रेयस्यां भवभयदवां भक्तिवरदाम् । वियज्ज्वालान्मुक्तां श्रियमपि सुखाप्तेः प्रतिदिनं सदा धीरो नूनं भजति यमुनां नित्यफलदाम् ॥१॥

કૃપાના સમુદ્રરૂપ, સૂર્યનાં પુત્રી, તાપને શાંત કરનારાં, મુરારિ ભગવાનને અત્યંત પ્રિય, સંસારરૂપ ભયને બાળી નાખનારાં, ભક્તિ દ્વારા વર આપનારાં અને નિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફળ(મોક્ષ)ને દેનારાં યમુનાજીને ધીર પુરુષ સદા ભજે છે; જેથી પ્રતિદિન સુખની પ્રાપ્તિ થવાથી વિપત્તિઓના સમૂહથી રહિત લક્ષ્મીને પણ તે અવશ્ય પામે છે. ૧

मधुवनचारिणि भास्करवाहिनि जाह्नविसंगिनि सिंधुसुते मधुरिपुभूषिणि माधवतोषिणि गोकुलभीतिविनाशकृते । जगदघमोचनि मानसदायिनि केशवकेलिनिदानगते जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय माम् ॥ २ ॥

હે યમુનાજી! તમે જય પામો, જય પામો. તમે મધુવનમાં વહો છો, સૂર્યમાંથી નીકળ્યાં છો, ગંગાજીને મળો છો, સમુદ્રનાં પણ પુત્રી ગણાઓ છો, મધુરિપુ–શ્રીકૃષ્ણનું ભૂષણ છો, શ્રીકૃષ્ણને સંતોષ ઉપજાવનારાં છો, ગોકુળના ભયનો તમે નાશ કર્યો છે, જગતને પાપથી મુક્ત કરો છો, મન(ની પ્રસન્નતા)ને આપો છો, શ્રીકૃષ્ણની ક્રીડાઓનું મૂળ કારણ થયાં છો અને ભયનું નિવારણ કરો છો. હે સંકટનો નાશ કરનારાં! મને પવિત્ર કરો. ૨

अयि मधुरे मधुमोदविलासिनि शैलविहारिणि वेगभरे परिजनपालिनि दुष्टनिषूदिनि वांछितकामविलासधरे । व्रजपुरवासिजनार्जितपातकहारिणि विश्वजनोद्धारिके जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय माम् ॥ ३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મધુર યમુનાજી! તમે મધુવનમાં આનંદના વિલાસો ઉપજાવો છો, પહાડમાંથી વહો છો, તમારો વેગ ઘણો જ છે, ભક્તજનોનું તમે પાલન કરો છો, દુષ્ટોનો નાશ કરો છો, (ભક્તોની) ઇચ્છિત કામનાઓના વિલાસોને પોષો છો, વ્રજવાસીઓનાં પાપોને હરો છો અને જગતના લોકોનો ઉદ્ધાર કરો છો. હે ભયનું વારણ કરનારાં અને સંકટોનો નાશ કરનારાં! તમે જય પામો, જય પામો; અને મને પવિત્ર કરો. ૩

अतिविपदंबुधिमग्नजनं भवतापशताकुलमानसकं गतिमतिहीनमशेषभयाकुलमागतपादसरोजयुगम् । ऋणभयभीतिमनिष्कृतिपातककोटिशतायुतपुंजतरं जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय माम् ॥ ४ ॥

જેનાં (કુટુંબી) જનો અતિશય વિપત્તિરૂપ સમુદ્રમાં ડૂબી રહ્યાં છે અને જેનું મન સેંકડો સાંસારિક તાપોથી ગભરાયું છે,એવો હું, આધાર વિનાનો, બુદ્ધિ રહિત,બધી જાતનાં ભયથી આકુળ, કરજના ભયથી ભયભીત અને જેને માટે કોઈ પ્રાયશ્ચિત્ત નથી, એવાં કરોડો ને અબજો પાપોના મોટા ઢગથી વ્યાપ્ત છું; તેથી હે યમુનાજી! તમારા ચરણયુગલને શરણે આવ્યો છું; તો હે ભયનું નિવારણ કરનારાં અને સંકટોનો નાશ કરનારાં! મને પવિત્ર કરો; અને જય પામો, જય પામો. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नवजलदद्युतिकोटिलसत्तनुहेममयाभररंजितके तडिदवहेलिपदांचलचंचलशोभितपीतसुचैलधरे । मणिमयभूषणचित्रपटासनरंजितगंजितभानुकरे जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय माम् ॥ ५ ॥

હે યમુનાજી! આપનું શરીર નવા મેઘ જેવી કાંતિઓની શિખાઓથી પ્રકાશી રહ્યું છે અને તેના પરનાં સુવર્ણમય આભૂષણોથી આપ રંજિત છો; આપે પીળાં સુંદર વસ્ત્રો પહેર્યાં છે, જે વીજળીનો પણ તિરસ્કાર કરનારાં અને પગના છેડા સુધી ડોલતાં શોભી રહ્યાં છે; વળી મણિમય આભૂષણોથી રંગબેરંગી બનેલાં વસ્ત્રના આસન વડે તમે રંગાયેલાં છો અને સૂર્યનાં કિરણોનો તિરસ્કાર કરો છો. હે ભયનું નિવારણ કરનારાં અને સંકટોનો નાશ કરનારાં! મને પવિત્ર કરો; અને જય પામો, જય પામો. ૫

शुभपुलिने मधुमत्तयदूद्भवरासमहोत्सवकेलिभरे उच्चकुलाचलराजितमौक्तिकहारमयाभररोदसिके । नवमणिकोटिकभास्करकंचुकिशोभिततारकहारयुते जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय माम् ॥ ६ ॥

હે યમુનાજી! આપના સુંદર કિનારા પર મદ્યપાનથી મદોન્મત્ત બનેલા યદુવંશી બલદેવજીએ રાસક્રીડાનો મહોત્સવ કર્યો હતો; આપે ઊંચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલાંચલકલિંદ પર્વત પર રહીને મોતીમય હારના અલંકારોથી આકાશ તથા ભૂમિને પ્રકાશિત કર્યાં છે. આપની કાંચળી (કમખો અથવા ચોળી) નવા મણિઓની શ્રેષ્ઠતાને લીધે સૂર્ય જેવી (પ્રકાશે) છે અને આપે શોભીતાં મોતીઓના હાર પહેર્યા છે. હે ભયનું વારણ કરનારાં અને સંકટોનો નાશ કરનારાં! તમે જય પામો, જય પામો; અને મને પવિત્ર કરો. ૬

करिवरमौक्तिकनासिकभूषणवातचमत्कृतचंचलके मुखकमलामलसौरभचंचलमत्तमधुव्रतलोचनिके । मणिगणकुंडललोलपरिस्फुरदाकुलगंडयुगामलके जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय माम् ॥ ७ ॥

હે યમુનાજી! આપના નાકના અલંકાર ઉત્તમ હાથીનાં મોતીઓથી બનેલા છે અને વાયુથી ડોલીને તે ચમકે છે; આપના મુખકમળમાંથી નિર્મળ સુગંધ નીકળે છે; તેથી તેના તરફ ભમરાઓ ધસી આવે છે અને તેને લીધે આપનાં નેત્રો ચંચળ બને છે; વળી મણિઓથી વ્યાપ્ત આપનાં કુંડળો ડોલી રહ્યાં છે; તેથી આપના બન્ને નિર્મળ ગાલ ચારે બાજુ પ્રકાશમાન અને આકુળ રહે છે. હે ભયનું નિવારણ કરનારાં અને સંકટોનો નાશ કરનારાં! તમે જય પામો, જય પામો; અને મને પવિત્ર કરો. ૭

कलरवनूपुरहेममयांचितपादसरोरुहसारुणिके धिमिधिमि-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धिमिधिमितालविनोदितमानसमंजुलपादगते । तव पदपंकजमाश्रितमानवचित्तसदाखिलतापहरं जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय माम् ॥ ८ ॥

હે યમુનાજી! આપનાં ચરણકમળ સુંદર ઝણકાર કરતાં સોનાનાં ઝાંઝરોથી યુક્ત અને રતાશવાળાં છે; આપના પગની સુંદર ચાલ 'ધિમિ ધિમિ, ધિમિ, ધિમિ,' એવા તાલ વડે મનને વિનોદ પમાડે છે. આપનું ચરણકમળ આશ્રિત મનુષ્યના ચિત્તના સમગ્ર તાપને હરનારું છે. હે ભયનું નિવારણ કરનારાં અને સંકટોનો નાશ કરનારાં! તમે જય પામો, જય પામો; અને મને પવિત્ર કરો. ૮

૧૯ : નર્મદાષ્ટક

सबिंदुसिंधुरस्खलत्तरंगभंगरंजितं द्विषत्सु पापजातजातकारिवारिसंयुतम् । कृतांतदूतकालभूतभीतिहारिवर्मदे त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥ १ ॥

હે દેવિ નર્મદે! આપ કાળના દૂતો, કાળ તથા ભૂતડાંના ભયને હરનાર (પોતાના દર્શનરૂપ) બખ્તરને આપો છો; આપનું ચરણકમળ મદનાં બિંદુઓવાળા હાથીઓથી રોકાતા તરંગોની લહેરોથી રંગાયેલું છે; અને (રાગ–દ્વેષાદિ) શત્રુઓના નિમિત્તે ઉત્પન્ન થયેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપોના સમૂહોના શત્રુ સમાન જળથી યુક્ત છે; તેને હું નમન કરું છું. ૧

त्वदंबु लीनदीनमीनदिव्यसंप्रदायकं कलौ मलौघभारहारि सर्वतीर्थनायकम्। सुमत्स्यकच्छनक्रचक्रचक्रवाकशर्मदे त्वदीय-पादपंकजं नमामि देवि नर्मदे ॥ २ ॥

સુંદર માછલાં, કાચબા, મગરમચ્છો અને ચક્રવા-કોને પણ સુખ આપનારાં હે દેવિ નર્મદે! આપનું જળ, પોતાની અંદર રહેલાં ગરીબ માછલાંઓને પણ દિવ્ય સુખ આપનાર, કલિયુગના નિમિત્તે લાગેલાં પાપોરૂપ મેલનો મોટો ભાર હરનાર અને સર્વ તીર્થોમાં નાયક છે. આપના ચરણકમળને હું નમું છું. ૨

महागभीरनीरपूरपापधूतभूतलं ध्वनत्समस्तपातकारिदा-रितापदाजलम्। जगल्लये महाभये मृकंडुसूनुहर्म्यदे त्वदीयपाद-पंकजं नमामि देवि नर्मदे ॥ ३ ॥

મહાભયંકર જગતના પ્રલયવખતે માર્કંડેય મુનિને હવેલી આપનારાં હે દેવિ નર્મદે! મહા ગંભીર પાણીના પૂર વડે પૃથ્વીતલનાં પાપો જેણે ધોઈ નાખ્યાં છે, ગર્જના કરતાં સમસ્ત પાપોનાં શત્રુ અને આપત્તિઓના પ્રવાહને ચીરી નાખનારા એવા આપના ચરણકમળને હું નમું છું. ૩

गतं तदैव मे भयं त्वदंबु वीक्षितं यदा मृकंडुसूनु-शौनकासुरारिसेवि सर्वदा । पुनर्भवाब्धिजन्मजं भवाब्धिदुःख-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वर्मदे त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥ ४ ॥

સંસારસમુદ્રના દુઃખને રોકનાર (દર્શનરૂપ) બખ્તરને દેનારાં હે દેવિ નર્મદે! માર્કંડેય, શૌનક વગેરે મુનિઓ તથા દેવોએ સેવેલું આપનું જળ જ્યારે મેં જોયું, કે તે જ સમયે મારો પુનર્જન્મરૂપ સમુદ્રથી થનારો ભય સદાકાળ માટે જતો રહ્યો છે. આપના ચરણકમળને હું નમું છું. ૪

अलक्षलक्षकिन्नरामरासुरादिपूजितं सुलक्षनीरतीरधीरपक्षिलक्षकूजितम् । वसिष्ठशिष्टपिप्पलादकर्दमादिशर्मदे त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥ ५ ॥

વસિષ્ઠ, સત્પુરુષ પિપ્પલાદ વગેરે તથા કર્દમ આદિને સુખ દેનારાં હે દેવિ નર્મદે! પ્રત્યક્ષ નહિ દેખાતા લાખો કિન્નરો, દેવો તથા દૈત્યો વગેરેએ પૂજેલા અને સારી રીતે જોઈ શકાતા પાણીના કિનારા પર લાખો ધીર પક્ષીઓ વડે શબ્દ કરાતા આપના ચરણકમળને હું નમું છું. ૫

सनत्कुमारनाचिकेतकश्यपात्रिषट्पदैर्धृतं स्वकीयमानसेषु नारदादिषट्पदैः । रवींदुरंतिदेवदेवराजकर्मशर्मदे त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥ ६ ॥

સૂર્ય, ચંદ્ર, રંતિદેવ તથા દેવરાજા–ઇંદ્રને કર્મ પ્રમાણે સુખ દેનારાં હે દેવિ નર્મદે! સનત્કુમાર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાચિકેત, કશ્યપ, અત્રિ તથા નારદ વગેરેએ ભમરાઓ-ની પેઠે પોતાના મનમાં ધારણ કરેલ આપના ચરણ-કમળને હું નમું છું. ૬

अलक्षलक्षलक्षपापलक्षसारसायुधं ततस्तु जीवजंतु-तंतुभुक्तिमुक्तिदायकम् । विरिंचिविष्णुशंकरस्वकीयधामवर्मदे त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥ ७ ॥

બ્રહ્મા, વિષ્ણુ અને શંકરને પણ પોતાના ધામરૂપ (સુરક્ષિત) બખ્તર દેનારાં હે દેવિ નર્મદે! લક્ષ્યરૂપે નહિ દેખાતાં લાખો પાપોરૂપ લક્ષ્યોને વીંધી નાખવા-માં ઉત્તમ આયુધ સમાન અને જીવજંતુઓના સમૂહોને ભોગ તથા મોક્ષ આપનાર આપના ચરણકમળને હું નમું છું. ૭

अहो मृतं स्वनं श्रुतं महेशकेशजातटे किरातसूतवाड-वेषु पंडिते शठे नटे । दुरंतपापतापहारिसर्वजंतुशर्मदे त्वदीपादपंकजं नमामि देवि नर्मदे ॥ ८ ॥

હે સર્વ જંતુઓને સુખ દેનારાં દેવિ નર્મદે! શંકરના કેશમાંથી ઉત્પન્ન થયેલાં ગંગાજીના કિનારે તો આશ્ચર્ય છે કે ભીલ્લો, ભાટ–ચારણો, બ્રાહ્મણો, પંડિત, શઠ તથા નટને ઉદ્દેશી મરણ–શબ્દ સંભળાય છે; (અર્થાત ગંગાકિનારે તો ઘણા રિબાઈરિબાઈને મરેલા સાંભળ્યા છે) ત્યારે આપનું ચરણકમળ તો અનંત પાપવાળા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓના તાપને પણ હરનારું છે; તેને હું નમું છું. ૮

इदं तु नर्मदाष्टकं त्रिकालमेव ये सदा पठन्ति ते निरंतरं न यान्ति दुर्गतिं कदा। सुलभ्य देहदुर्लभं महेशधाम-गौरवं पुनर्भवा नरा न वै विलोकयन्ति रौरवम् ॥ ९ ॥

આ નર્મદાષ્ટકનો નિરંતર ત્રણે કાળ જેઓ નિત્ય પાઠ કરે છે, તેઓ કદી દુર્ગતિમાં જતા નથી; વળી તે પુરુષો, આ દેહથી દુર્લભ મહેશ્વરના ધામરૂપ ગૌરવને સહેલાઈથી પામી પુનર્જન્મ પામતા નથી અને રૌરવ–નરકને દેખતા જ નથી. ૯

૨૦ મણિકર્ણિકાષ્ટક

त्वत्तीरे मणिकर्णिके हरिहरौ सायुज्यमुक्तिप्रदौ वादं तौ कुरुत. परस्परमुभौ जन्तोः प्रयाणोत्सवे। मद्रूपो मनुजोऽ-यमस्तु हरिणा प्रोक्तः शिवस्तत्क्षणात्तन्मध्याद्भृगुलांछनो गरुडगः पीतांबरो निर्गतः ॥ १ ॥

હે મણિકર્ણિકે! તમારા કિનારા પર શ્રીહરિ તથા શંકર સાયુજ્યમુક્તિ આપનાર તરીકે હાજર રહે છે; તેઓ પ્રાણીના (મરણકાળે) પ્રયાણના ઉત્સવમાં પરસ્પર વાદ કરે છે; (કે આને સાયુજ્યમુક્તિ હું આપું, આને સાયુજ્યમુક્તિ હું આપું.) તે વેળા શ્રી-હરિ શંકરને કહે છે: "આ મનુષ્ય મારા સ્વરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાઓ". એટલે તે જ ક્ષણે પેલા (મરણ પામતા પ્રાણીના) શરીરમાંથી ભૃગુ-શ્રીહરિનાં ચિહ્નોવાળો, ગરુડ પર બેઠેલો અને પીતાંબરધારી પુરુષ બહાર નીકળે છે. ૧

इन्द्राद्यास्त्रिदशाः पतन्ति नियतं भोगक्षये ते पुनर्जायन्ते मनुजास्ततोऽपि पशवः कीटाः पतंगादयः । ये मातर्मणिकर्णिके तव जले मज्जन्ति निष्कल्मषाः सायुज्येऽपि किरीटकौस्तुभधरा नारायणाः स्युर्नराः ॥ २ ॥

ઇંદ્રાદિ દેવો, પોતાનાં પુણ્યકર્મોના ભોગોનો જ્યારે નાશ થાય છે, ત્યારે અવશ્ય (સ્વર્ગમાંથી) પડે છે અને મનુષ્યો તરીકે જન્મે છે; અને તે પછી પશુઓ, કીડા કે પતંગિયાં વગેરે રૂપે ઉત્પન્ન થાય છે; પરંતુ હે માતા મણિકર્ણિકા! તમારા જળમાં જેઓ સ્નાન કરે છે, તે મનુષ્યો તો પાપ રહિત થઈ સાયુજ્યમુક્તિ પામે છે; અને તે વેળા પણ મુકુટ તથા કૌસ્તુભમણિને ધારણ કરનારા શ્રીનારાયણ જ થાય છે. ૨

काशी धन्यतमा विमुक्तिनगरी सालंकृता गंगया तत्रेयं मणिकर्णिका सुखकरी मुक्तिर्हि तत्किंकरी । स्वर्लोकस्तुलितः सहैव विबुधैः काश्या समं ब्रह्मणा काशी क्षोणितले स्थिता गुरुतरा स्वर्गो लघुः खे गतः ॥ ३ ॥

કાશી નગરી અત્યંત ધન્ય છે; કેમ કે તે મુક્તિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગરી છે અને ગંગા વડે સુશોભિત છે; વળી ત્યાં મણિકર્ણિકા (ઘાટ) સુખકારક છે; કેમ કે મુકિત તેની દાસી છે. દેવોએ બ્રહ્માની સાથે રહી સ્વર્ગલોકને (ત્રાજવામાં મૂકી) કાશી સાથે તોળી જોયો હતો; તે વેળા કાશી (નું છાબડું) જમીન પર જ રહી વજનમાં અતિશય ભારે જણાયેલ; અને સ્વર્ગ (નું છાબડું) તો વજનમાં હલકું હોઈ, છેક આકાશમાં પહોંચ્યું હતું. (એ જ કારણથી અત્યારે પણ ગરવી કાશી જમીન પર છે અને હલકું સ્વર્ગ આકાશમાં છે.) ૩

गंगातीरमनुत्तमं हि सकलं तत्रापि काश्युत्तमा तस्यां सा मणिकर्णिकोत्तमतमा यत्रेश्वरो मुक्तिदः। देवानामपि दुर्लभं स्थलमिदं पापौघनाशक्षमं पूर्वोपार्जितपुण्यपुंजगमकं पुण्यैर्जनैः प्राप्यते ॥ ४ ॥

ગંગાનો આખો ય કિનારો સર્વોત્તમ છે; તેમાં પણ કાશી ઉત્તમ છે અને તેમાં પણ મણિકર્ણિકા ઉત્તમમાં ઉત્તમ છે; જ્યાં ઈશ્વર મુકિત આપનારા છે. એ સ્થળ દેવોને પણ દુર્લભ, પાપોના સમૂહનો નાશ કરનારું પૂર્વ જન્મમાં મેળવેલાં પુણ્યોને જણાવનાર અને પુણ્યોથી જ લોકો વડે તે પ્રાપ્ત કરાય છે. ૪

दुःखांभोनिधिमग्नजंतुनिवहास्तेषां कथं निष्कृतिर्ज्ञात्वैतद्धि विरंचिना विरचिता वाराणसी शर्मदा। लोकाः स्वर्गसुखास्त-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तोऽपि लंघवो भोगांतपातप्रदाः काशी मुक्तिपुरी सदा शिवकरी धर्मार्थिकामोत्तरा ॥ ५ ॥

'પ્રાણીઓના સમુદાય દુઃખરૂપી સમુદ્રમાં ડૂબેલા રહે છે; તેઓ માટે એમનાં પાપો દૂર કરવાનો ઉપાય કયો?' એમ બ્રહ્માએ વિચાર કરી કલ્યાણદાયક વારાણસી નગરી રચી છે; સ્વર્ગ વગેરે લોક તો તેના કરતાં હલકા છે; કેમ કે તેઓ સુખભોગના અંતે આ લોકમાં પાડનારા છે; ત્યારે કાશી તો સદાને માટે કલ્યાણકારી તથા ધર્મ, અર્થ અને કામ કરતાં પણ ઉત્કૃષ્ટ (મોક્ષરૂપ) ફળને આપનારી મુક્તિનગરી છે. ૫

एको वेणुधरो धराधरधरः श्रीवत्सभूषाधरो योऽप्येकः किल शंकरो विषधरो गंगाधरो माधरः । ये मातर्मणिकर्णिके तव जले मज्जन्ति ते मानवा रुद्रा वा हरयो भवन्ति बहवस्तेषां बहुत्वं कथम् ॥ ६ ॥

એક શ્રીવિષ્ણુ ભગવાન વાંસળીને ધારણ કરનાર, ગોવર્ધન પર્વતને ધારણ કરનાર, લક્ષ્મીને ધારણ કરનાર અને શ્રીવત્સનું આભૂષણ ધારણ કરનાર છે; તેમ જ એક શ્રીશંકર વિષ ધારણ કરનાર, ગંગા ધારણ કરનાર અને પાર્વતીજીને ધારણ કરનાર છે. બન્ને ખરી રીતે એક જ છે; તો હે માતા મણિકર્ણિકા! જે ઘણા લોકો તમારા જળમાં સ્નાન કરે છે, તેઓ શંકર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપ થાય કે શ્રીહરિસ્વરૂપ થાય; પણ તેઓમાં ઘણાપણું કેવી રીતે રહે છે? (નથી જ રહેતું; કેમ કે હરિ–હર બન્ને જો એક જ છે, તો તેમના સ્વરૂપે થયેલા પણ એક જ રૂપે બને છે, એમાં શંકા નથી.) ૬

त्वत्तीरे मरणं तु मंगलकरं देवैरपि श्लाघ्यते शक्रस्तं मनुजं सहस्रनयनैर्द्रष्टुं सदा तत्परः। आयान्तं सविता सहस्रकिरणैः प्रत्युद्गतोऽभूत्सदा पुण्योऽसौ वृषगोऽथवा गरुडगः किं मंदिरं यास्यति ॥ ७ ॥

હે માતા! તમારા તીરે મરણ થાય, તે પણ મંગલકારક છે અને દેવો પણ તેને વખાણે છે; ઇંદ્ર પોતે હજાર નેત્રો વડે તે મનુષ્યનાં દર્શન કરવા સદા તત્પર રહે છે; તેમ જ સૂર્ય પણ આવતા તે મનુષ્યની સામે હજાર કિરણો વડે સદા જાય છે; અને 'પોઠિયા પર અથવા ગરુડ પર બેઠેલો આ પવિત્ર મનુષ્ય કયા મંદિરે જશે' એમ ઉત્સુક બની વાટ જુએ છે. ૭

मध्याह्ने मणिकर्णिकास्नपनजं पुण्यं न वक्तुं क्षमः स्वीयैरब्दशतैश्चतुर्मुखसुरो वेदार्थदीक्षागुरुः। योगाभ्यासबलेन चंद्रशिखरस्तत्पुण्यपारं गतस्त्वत्तीरे प्रकरोति सप्तपुरुषं नारायणं वा शिवम् ॥ ८ ॥

બપોરે મણિકર્ણિકામાં સ્નાન કરવાથી જે પુણ્ય થાય છે, તેનું વર્ણન કરવા પોતાનાં સો વર્ષો પૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય, તોપણ બ્રહ્મા સમર્થ નથી; માત્ર ચંદ્રશેખર–મહાદેવજી તે પુણ્યનો પાર પામ્યા છે; અને તેથી જ એ તીર પર સ્નાન કરનારના સાત પેઢીના પુરુષોને નારાયણ અથવા શિવસ્વરૂપ કરે છે. ૮

कृच्छ्रैः कोटिशतैः स्वपापनिधनं यच्चाश्वमेधैः फलं तत्सर्वं मणिकर्णिकास्नपनजे पुण्ये प्रविष्टं भवेत् । स्नात्वा स्तोत्रमिदं नरः पठति चेत्संसारपाथोनिधिं तीर्त्वा पल्वलवत्प्रयाति सदनं तेजोमयं ब्रह्मणः ॥ ९ ॥

અબજો કૃચ્છ્ર ચાંદ્રાયણ–વ્રત કરવાથી પોતાનાં પાપનો નાશ કરો; અથવા અશ્વમેધ યજ્ઞો કરી જે ફળ પામો, તે બધું મણિકર્ણિકામાં સ્નાન કરવાના પુણ્યમાં સમાઈ જાય છે. જે મનુષ્ય ત્યાં સ્નાન કરી આ સ્તોત્રનો પાઠ કરે છે, તે સંસારસમુદ્રને ખાબોચિયાંની પેઠે તરી જઈ તેજોમય બ્રહ્મધામમાં જાય છે. ૯

૨૧ : દક્ષિણામૂર્તિ–સ્તોત્ર

उपासकानां यदुपासनीयमुपात्तवासं वटशाखिमूले ।
तद्धाम दाक्षिण्यजुषा स्वमूर्त्या जागर्तु चित्ते मम बोधरूपम् ॥१॥

જે ઉપાસકોને ઉપાસના કરવા યોગ્ય છે, જેમણે વડના ઝાડનાં મૂળ પાસે વાસ કર્યો છે અને દક્ષિણ તરફની પોતાની મૂર્તિથી જે યુક્ત છે, તે જ્ઞાનસ્વરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ મારા ચિત્તમાં જાગ્રત રહો. ૧

अद्राक्षमक्षीणदयानिधानमाचार्यमाद्यं वटमूलभागे ।
मौनेन मंदस्मितभूषितेन महर्षिलोकस्य तमो नुदन्तम् ॥२॥

અખૂટ દયાના ભંડાર અને મંદ હાસ્યથી શોભતા મૌન વડે મહર્ષિલોકના અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરતા આદ્ય આચાર્યનાં વડના મૂળ ભાગમાં મેં દર્શન કર્યાં. ૨

विद्रावितारोषतमोगणेन मुद्राविशेषेण मुहुर्मुनीनाम् ।
निरस्य मायां दयया विधत्ते देवो महांस्तत्त्वमसीति बोधम् ॥३॥

મહાન દેવ–શ્રીદક્ષિણામૂર્તિ, સમગ્ર અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનારી અમુક મુદ્રા વડે મુનિઓની માયાને દૂર કરી 'तत्त्वमसि' એ વાક્યનો તેમને બોધ આપે છે. ૩

अपारकारुण्यसुधातरंगैरपांगपातैरवलोकयन्तम् ।
कठोरसंसारनिदाघतप्तान्मुनीनहं नौमि गुरुं गुरूणाम् ॥४॥

કઠોર સંસારરૂપ ઉનાળાથી તપેલા મુનિઓ તરફ અપાર દયારૂપ અમૃતના તરંગો સરખા કટાક્ષપાતો વડે જોતા અને ગુરુઓના ગુરુ શ્રીદક્ષિણામૂર્તિની હું સ્તુતિ કરું છું. ૪

ममाद्य देवो वटमूलवासी कृपाविशेषात्कृतसंनिधानः ।
ओंकाररूपामुपदिश्य विद्यामाविद्यकध्वान्तमपाकरोतु ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડના મૂળ પાસે વસતા અને ઋણી કૃપાથી સમીપ આવતા શ્રીદક્ષિણામૂર્તિ દેવ, ૐકારરૂપ વિદ્યાનો મને ઉપદેશ કરી મારા અજ્ઞાનરૂપ અંધકારને આજે દૂર કરો. ૫

कलाभिरिंदोरिव कल्पितांगं मुक्ताकलापैरिव बद्धमूर्तिम् ।
आलोकये देशिकमप्रमेयमनाद्यविद्यातिमिरप्रभातम् ॥ ६ ॥

જેમનું અંગ ચંદ્રની કળાઓથી જાણે બન્યું હોય અને જેમની મૂર્તિ મોતીઓના સમૂહથી જાણે બંધાઈ હોય, એવા અનુપમ અને અનાદિ અવિદ્યારૂપ અંધારું દૂર કરવામાં પ્રભાત સરખા ગુરુ–શ્રીદક્ષિણામૂર્તિનાં હું દર્શન કરું છું. ૬

स्वदक्षजानुस्थितवामपादं पादोदरालंकृतयोगपट्टम् ।
अपस्मृतेराहितपादमंगं प्रणौमि देवं प्रणिधानवन्तम् ॥ ७ ॥

જેમનો ડાબો પગ પોતાના જમણા ઢીંચણ પર રહ્યો છે, જેમના પગ તથા પેટ ઉપર યોગપટ્ટ શોભી રહેલ છે અને (ભક્તજનના) અંતરમાં વિસ્મરણ થતાં જ પોતાનો ચરણ જેમણે સ્થાપેલ છે, તે ધ્યાનમગ્ન દેવ–દક્ષિણામૂર્તિની હું અત્યંત સ્તુતિ કરું છું. ૭

तत्त्वार्थमंते.वसतामृषीणां युवापि यः सन्नुपदेष्टुमीष्टे ।
प्रणौमि तं प्राक्तनपुण्यजालैराचार्यमाश्चर्यगुणाधिवासम् ॥ ८ ॥

જે યુવાન છે, તોપણ વિદ્યાર્થીરૂપે સમીપ વસતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિઓને તત્ત્વાર્થનો ઉપદેશ કરવા સમર્થ છે, તે આશ્ચર્યકારક ગુણોના વાસરૂપ આચાર્ય-શ્રીદક્ષિણામૂર્તિની હું, પૂર્વજન્મોનાં અનેક પુણ્યોથી અધિક સ્તુતિ કરું છું. ૮

एकेन मुद्रां परशुं करेण करेण चान्येन मृगं दधानः ।
स्वजानुविन्यस्तकरः पुरस्तादाचार्यचूडामणिराविरस्तु ॥ ९ ॥

એક હાથ વડે મુદ્રા, બીજા હાથ વડે પરશુ અને ત્રીજા હાથ વડે મૃગને ધારણ કરતા; ચોથો હાથ પોતાના ઢીંચણ ઉપર રાખતા અને આચાર્યોના મુકુટમણિ શ્રીદક્ષિણામૂર્તિ મારી આગળ પ્રગટ થાઓ. ૯

आलेपवन्तं मदनांगभूत्या शार्दूलकृत्या परिधानवन्तम् ।
आलोकये कंचन देशिकेन्द्रमज्ञानवाराकरवाडवाग्निम् ॥१०॥

કામદેવના અંગની ભસ્મ વડે (શરીરે) વિલેપન લગાડતા, વ્યાઘ્રચર્મનું વસ્ત્ર પહેરતા અને અજ્ઞાનરૂપ જળના સમૂહને બાળી નાખવામાં વડવાનળ સરખા અદ્ભુત ગુરુદેવ-શ્રી દક્ષિણામૂર્તિનાં હું દર્શન કરું છું. ૧૦

चारु स्थितं सोमकलावतंसं वीणाधरं व्यक्तजटाकलापम् ।
उपासते केचन योगिनस्त्वामुपात्तनादानुभवप्रमोदम् ॥११॥

હે દેવ! સુંદર રીતે બેઠેલા, ચંદ્રની કળાને (મસ્તકે) ભૂષણરૂપે ધરતા, વીણાધારી, ખુલ્લી જટાજૂટવાળા અને (અંતરના) નાદના અનુભવથી હર્ષ પામતા આપને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક યોગીઓ ઉપાસે છે. ૧૧

उपासते यं मुनयः शुकाद्या निराशिषो निर्ममताधिवासाः ।
तं दक्षिणामूर्तितनुं महेशमुपास्महे मोहमहार्तिशान्त्यै ॥१२॥

સમસ્ત કામનાઓથી રહિત અને મમતારહિતપણાના વાસરૂપ શુક આદિ મુનિઓ જેમની ઉપાસના કરે છે, તે દક્ષિણામૂર્તિ મહેશ્વરને અમે, મોહની મોટી પીડા શાંત કરવા ઉપાસીએ છીએ. ૧૨

कान्त्या निन्दितकंदकंदलवपुर्न्यग्रोधमूले वसन्कारुण्यामृतवारिभिर्मुनिजनं संभावयन्वीक्षितैः । मोहध्वान्तविभेदनं विरचयन्बोधेन तत्तादृशा देवस्तत्त्वमसीति बोधयतु मां मुद्रावता पाणिना ॥ १३ ॥

કાંતિ વડે કંદમૂળના અંકુર કરતાં પણ અધિક (ઉજ્જ્વળ) શરીરવાળા, વડના મૂળ પાસે વસતા, કરુણારૂપ અમૃતના જળ સરખી દૃષ્ટિ વડે મુનિજનો પર કૃપા કરતા અને અલૌકિક અદ્‌ભુત જ્ઞાન વડે મોહરૂપ અંધકારનો નાશ કરતા શ્રીદક્ષિણામૂર્તિ દેવ, મુદ્રાયુક્ત હાથ વડે મને ‘तत्त्वमसि’ વાક્યનો બોધ આપો. ૧૩

अगौरनेत्रैरललाटनेत्रैरशान्तवेषैरभुजगभूषैः ।
अबोधमुद्रैरनपास्तनिद्रैरपूरकामैरमरैरलं नः ॥ १४ ॥

જેઓનાં નેત્ર ઉજ્જ્વળ નથી, જેઓના લલાટમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ત્રીજું) નેત્ર નથી, જેઓનો વેષ શાંત નથી, જેઓનાં આભૂષણો સર્પો નથી, જેઓ યોગમુદ્રા ધારણ કરતા નથી, જેઓએ નિદ્રા દૂર કરી નથી અને જેઓની કામનાઓ પૂર્ણ થઈ નથી, એવા (શ્રીદક્ષિણામૂર્તિ સિવાયના બીજા) દેવોની અમને જરૂર નથી. ૧૪

दैवतानि कति सन्ति चावनौ नैव तानि मनसो मतानि मे ।
दीक्षितं जडधियामनुग्रहे दक्षिणाभिमुखमेव दैवतम् ॥१५॥

પૃથ્વી પર કેટલા દેવો નથી? ઘણા જ છે; પરંતુ તેઓને મારું મન માનતું જ નથી; મારું મન તો જડબુદ્ધિ લોકો પર કૃપા કરવાની દીક્ષાવાળા શ્રી દક્ષિણામૂર્તિ દેવને જ કેવળ માને છે. ૧૫

मुदिताय मुग्धशशिनावतंसिने भसितावलेपरमणीयमूर्तये ।
जगदिंद्रजालरचनापटीयसे महसे नमोऽस्तु वटमूलवासिने ॥१६॥

પ્રસન્ન, મુકુટ પર બાલચંદ્રનો અલંકાર ધરતા, ભસ્મના વિલેપનથી સુંદર મૂર્તિવાળા, જગતરૂપ ઇંદ્રજાળને રચવા અતિશય સમર્થ અને વડના મૂળ પાસે વસતા (શ્રીદક્ષિણામૂર્તિરૂપ) તેજને નમસ્કાર હો. ૧૬

व्यालम्बिनीभिः परितो जटाभिः कलावशेषेण कलाधरेण ।
पश्यँल्ललाटेन मुखेन्दुना च प्रकाशसे चेतसि निर्मलानाम् ॥१७॥

હે દેવ! નિર્મળ મનુષ્યોનાં ચિત્તમાં આપ, ચારે બાજુ લટકતી જટાઓથી યુક્ત, એક કલારૂપ ચંદ્રને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરતા લલાટ સહિત મુખચંદ્ર વડે જોતા પ્રકાશો છો. ૧૭

उपासकानां त्वमुमासहायः पूर्णेन्दुभावं प्रकटीकरोषि ।
यदद्य ते दर्शनमात्रतो मे द्रवत्यहो मानसचंद्रकांतः ॥१८॥

હે ભગવન્! પાર્વતીજી સહિત આપ, ભક્તોની આગળ પોતાનું પૂર્ણચન્દ્રપણું પ્રકટ કરો છો; કેમ કે આજે આપનાં માત્ર દર્શનથી મારો ચિત્તરૂપ ચંદ્રકાંતમણિ, આશ્ચર્ય છે કે પીગળી જાય છે. ૧૮

यस्ते प्रसन्नामनुसंदधानो मूर्तिं मुदा मुग्धशशांकमौलेः ।
ऐश्वर्यमायुर्लभते च विद्यामन्ते च वेदान्तमहारहस्यम् ॥१९॥

જે મનુષ્ય, બાલચંદ્રને મસ્તકે ધરતા આપની પ્રસન્ન મૂર્તિનું હર્ષથી ધ્યાન કરે છે, તે ઐશ્વર્યને, આયુષને, વિદ્યાને તથા અંતે વેદાંતના મહાન રહસ્યને પામે છે. ૧૯

૨૨ : દ્વાદશ જ્યોતિર્લિંગ–સ્તોત્ર

सौराष्ट्रदेशे विशदेऽतिरम्ये ज्योतिर्मयं चंद्रकलावतंसम् ।
भक्तिप्रदानाय कृपावतीर्णं तं सोमनाथं शरणं प्रपद्ये ॥१॥

અતિશય સુંદર અને નિર્મળ સૌરાષ્ટ્ર દેશમાં[1] જ્યોતિર્મય, ચંદ્રની કળાને મસ્તકે ભૂષણરૂપે ધરતા અને ભક્તિ આપવાને કૃપાથી અવતરેલા તે–પ્રસિદ્ધ

[1] કાઠીઆવાડમાં વેરાવળ પાસે પ્રભાસપાટણમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીસોમનાથને હું શરણે જાઉં છું. ૧

श्रीशैलसंगे विबुधातिसंगे तुलाद्रितुंगेऽपि मुदा वसन्तम् ।
तमर्जुनं मल्लिकपूर्वमेकं नमामि संसारसमुद्रसेतुम् ॥ २ ॥

જ્યાં દેવોનો ઘણો જ વાસ રહે છે, તે તુલાચળ જેવા ઊંચા શ્રીશૈલ પર્વત પર[૨] આનંદથી વસતા અને સંસારસમુદ્રમાં પુલ સરખા તે-પ્રસિદ્ધ શ્રીમલ્લિકાર્જુનને એકને હું નમું છું. ૨

अवंतिकायां विहितावतारं मुक्तिप्रदानाय च सज्जनानाम् ।
अकालमृत्योः परिरक्षणार्थं वन्दे महाकालमहासुरेशम् ॥३॥

સજ્જનોને મુક્તિ આપવા માટે તથા અકાળ મૃત્યુથી બચાવવાને અવંતિકા (ઉજ્જયિની)માં અવતરેલા મહાન દેવેશ્વર શ્રીમહાકાલને હું વંદન કરું છું.૩

कावेरिकानर्मदयोः पवित्रे समागमे सज्जनतारणाय ।
सदैव मान्धातृपुरे वसन्तमोंकारमीशं शिवमेकमीडे ॥ ४ ॥

કાવેરી તથા નર્મદાના પવિત્ર સંગમસ્થાને (વસેલા) માંધાતા+ નગરમાં સજ્જનોને તારવા માટે સદાકાળ

---

૨ દક્ષિણમાં બેઝવાડાથી મંગળગિરિ, ગંટુલ અને વિનુકુંડા સ્ટેશન છે; ત્યાંથી ત્રણ માઈલ દૂર શ્રી શૈલ પર્વત છે.

+ આ માંધાતા નામે હાલમાં એક ટાપુ છે. તે મહુથી ખંડવા જતાં 'મોરટકા'નું સ્ટેશન છે ત્યાંથી સાત માઈલ નિમાડ જિલ્લામાં આવેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસતા એક શ્રીૐકારેશ્વર શંકરની હું સ્તુતિ કરું છું. ૪

पूर्वोत्तरे प्रज्वलिकानिधाने सदा वसन्तं गिरिजासमेतम् ।
सुरासुराराधितपादपद्मं श्रीवैजनाथं तमहं नमामि ॥ ५ ॥

પૂર્વ તથા ઉત્તરની વચ્ચે પ્રજ્વલિકા* નિધાનમાં પાર્વતીજી સાથે સદા વસતા અને દેવો તથા અસુરો જેમના ચરણકમળનું આરાધન કરે છે, તે શ્રીવૈજનાથને હું નમું છું. ૫

याम्ये सदंगे नगरेऽतिरम्ये विभूषितांगं विविधैश्च भोगैः ।
सद्भक्तिमुक्तिप्रदमीशमेकं श्रीनागनाथं शरणं प्रपद्ये ॥ ६ ॥

દક્ષિણમાં અતિ સુંદર સદંગ નગરમાં+ વસતા, અનેક પ્રકારના ભોગોથી શણગારેલ અંગવાળા અને ઉત્તમ ભક્તિ તથા મુક્તિને આપતા ઈશ્વર શ્રીનાગનાથને એકને હું શરણે જાઉં છું. ૬

महाऽद्रिपार्श्वे च तटे रमन्तं संपूज्यमानं सततं मुनीन्द्रैः ।
सुरासुरैर्यक्षमहोरगाद्यैः केदारमीशं शिवमेकमीडे ॥ ७ ॥

---

* આ નગરને હાલમાં અવઢા કહે છે. દક્ષિણ હૈદ્રાબાદમાં ગોદાવરીના કિનારે ગંગાખેડ ગામ છે. પૈઠણથી ત્યાં જવાય છે. એ ગંગાખેડથી ૩૦ માઈલ અવઢા ગામ છે.

+ આ સ્થળને હાલમાં વૈદ્યનાથ ધામ અથવા દેવગઢ કહે છે. તે બંગાળમાં પટણાથી લુકી સરાઇ અને કીચુલ જંકશન થઈને જસીટીહ સ્ટેશનથી ચાર માઈલ દૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાદ્રિપર્વત પાસે [1]તળેટીમાં રમતા અને મોટા મુનિઓ, દેવો, અસુરો, યક્ષો તથા મોટા સર્પો વગેરેથી સતત પૂજાતા ઈશ્વર શ્રીકેદારનાથ શંકરની એકની હું સ્તુતિ કરું છું. ૭

सह्याद्रिशीर्षे विमले वसन्तं गोदावरीतीरपवित्रदेशे ।
यद्दर्शनात्पातकमाशु नाशं प्रयाति तं त्र्यंबकमीशमीडे ॥ ८ ॥

ગોદાવરીના તીરે [2]પવિત્ર પ્રદેશ પર આવેલા નિર્મળ સહ્યાચળ પર્વતના શિખર પર વસતા તે શ્રીત્ર્યંબકેશ્વરની હું સ્તુતિ કરું છું, કે જેમના દર્શનથી તુરત પાપ નાશ પામે છે. ૮

सुताम्रपर्णीजलराशियोगे निबध्य सेतुं विशिखैरसंख्यैः ।
श्रीरामचंद्रेण समर्पितं तं रामेश्वराख्यं नियतं नमामि ॥ ९ ॥

ઉત્તમ તામ્રપર્ણી નદીના જળપ્રવાહનો જ્યાં સંગમ થાય છે, ત્યાં[3] અસંખ્ય બાણો વડે પાળ બાંધીને શ્રીરામચંદ્રે સ્થાપેલા તે શ્રીરામેશ્વરને હું નિરંતર નમું છું. ૯

यं डाकिनीशाकिनिकासमाजे निषेव्यमाणं पिशिताशनैश्च ।
सदैव भीमादिपदप्रसिद्धं तं शंकरं भक्तहितं नमामि ॥ १० ॥

---

૧ એટલે હિમાલયની તળેટી. હરદ્વારથી ૧૭–૧૮ દિવસે ત્યાં પહોંચાય છે. ત્યાં ગંગા ને સરસ્વતી વચ્ચે કેદારપુરી છે.

૨ નાસીકથી ત્રંબક ગામ ૧૭ માઈલ દૂર છે.

૩ મદ્રાસ ઇલાકામાં મદુરા જિલ્લામાં રામેશ્વર ગામ છે. તે મદુરાથી ૯૯ માઈલ દૂર છે. પંબનથી આગળ રામેશ્વર સ્ટેશન છે, મનોરની ખાડીમાં રામેશ્વર ટાપુ છે ત્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાકિનીઓ તથા શાકિનીઓના સમાજમાં અને માંસાહારી લોકો વડે સદા સેવાતા તેમ જ ભકતોનું હિત કરનારા તે ભીમનાથ[૪] શંકરને હું નમું છું. ૧૦

सानंदमानंदवने वसन्तमानंदकंदं हतपापवृन्दम् ।
वाराणसीनाथमनाथनाथं श्रीविश्वनाथं शरणं प्रपद्ये ॥ ११ ॥

આનંદવનમાં આનંદ સાથે વસતા, આનંદનું મૂળ, પાપોના સમૂહનો નાશ કરનારા અને અનાથના નાથ કાશીપતિ શ્રીવિશ્વનાથને હું શરણે જાઉં છું. ૧૧

इलापुरे रम्यविशालकेऽस्मिन्समुल्लसन्तं च जगद्वरेण्यम् ।
वन्दे महोदारतरस्वभावं घृष्णेश्वराख्यं शरणं प्रद्ये ॥ १२ ॥

સુંદર અને વિશાળ ઈલાપુરમાં[૫] પ્રકાશતા, જગતમાં શ્રેષ્ઠ અને અતિ મહાન ઉદાર સ્વભાવવાળા શ્રીઘૃષ્ણેશ્વરને હું શરણે જાઉં છું. ૧૨

ज्योतिर्मयद्वादशलिंगकानां शिवात्मनां प्रोक्तमिदं क्रमेण ।
स्तोत्रं पठित्वा मनुजोऽतिभक्त्या फलं तदालोक्य निजं भजेच्च १३

આ બાર જ્યોતિર્લિંગો શંકરસ્વરૂપ છે, તેમનું

---

૪ આ ભીમનાથનું સ્થાન કામરૂદેશમાં ગૌહટી પાસે એક માઈલ દૂર છે.

૫ આ ઇલાપુરને ધુષ્મેશ્વર પણ કહે છે. દક્ષિણમાં દોલતાબાદથી છ માઈલ દૂર પહાડની તળેટી પાસે એલ્લ ગામ છે, ત્યાંથી અર્ધા માઈલને અંતરે ઘૃષ્ણેશ્વરનું મંદિર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સ્તોત્ર અનુક્રમે રચ્યું છે; જે મનુષ્ય આનો અત્યંત ભકિતથી પાઠ કરે છે, તેને એ જ્યોતિર્લિંગોનાં દર્શનથી જે ફળ થાય છે, તે જ ફળ પ્રાપ્ત થાય છે.૧૩

૨૩ : લલિતાપંચક

प्रातः स्मरामि ललितावदनारविंदं बिंबाधरं पृथुलमौक्तिकशोभिनासम् । आकर्णदीर्घनयनं मणिकुंडलाढ्यं मंदस्मितं मृगमदोज्ज्वलफालदेशम् ॥ १ ॥

પાકા ગીલોડા જેવા અધરોષ્ઠવાળું, મોટાં મોતીથી શોભતા નાકવાળું, કાન સુધી લાંબાં નેત્રોવાળું, મણિજડિત કુંડળોથી યુકત, કસ્તૂરી (ના તિલક) વડે પ્રકાશતા લલાટ પ્રદેશવાળું અને મંદમંદ હસતું શ્રીલલિતાદેવીનું મુખકમળ પ્રાતઃકાળે હું સંભારું છું. ૧

प्रातर्भजामि ललिताभुजकल्पवल्लीं रक्तांगुलीयलसदंगुलिपल्लवाढ्याम् । माणिक्यहेमवलयांगदशोभमानां पुण्ड्रेक्षुचापकुसुमेषुसृणीर्दधानाम् ॥ २ ॥

લાલ વીંટીઓથી શોભતી ઉત્તમ આંગળીઓરૂપી કૂંપળોવાળી, માણેકજડેલાં કંકણો તથા બાજુબંધોથી શોભતી અને ધોળી શેલડીનું ધનુષ, પુષ્પોનું બાણ તથા અંકુશને ધરતી શ્રીલલિતાદેવીની ભુજાઓરૂપી કલ્પલતાને પ્રાતઃકાળે હું ભજું છું. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रातर्नमामि ललिताचरणारविंदं भक्तेष्टदाननिरतं भवसिंधुपोतम् । पद्मासनादिसुरनायकपूजनीयं पद्मांकुशध्वजसुदर्शनलांछनाढ्यम् ॥ ३ ॥

ભક્તોને ઇચ્છિત આપવામાં તત્પર, સંસારસમુદ્રમાં વહાણ સરખું, બ્રહ્મા વગેરે દેવનાયકોને પૂજવા લાયક અને કમળ, અંકુશ, ધ્વજ તથા સુદર્શન ચક્રની નિશાનીઓથી યુક્ત શ્રીલલિતાદેવીના ચરણકમળને પ્રાતઃકાળે હું નમું છું. ૩

प्रातः स्तुवे परशिवां ललितां भवानीं त्रय्यंतवेद्यविभवां करुणानवद्याम् । विश्वस्य सृष्टिविलयस्थितिहेतुभूतां विद्येश्वरीं निगमवाङ्मनसातिदूराम् ॥ ४ ॥

જેમનો વૈભવ, વેદાંત વડે જાણી શકાય છે, કરુણાને લીધે જે નિર્દોષ છે અને જગતની ઉત્પત્તિ, નાશ તથા પ્રલયનાં જે કારણ છે, તે વિદ્યાનાં ઇશ્વરી, વેદવાણી અને મનથી અત્યંત દૂર રહેલાં, પરમ મંગલરૂપ શિવપત્ની શ્રીલલિતાદેવીની પ્રાતઃકાળે હું સ્તુતિ કરું છું. ૪

प्रातर्वदामि ललिते तव पुण्यनाम कामेश्वरीति कमलेति महेश्वरीति । श्रीशांभवीति जगतां जननी परेति वाग्देवतेति वचसा त्रिपुरेश्वरीति ॥ ५ ॥

હે શ્રીલલિતાદેવિ ! " કામેશ્વરી, કમલા, મહેશ્વરી, શ્રીશાંભવી, જગજ્જનની, પરા, વાગ્દેવતા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિપુરેશ્વરી " આ તમારાં પવિત્ર નામોને પ્રાતઃકાળમાં વચન વડે હું ઉચ્ચારું છું. ૫

यः श्लोकपंचकमिदं ललितांबिकायाः सौभाग्यदं सुललितं पठति प्रभाते। तस्मै ददाति ललिता झटिति प्रसन्ना विद्यां श्रियं विमलसौख्यमनंतकीर्तिम् ॥ ६ ॥

શ્રીલલિતાંબાના આ પાંચ શ્લોકો સૌભાગ્યને આપનાર અને અતિશય સુંદર છે; તેનો જે મનુષ્ય પ્રભાતમાં પાઠ કરે છે, તેના પર શ્રીલલિતાદેવી ઝટ પ્રસન્ન થાય છે; અને તેને વિદ્યા, લક્ષ્મી, નિર્મળ સુખ તથા અનંત કીર્તિ આપે છે. ૬

૨૪ : ભ્રમરાંબાષ્ટક

चांचल्यारुणलोचनाञ्चितकृपाचंद्रार्कचूडामणिं चारुस्मेरमुखां चराचरजगत्संरक्षणीं तत्पदाम्। चंचच्चंपकनासिकाग्रविलसन्मुक्तामणीरंजितां श्रीशैलस्थलवासिनीं भगवतीं श्रीमातरं भावये ॥ १ ॥

ચંચળ અને લાલ નેત્રોવાળાં, દયાળુ, ચંદ્ર તથા સૂર્ય સમાન મુકુટમણિને ધારણ કરતાં, સુંદર હાસ્યયુક્ત મુખવાળાં, સ્થાવર-જંગમ જગતનું રક્ષણ કરનારાં, 'તત્' પદ સ્વરૂપ, સુંદર ચંપાના પુષ્પસરખા નાકના અગ્રભાગે શોભતાં મોતીઓ તથા મણિઓથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગાયેલાં અને શ્રીશૈલ પર્વત પર વસતાં ભગવતી શ્રીભ્રમરાંબાનું હું ચિંતન કરું છું. ૧

कस्तूरीतिलकांचितेंदुविलसत्प्रोद्भासिफालस्थलीं कर्पूरद्रवमिश्रचूर्णखदिरामोदोल्लसद्वीटिकाम् । लोलापांगतरंगितैरधिकृपासारैर्नतानंदिनीं श्रीशैलस्थलवासिनीं भगवतीं श्रीमातरं भावये ॥

કસ્તૂરીના તિલકની સાથે રહેલા ચંદ્રવડે જેમનો લલાટપ્રદેશ પ્રકાશી રહ્યો છે, કપૂરના રસથી મિશ્ર ચૂનાની તથા કાથાની સુગંધ વડે જેમનું પાનબીડું ઘણું જ શોભી રહ્યું છે અને ચંચળ કટાક્ષોના તરંગવાળા મોટી કૃપાના પ્રવાહો વડે નમેલા લોકોને આનંદ આપનારાં, શ્રીશૈલ પર્વત પર વસતાં ભગવતી શ્રીભ્રમરાંબાનું હું ચિંતન કરું છું. ૨

राजन्मत्तमरालमंदगमनां राजीवपत्रेक्षणां राजीवप्रभवादिदेवमुकुटै राजत्पदांभोरुहाम् । राजीवायतमंदमंडितकुचां राजाधिराजेश्वरीं श्रीशैलस्थलवासिनीं भगवतीं श्रीमातरं भावये ३

શોભાયમાન મદોન્મત્ત હંસના જેવી ધીમી ચાલવાળાં, કમળની પાંખડીઓ જેવાં નેત્રોવાળાં, બ્રહ્મા આદિ દેવોના મુકુટો વડે પ્રકાશમાન ચરણકમળવાળાં, કમળના દોડા જેવા નાના સુશોભિત સ્તનવાળાં, રાજાધિરાજોનાં ઈશ્વરી અને શ્રીશૈલ પર્વત પર વસતાં ભગવતી શ્રીભ્રમરાંબાનું હું ચિંતન કરું છું. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

षट्तारां गणदीपिकां शिवसतीं षड्वैरिवर्गापहां षट्चक्रान्तरसंस्थितां वरसुधां षड्योगिनीवेष्टिताम् । षट्चक्रांचितपादुकांचितपदां षड्भावगां षोडशीं श्रीशैलस्थलवासिनीं भगवतीं श्रीमातरं भावये ॥ ४ ॥

છ તારાઓ સહિત, ગણુને દીપાવનારાં, શિવનાં પત્ની, છ શત્રુવર્ગનો નાશ કરનારાં, છ ચક્રની અંદર રહેલાં, ઉત્તમ અમૃત સરખાં, છ યોગિનીઓથી વીંટાયલાં, છ ફૂદડીવાળી ચાખડીઓને પગમાં ધારણ કરતાં, છ ભાવોમાં રહેનારાં, સોળમી વિદ્યાદેવીરૂપ અને શ્રીશૈલ પર્વત પર વસતાં ભગવતી શ્રીભ્રમરાંબાનું હું ચિંતન કરું છું. ૪

श्रीनाथादृतपालितत्रिभुवनां श्रीचक्रसंसारिणीं ज्ञानासक्तमनोजयौवनलसद्गंधर्वकन्यादृताम् । दीनानामतिवेलभाग्यजननीं दिव्यांबरालंकृतां श्रीशैलस्थलवासिनीं भगवतीं श्रीमातरं भावये ॥ ५ ॥

લક્ષ્મીપતિ–વિષ્ણુ ભગવાને આદર આપેલાં, ત્રિભુવનનું પાલન કરનારાં, શ્રીચક્ર (નામના યંત્ર) માં સારી રીતે વસનારાં, જ્ઞાનમાં આસક્ત અને કામોદ્દીપક યૌવનથી શોભતી ગંધર્વ કન્યાઓ વડે સેવાયલાં, દીનજનોનાં અનહદ ભાગ્યોનાં જનની અને શ્રીશૈલ પર્વત પર વસતાં ભગવતી શ્રીભ્રમરાંબાનું હું ચિંતન કરું છું. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लावण्याधिकभूषितांगतिलकां लाक्षालसद्रागिणीं सेवायातसमस्तदेववनितां सीमन्तभूषान्विताम् । भावोल्लासवशीकृतप्रियतमां भंडासुरच्छेदिनीं श्रीशैलस्थलवासिनीं भगवतीं श्रीमातरं भावये ॥ ६ ॥

લાવણ્યથી અધિક એવાં સુશોભિત અંગો પર તિલકને ધારણ કરતાં, લાખના રંગ જેવા દેદીપ્યમાન રંગવાળાં, સમસ્ત દેવોની સ્ત્રીઓ જેમની સેવા કરવા આવે છે, જેમના સેંથામાં આભૂષણો રહેલાં છે અને ભાવના ઉલ્લાસ વડે પ્રિયતમ (શંકરને) જેમણે વશ કર્યા છે; તે ભંડાસુરનો નાશ કરનારાં અને શ્રીશૈલ પર્વત પર વસતાં ભગવતી શ્રીભ્રમરાંબાનું હું ચિંતન કરું છું. ૬

धन्यां सोमविभावनीयचरितां धाराधरश्यामलां मुन्याराधनमेधिनीं सुमवतां मुक्तिप्रदानव्रताम् । कन्यापूजनसुप्रसन्नहृदयां कांचीलसन्मध्यमां श्रीशैलस्थलवासिनीं भगवतीं श्रीमातरं भावये ॥

ધન્યવાદને પાત્ર, ચિંતવવા યોગ્ય સૌમ્ય ચરિત્રોવાળાં, મેઘ જેવાં શ્યામ, મુનિઓને આરાધન વડે પ્રાપ્ત થતાં, સારી રીતે ભજન કરનારાઓને મુક્તિ આપવાનાં વ્રતવાળાં, કન્યાનું પૂજન કરવાથી જેમનું હૃદય પ્રસન્ન થાય છે અને જેમનો મધ્યભાગ કંદોરાથી શોભી રહ્યો છે, તે શ્રીશૈલ પર્વત પર વસતાં ભગવતી શ્રીભ્રમરાંબાનું હું ચિંતન કરું છું. ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कर्पूरागरुकुंकुमांकितकुचां कर्पूरवर्णस्थितां कृष्टोत्कृष्टसुकृष्टकर्मदहनां कामेश्वरीं कामिनीम्। कामाक्षीं करुणारसार्द्रहृदयां कल्पान्तरस्थायिनीं श्रीशैलस्थलवासिनीं भगवतीं श्रीमातरं भावये॥

કપૂર, અગર અને કેસર ચોપડેલા સ્તનવાળાં, કપૂર જેવા વર્ણમાં રહેલાં, મોટામાં મોટાં અતિ કષ્ટદાયી કર્મોને ખેંચી કાઢી બાળી નાખનારાં, કામનાઓનાં ઈશ્વરી, ભક્તોને ઇચ્છનારાં, કામથી વ્યાપ્ત, કરુણારસથી ભીના હૃદયવાળાં, કલ્પોની અંદર રહેનારાં અને શ્રીશૈલ પર્વત પર વસતાં ભગવતી શ્રીભ્રમરાંબાનું હું ચિંતન કરું છું. ૮

गायत्रीं गरुडध्वजां गगनगां गन्धर्वगानप्रियां गंभीरां गजगामिनीं गिरिसुतां गंधाक्षतालंकृताम्। गंगागौतमगर्गसंनुतपदां गां गौतमीं गोमतीं श्रीशैलस्थलवासिनीं भगवतीं श्रीमातरं भावये॥ ९॥

ગાયત્રીસ્વરૂપ, ગરુડનાં નિશાનવાળી ધજાવાળાં, આકાશમાં જનારાં, ગંધર્વોનાં ગાનપર પ્રેમવાળાં, ગંભીર, હાથી જેવી ચાલવાળાં, હિમાલયનાં પુત્રી, ચંદન તથા ચોખા વડે શણગારેલાં; ગંગા, ગૌતમ અને ગર્ગાચાર્ય વડે સારી રીતે નમાયેલ ચરણવાળાં, વાણીસ્વરૂપ, ગૌતમીસ્વરૂપ, વેદવાણીથી યુક્ત અને શ્રીશૈલ પર્વત પર વસતાં ભગવતી શ્રીભ્રમરાંબાનું હું ચિંતન કરું છું. ૯

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ શંકરાચાર્યકૃત અન્ય ગ્રંથો

	પાન	કિંમત
સર્વ-વેદાંત-સિદ્ધાંતસાર-મૂળ શ્લોકો સહિત સરળ ભાષાંતર	૧૨૪	૧-૪
વિવેકચૂડામણિ-મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર	૧૬૦	૦-૧૨
સ્તોત્રસંગ્રહ-ભક્તિસ્તોત્રોનો સંગ્રહ	૧૩૮	૦-૮

આ સિવાય (૧) ઉપદેશસહસ્રી, (૨) સ્વાત્મનિરૂપણ અને બીજાં દશ રત્નો, (૩) પ્રબોધરત્નાકર ને બીજાં ૭ રત્નો અને (૪) શતશ્લોકી ને બીજાં ચાર રત્નો સત્વર બહાર પડશે.

જ્ઞાનસત્ર ગીતા

શ્રીમદ્ ભગવદ્ગીતા, પદચ્છેદ, અન્વય તથા શબ્દાર્થ સાથે ઓછું ભણેલાંઓ, સ્ત્રીઓ અને બાળકો વાંચી શકે એ માટે શ્લોકો પણ ગુજરાતી લિપિમાં **આવા મોટા અક્ષરોમાં** આપ્યા છે.

કદ ૫" × ૭ાા" : પાન ૩૩૬ : મૂલ્ય ૧-૪-૦

બીજાં પુસ્તકો માટે વિસ્તૃત સૂચીપત્ર મંગાવો :

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, અમદાવાદ

કાલબાદેવી, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ શંકરાચાર્યકૃત

વેદાંત-સ્તોત્રો

ગુજરાતી સરલાર્થ સહિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમત્ શંકરાચાર્યકૃત

વેદાંત-સ્તોત્રો

૧ : પ્રાતઃસ્મરણ

प्रातः स्मरामि हृदि संस्फुरदात्मतत्त्वं सच्चित्सुखं परमहंसगतिं तुरीयम् । यत्स्वप्नजागरसुषुप्तमवैति नित्यं तद्ब्रह्म निष्कलमहं न च भूतसंघः ॥ १ ॥

હૃદયમાં પ્રકાશતું આત્મતત્ત્વ સત્-ચિત્-આનંદમય, પરમહંસોની ગતિરૂપ અને ચોથું છે; તેનું હું પ્રાતઃકાળમાં સ્મરણ કરું છું; જે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાને નિત્ય જાણે છે, તે જ અવયવ રહિત બ્રહ્મ હું છું; ભૂતોનો સમુદાય (શરીર) હું નથી. ૧

प्रातर्भजामि मनसो वचसामगम्यं वाचो विभान्ति निखिला यदनुग्रहेण । यन्नेति नेति वचनैर्निगमा अवोचुस्तं देवदेवमजमच्युतमाहुरग्र्यम् ॥ २ ॥

જે મન તથા વચનના અવિષય છે, જેની કૃપાથી સમગ્ર વાણી પ્રકાશે છે અને જેને 'નેતિ નેતિ' એવાં વચનોથી વેદો વર્ણવે છે, તેને હું પ્રાતઃકાળમાં ભજું છું; એ સર્વશ્રેષ્ઠ તત્ત્વને દેવોના દેવ, અજન્મા અને અચ્યુત કહે છે. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रातर्नमामि तमसः परमर्कवर्णं पूर्णं सनातनपदं पुरुषोत्तमाख्यम् । यस्मिन्निदं जगदशेषमशेषमूर्तौ रज्ज्वां भुजंगम इव प्रतिभासितं वै ॥ ३ ॥

અજ્ઞાનરૂપ અંધકારથી પર, સૂર્ય સમાન વર્ણવાળા અને પૂર્ણ પુરુષોત્તમ નામે પ્રખ્યાત સનાતન પદને પ્રાતઃકાળમાં હું નમું છું; જે સમગ્ર પદાર્થસ્વરૂપ છે અને જેમાં આ સમગ્ર જગત દોરડીમાં સર્પની પેઠે (કેવળ અજ્ઞાનરૂપ ભ્રમથી જ) ભાસિત થયું છે. ૩

श्लोकत्रयमिदं पुण्यं लोकत्रयविभूषणम् ।
प्रातःकाले पठेद्यस्तु स गच्छेत्परमं पदम् ॥ ४ ॥

આ ત્રણ શ્લોકો પવિત્ર છે અને ત્રણે લોકમાં અલંકારરૂપ છે; જે મનુષ્ય પ્રાતઃકાળમાં આનો પાઠ કરે છે, તે પરમ પદને પામે છે. ૪

૨ : અદ્વૈત પંચક

नाहं देहो नेंद्रियाण्यंतरंगो नाहंकारः प्राणवर्गो न बुद्धिः । दारापत्यक्षेत्रवित्तादिदूरः साक्षी नित्यः प्रत्यगात्मा शिवोऽहम् ॥ १ ॥

હું શરીર નથી, ઇંદ્રિયો નથી, અંદરનો અહંકાર નથી, પ્રાણવર્ગ નથી અને બુદ્ધિ પણ નથી; હું તો સ્ત્રી, સંતાન, ખેતર તથા ધન વગેરેથી દૂર રહેલો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાક્ષી, નિત્ય અને પ્રત્યેકમાં રહેલો આત્મા શિવ છું. ૧

रज्ज्वज्ञानाद्भाति रज्जौ यथाहिः स्वात्माज्ञानादात्मनो जीवभावः । आप्तोक्त्याऽहिभ्रांतिनाशे स रज्जुर्जीवो नाहं देशिकोक्त्या शिवोऽहम् ॥ २ ॥

જેમ દોરડીના અજ્ઞાનથી, દોરડીમાં સર્પ ભાસે છે, તેમ પોતાના આત્માના અજ્ઞાનથી આત્મામાં જીવપણું ભાસે છે; પરંતુ જેમ હિતૈષી પુરુષના વચનથી દોરીમાં સર્પની ભ્રાંતિનો નાશ થાય છે, ત્યારે તે દોરી જ સ્પષ્ટ પ્રકાશે છે; તેમ ગુરુદેવના વચનથી (અજ્ઞાન દૂર થતાં) હું જીવ નથી, પણ શિવ છું. ૨

आभातीदं विश्वमात्मन्यसत्यं सत्यज्ञानानंदरूपे विमोहात् । निद्रामोहात्स्वप्नवत्तन्न सत्यं शुद्धः पूर्णो नित्य एकः शिवोऽहम् ॥ ३ ॥

સત્ય, જ્ઞાન અને આનંદરૂપ આત્મામાં અત્યંત મોહને લીધે જ આ અસત્ય જગત ચોખાજુ ભાસે છે; જેમ નિદ્રારૂપ મોહને લીધે સ્વપ્ન ભાસે છે, પણ તે સત્ય નથી, તેમ (ભાસતું) આ જગત પણ સત્ય નથી; કેવળ હું એક જ શુદ્ધ, પૂર્ણ અને નિત્ય શિવ છું. ૩

मत्तो नान्यत्किंचिदत्रास्ति विश्वं सत्यं बाह्यं वस्तु मायोपक्लृप्तम् । आदर्शांतर्भासमानस्य तुल्यं मय्यद्वैते भाति तस्माच्छिवोऽहम् ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જગતમાં મારાથી જુદું કંઈ છે જ નહિ; ખરેખર, બાહ્ય વસ્તુ બધી માયાથી કલ્પિત છે; દર્પણમાં જેમ જુદું પ્રતિબિંબ ભાસે છે, તેમ અદ્વૈત મારામાં (આ જુદું જગત) ભાસે છે, માટે હું શિવ છું.૪

नाहं जातो न प्रवृद्धो न नष्टो देहस्योक्ताः प्राकृताः सर्वधर्माः । कर्तृत्वादिश्चिन्मयस्यास्ति नाहंकारस्यैव ह्यात्मनो मे शिवोऽहम् ॥ ५ ॥

હું જન્મ્યો નથી, વધ્યો નથી અને નાશ પણ પામ્યો નથી; એ બધા પ્રકૃતિના ધર્મો છે અને તે દેહને જ કહ્યા છે; વળી કર્તાપણું વગેરે પણ અહંકારના જ ધર્મ છે, પણ ચૈતન્યમય મારા–આત્માના નથી; હું તો શિવ છું. ૪

૩ : આત્મષટ્ક

मनोबुद्ध्यहंकारचित्तानि नाहं न च श्रोत्रजिह्वे न च घ्राणनेत्रे । न च व्योमभूमिर्न तेजो न वायुश्चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम् ॥ १ ॥

હું મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત નથી; કાન અને જીભ નથી; નાક અને નેત્ર નથી; આકાશ અને પૃથ્વી નથી; તેજ નથી અને વાયુ પણ નથી; હું તો ચૈતન્ય અને આનંદસ્વરૂપ શિવ છું; હું શિવ છું. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न च प्राणसंज्ञो न पंचानिला मे न वा सप्तधातुर्न वा पंचकोशः । न वाक्पाणिपादौ न चोपस्थपायू चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम् ॥ २ ॥

હું પ્રાણસંજ્ઞાવાળો નથી; પાંચ વાયુઓ મારા નથી; સાત ધાતુઓ મારી નથી; અથવા પાંચ કોશો મારા નથી; વાણી, હાથ અને પગ પણ મારા નથી; તેમ જ લિંગ અને ગુદા પણ મને નથી; હું તો ચૈતન્ય અને આનંદસ્વરૂપ શિવ છું; હું શિવ છું. ૨

न मे द्वेषरागो न मे लोभमोहौ मदो नैव मे नैव मात्सर्यभावः । न धर्मो न चार्थो न कामो न मोक्षश्चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम् ॥ ३ ॥

મને દ્વેષ અને રાગ નથી; લોભ અને મોહ નથી; મદ નથી; અદેખાઈ નથી; ધર્મ નથી; અર્થ નથી; કામ નથી; મોક્ષ નથી; હું તો ચૈતન્ય અને આનંદસ્વરૂપ શિવ છું; હું શિવ છું. ૩

न पुण्यं न पापं न सौख्यं न दुःखं न मंत्रो न तीर्थं न वेदा न यज्ञाः। अहं भोजनं नैव भोज्यं न भोक्ता चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम् ॥ ४ ॥

મને પુણ્ય નથી, પાપ નથી, સુખ નથી, દુઃખ નથી, મંત્ર નથી, તીર્થ નથી, વેદો નથી અને યજ્ઞો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ નથી; તેમ જ હું ભોજન નથી, ભોજન કરવાના પદાર્થ નથી, ભોજન કરનાર પણ નથી; હું તો ચૈતન્ય અને આનંદસ્વરૂપ શિવ છું, હું શિવ છું. ૪

न मे मृत्युशंका न मे जातिभेदः पिता नैव मे नैव माता न जन्म । न बंधुर्न मित्रं गुरुर्नैव शिष्यश्चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम् ॥ ५ ॥

મને મૃત્યુની શંકા નથી, મારામાં જાતિભેદ નથી, મારો પિતા નથી, મારી માતા નથી, મારો જન્મ નથી, બંધુ નથી, મિત્ર નથી, ગુરુ નથી અને શિષ્ય પણ નથી; હું તો ચૈતન્ય અને આનંદસ્વરૂપ શિવ છું, હું શિવ છું. ૫

अहं निर्विकल्पो निराकाररूपो विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणि । सदा मे समत्वं न मुक्तिर्न बंधश्चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम् ॥ ६ ॥

હું વિકલ્પો રહિત છું, નિરાકારસ્વરૂપ છું, બધી ઇંદ્રિયોમાં અને બધે સ્થળે વ્યાપક રૂપે વ્યાપીને રહ્યો છું. મારું સદા સમાનપણું છે, મારી મુક્તિ નથી અને મને બંધન પણ નથી; હું તો ચૈતન્ય અને આનંદસ્વરૂપ શિવ છું, હું શિવ છું. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ : ઉપદેશ પંચક

वेदो नित्यमधीयतां तदुदितं कर्म स्वनुष्ठीयतां तेनेशस्य विधीयतामपचितिः काम्ये मतिस्त्यज्यताम् । पापौघः परिधूयतां भवसुखे दोषोऽनुसंधीयतामात्मेच्छा व्यवसीयतां निजगृहात्तूर्णं विनिर्गम्यताम् ॥ १ ॥

હમેશાં વેદ ભણો; તેમાં કહેલું કર્મ સારી રીતે કરો; તે કર્મ દ્વારા પરમેશ્વરનું પૂજન કરો, કામ્ય કર્મો વિષેની બુદ્ધિનો ત્યાગ કરો, પાપનો સમૂહ ત્યજો; સંસારનાં સુખમાં દોષદૃષ્ટિ કરો; આત્મતત્ત્વના જ્ઞાનની ઇચ્છા માટે ઉદ્યમ કરો અને (છેવટે સંન્યાસ લઈ) પોતાના ઘરમાંથી જલદી નીકળી જાઓ. ૧

संगः सत्सु विधीयतां भगवतो भक्तिर्दृढाऽऽधीयतां शान्त्यादिः परिचीयतां दृढतरं कर्माशु संत्यज्यताम् । सद्विद्वानुपसृप्यतां प्रतिदिनं तत्पादुके सेव्यतां ब्रह्मैकाक्षरमर्थ्यतां श्रुतिशिरोवाक्यं समाकर्ण्यताम् ॥ २ ॥

સજ્જનોનો સંગ કરો, ભગવાનની દૃઢ ભક્તિ કરો, શાંતિ વગેરે (પવિત્ર ગુણો) ચારે બાજુથી એકઠા કરો, કર્મનો તુરત મજબૂત રીતે ત્યાગ કરો, ઉત્તમ વિદ્વાનને શરણે જાઓ, હમેશાં તેમના ચરણોને સેવો, એકાક્ષર બ્રહ્મ(ॐ)ની પ્રાર્થના કરો અને ઉપનિષદો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાં વાક્ય સાંભળો. ૨

वाक्यार्थश्च विचार्यतां श्रुतिशिरःपक्षः समाश्रीयतां दुस्तर्कात्सुविरम्यतां श्रुतिमतस्तर्कोऽनुसंधीयताम् । ब्रह्मास्मीति विभाव्यतामहरहर्गर्वः परित्यज्यतां देहेऽहंमतिरुझ्यतां बुधजनैर्वादः परित्यज्यताम् ॥ ३ ॥

'તત્ત્વમસિ' આદિ વાક્યના અર્થનો વિચાર કરો, વેદાંતના પક્ષનો આશ્રય કરો, દુષ્ટ તર્કોથી સારી રીતે અટકો, વેદને માન્ય તર્ક કરો, 'હું બ્રહ્મ છું' એમ વિચાર્યા કરો, હમેશાં ગર્વનો ત્યાગ કરો, દેહ ઉપરની 'હું'બુદ્ધિ ત્યજો અને વિદ્વાન મનુષ્યો સાથે વિવાદ છોડો. ૩

क्षुद्व्याधिश्च चिकित्स्यतां प्रतिदिनं भिक्षौषधं भुज्यतां स्वाद्वन्नं न तु याच्यतां विधिवशात्प्राप्तेन संतुष्यताम् । शीतोष्णादि विषह्यतां न तु वृथा वाक्यं समुच्चार्यतामौदासीन्यमभीप्स्यतां जनकृपानैष्ठुर्यमुत्सृज्यताम् ॥ ४ ॥

ક્ષુધારૂપી રોગની ચિકિત્સા (દવા) કરો; તે માટે હમેશાં ભિક્ષારૂપ ઔષધ ખાઓ, સ્વાદિષ્ટ અન્નની યાચના ન કરો, દૈવયોગે જે મળી આવે તેનાથી સંતોષ રાખો, તાઢ-તાપ વગેરે સહન કરો, વ્યર્થ વાક્ય ન બોલો, ઉદાસીનપણું ઇચ્છો અને લોક ઉપરની કૃપા તથા ક્રૂરતા છોડો. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एकान्ते सुखमास्यतां परतरे चेतः समाधीयतां पूर्णात्मा सुसमीक्ष्यतां जगदिदं तद्बाधितं दृश्यताम्। प्राक्कर्म प्रविलाप्यतां चिति बलान्नाप्युत्तरैः श्लिष्यतां प्रारब्धं त्विह भुज्यतामथ परब्रह्मात्मना स्थीयताम् ॥ ५ ॥

એકાંતમાં સુખેથી બેસો, અતિશય પર-બ્રહ્મમાં ચિત્તને એકાગ્ર કરો, પૂર્ણ આત્માને સારી રીતે જુવો, આ જગત તે પૂર્ણાત્માની દૃષ્ટિએ બાધિત (એટલે 'નથી' એમ) દેખો, પૂર્વનાં કર્મનો ચૈતન્યમાં અત્યંત બળથી લય કરો, ભવિષ્યનાં કર્મો સાથે સંબંધ ન કરો, પ્રારબ્ધ-કર્મનો આ લોકમાં ભોગ કરો અને પરબ્રહ્મ સ્વરૂપે સ્થિતિ કરો. ૫

यः श्लोकपंचकमिदं पठते मनुष्यः संचिंतयत्यनुदिनं स्थिरतामुपेत्य । तस्याशु संसृतिदवानलतीव्रघोरतापः प्रशान्तिमुपयाति चितिप्रसादात् ॥ ६ ॥

જે મનુષ્ય હમેશાં સ્થિર થઈ આ પાંચ શ્લોકોનો પાઠ કરે છે અને વિચાર કરે છે, તેનો સંસારરૂપ દાવાનળનો તીવ્ર ઘોર તાપ, ચૈતન્ય(પરમાત્મા)ની કૃપાથી તુરત જ શાંત થાય છે. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ : કાશી પંચક

मनोनिवृत्तिः परमोपशान्तिः सा तीर्थवर्या मणिकर्णिका च ।
ज्ञानप्रवाहा विमलादिगंगा सा काशिकाऽहं निजबोधरूपा ॥१॥

(વિષયોથી) મનનું અટકવું એ જ પરમ શાંતિ છે, શ્રેષ્ઠ તીર્થ છે, મણિકર્ણિકા (નામે ગંગાનો પવિત્ર ઘાટ) છે અને એ જ જ્ઞાનરૂપ પ્રવાહવાળી નિર્મળ ગંગા છે અને હું જ આત્મજ્ઞાનરૂપ કાશી છું. ૧

यस्यामिदं कल्पितमिंद्रजालं चराचरं भाति मनोविलासम् ।
सच्चित्सुखैका परमात्मरूपा सा काशिकाऽहं निजबोधरूपा ॥२॥

જેમાં આ સ્થાવર-જંગમરૂપ કલ્પિત ઇંદ્રજાળ મનના વિલાસરૂપ ભાસે છે, તે કેવળ સત્-ચિત્ અને સુખરૂપ, આત્મજ્ઞાનરૂપ, પરમાત્મારૂપ કાશી હું છું. ૨

कोशेषु पंचस्वधिराजमाना बुद्धिर्भवानी प्रतिदेहगेहम् ।
साक्षी शिवः सर्वगतोऽन्तरात्मा सा काशिकाऽहं निजबोधरूपा॥३॥

પ્રત્યેક શરીરરૂપી ઘરમાં પાંચ કોશો છે અને તેમાં જે અધિક પ્રકાશે છે, તે બુદ્ધિ ભવાની દેવી છે; સર્વમાં રહેલો સાક્ષી અંતરાત્મા શિવ છે, તેમ જ હું આત્મજ્ઞાનરૂપ કાશી છું. ૩

काश्यां हि काश्यते काशी काशी सर्वप्रकाशिका ।
सा काशी विदिता येन तेन प्राप्ता हि काशिका ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ (આત્મારૂપ) કાશીમાં જ કાશી પ્રકાશે છે અને આ કાશી જ સર્વને પ્રકાશિત કરનારી કાશી છે. આ કાશી જેણે જાણી છે, તેણે જ કાશી પ્રાપ્ત કરી છે. ૪

काशीक्षेत्रं शरीरं त्रिभुवनजननी व्यापिनी ज्ञानगंगा भक्तिः श्रद्धा गयेयं निजगुरुचरणध्यानयोगः प्रयागः । विश्वेशोऽयं तुरीयः सकलजनमनःसाक्षिभूतोऽन्तरात्मा देहे सर्वं मदीये यदि वसति पुनस्तीर्थमन्यत्किमस्ति ॥ ५ ॥

શરીર એ જ કાશી ક્ષેત્ર છે; તેમાં ત્રિભુવનની માતા જ્ઞાનરૂપ ગંગા વ્યાપી રહી છે; ભક્તિ અને શ્રદ્ધા એ ગયા તીર્થ છે; પોતાના ગુરુદેવના ચરણનું ધ્યાન કરવા રૂપ યોગ એ પ્રયાગ તીર્થ છે; અને સમગ્ર લોકોના મનનો સાક્ષી આ અંતરાત્મા એ જ તુરીય સ્વરૂપ જગદીશ્વર છે. આ રીતે સર્વ તીર્થ મારા શરીરમાં જ જો છે, તો બીજું તીર્થ કયું છે? (કોઈ નથી.) ૫

૬ : કૌપીન પંચક

वेदान्तवाक्येषु सदा रमन्तो भिक्षान्नमात्रेण च तुष्टिमन्तः ।
विशोकमंतःकरणे रमन्तः कौपीनवन्तः खलु भाग्यवन्तः ॥१॥

વેદાંતનાં વાક્યોમાં સદા રમતા, માત્ર ભિક્ષાના અન્નથી સંતુષ્ટ રહેતા અને શોક રહિત થઈ અંતઃકરણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(વિરાજતા આત્મસ્વરૂપમાં જ) રમણ કરતા કૌપીન-ધારી-સંન્યાસીઓ ખરેખર ભાગ્યશાળી છે. ૧

मूलं तरोः केवलमाश्रयन्तः पाणिद्वयं भोक्तुममत्रयन्तः ।
कन्यामिव श्रीमपि कुत्सयन्तः कौपीनवन्तः खलु भाग्यवन्तः ॥२

કેવળ વૃક્ષના મૂળનો (ઘર તરીકે) આશ્રય કરતા, ખાવા માટે બે હાથનો જ પાત્ર તરીકે ઉપયોગ કરતા અને (અગમ્ય) કન્યાની પેઠે લક્ષ્મીની પણ (અગમ્ય રૂપે જ) નિંદા કરતા કૌપીનધારી-સંન્યાસીઓ ખરેખર ભાગ્યશાળી છે. ૨

देहादिभावं परिवर्तयन्तः आत्मानमात्मन्यवलोकयन्तः ।
नान्तं न मध्यं न बहिः स्मरन्तः कौपीनवन्तः खलु भाग्यवन्तः॥३

દેહ વગેરે ઉપરના 'હું' ભાવને બદલી નાખી કેવળ આત્માનો જ અંતઃકરણમાં સાક્ષાત્કાર કરતા; અને અંત, મધ્ય કે બહારનું સ્મરણ નહિ કરતા કૌપીનધારી-સંન્યાસીઓ, ખરેખર ભાગ્યશાળી છે. ૩

स्वानन्दभावे परितुष्टिमन्तः संशान्तसर्वेन्द्रियतुष्टिमन्तः ।
अहर्निशं ब्रह्मणि ये रमन्तः कौपीनवन्तः खलु भाग्यवन्तः॥४॥

પોતાના આનંદભાવમાં સંતોષવાળા, અત્યંત શાંત સર્વ ઇંદ્રિયો તથા સંતોષવાળા અને હમેશાં પરબ્રહ્મ-માં જ રમણ કરતા કૌપીનધારી-સંન્યાસીઓ, ખરેખર ભાગ્યશાળી છે. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पंचाक्षरं पावनमुच्चरन्तः पतिं पशूनां हृदि भावयन्तः ।
भिक्षाशिनो दिक्षु परिभ्रमन्तः कौपीनवन्तः खलु भाग्यवन्तः ॥५॥

પવિત્ર પાંચ અક્ષર(નમઃશિવાય–મંત્ર)નો ઉચ્ચાર કરતા, પશુપતિ–શંકરનું હૃદયમાં ચિંતન કરતા અને ભિક્ષાભોજન કરી દિશાઓમાં ભ્રમણ કરતા કૌપીનધારી-સંન્યાસીઓ, ખરેખર ભાગ્યશાળી છે. ૫

૭ : ચર્પટપંજરિકા સ્તોત્ર

दिनमपि रजनी सायं प्रातः शिशिरवसंतौ पुनरायातः ।
कालः क्रीडति गच्छत्यायुस्तदपि न मुंचत्याशावायुः ॥ १ ॥

દિવસ ને રાત, સાંજ ને સવાર, શિશિર ને વસંત ફરીફરી આવ્યા કરે છે; એમ કાળ ખેલે છે અને આયુષ (નકામું) વીતી જાય છે, છતાં આશારૂપ પવન (મને) છોડતો નથી ! ! ૧

भज गोविंदं भज गोविंदं भज गोविन्दं मूढमते ।
प्राप्ते सन्निहिते मरणे नहि नहि रक्षति डुकृञ्करणे। (ध्रुवपदम्)।
अग्रे वह्निः पृष्ठे भानू रात्रौ चिबुकसमर्पितजानुः ।
करतलभिक्षा तरुतलवासस्तदपि न मुंचत्याशापाशः ॥ २ ॥

ઓ મૂઢમતિ આત્મન્ ! ગોવિંદને ભજ, ગોવિંદને ભજ, ગોવિંદને ભજી લે. તારું મરણ જ્યારે સમીપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવશે, ત્યારે 'डुकृञ् करणे' (એવી વ્યાકરણની ગોખણપટ્ટી) તારી રક્ષા નહિ જ કરે. (ધ્રુવપદ) ૨

(તપસ્વી બની) આગળ (પંચાગ્નિ તપશ્ચર્યા માટે) અગ્નિ રાખે છે (અથવા ધૂણી ધખાવીને બેસે છે); પાછળ પીઠ પર સૂર્યનો તાપ સહે છે, રાત્રે (કડકડતી ઠંડીના સમયે) દાઢી સુધી ઢીંચણો લાવીને (ટુંટિયાં વાળી) સૂએ છે, હાથમાં ભિક્ષાપાત્ર લઈ ભમે છે અને ઝાડના તળિયે પડી રહે છે, છતાં આશારૂપ ફાંસો (જીવને) છોડતો નથી ! ! ૨

यावद्वित्तोपार्जनसक्तस्तावन्निजपरिवारो रक्तः ।

पश्चाद्धावति जर्जरदेहे वार्तां पृच्छति कोऽपि न गेहे ॥ ३ ॥

જ્યાંસુધી તું ધન કમાવા સશક્ત છે, ત્યાંસુધી તારો (સ્ત્રી-પુત્રાદિ) પરિવાર તારા પર પ્રેમવાળો છે; પણ (યાદ રાખ, કે) ઘડપણનું શરીર તારી પાછળ જ દોડી રહ્યું હોય છે (અને તે આવી પહોંચશે), ત્યારે ઘરમાં તારી કોઈ ખબરે નહિ પૂછે. ૩

जटिलो मुण्डी लुञ्चितकेशः काषायाम्बरबहुकृतवेषः ।

पश्यन्नपि च न पश्यति मूढ उदरनिमित्तं बहुकृतवेषः ॥ ४ ॥

મૂઢ મનુષ્ય કોઈ વેળા જટાધારી (બાવો) બને છે, કોઈ વેળા મુંડનવાળો (સંન્યાસી) થાય છે, કોઈ સમયે વાળ ચૂંટી કાઢી ભિક્ષુ બને છે અને કોઈ વેળા ભગવાંધારી થાય છે-એમ અનેક વેષ ધારણ કરે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સંસારની અસારતા જુએ છે; છતાં તે દેખતો નથી અને પેટ માટે બહુ વેષો કર્યા જ કરે છે. ૪

भगवद्गीता किंचिदधीता गंगाजललवकणिका पीता ।
सकृदपि यस्य मुरारिसमर्चा तस्य यमः किं कुरुते चर्चाम् ॥५

જેણે ભગવદ્‌ગીતાનું થોડું પણ અધ્યયન કર્યું હોય, ગંગાના જળનું બિંદુ પણ પીધું હોય અથવા મુરારિ–ભગવાનનું એકવાર પણ પૂજન કર્યું હોય, તેની ચર્ચા (વાત પણ) યમદેવ શું કરી શકે છે? (નહિ જ, મૃત્યુના પાશથી તે છૂટી જાય છે.) ૫

अंगं गलितं पलितं मुण्डं दशनविहीनं जातं तुण्डम् ।
वृद्धो याति गृहीत्वा दण्ड तदपि न मुञ्चत्याशापिण्डम् ॥६॥

શરીર ઢીલું થયું હોય, માથે પળિયાં આવ્યાં હોય, મોઢું દાંત વિનાનું થયું હોય અને લાકડી લઈને જવું પડતું હોય, છતાં ઘરડો માણસ, આશાનો લોચો છોડતો નથી! ૬

बालस्तावत्क्रीडासक्तस्तरुणस्तावत्तरुणीरक्तः ।
वृद्धस्तावच्चिन्तामग्नः परे ब्रह्मणि कोऽपि न लग्नः ॥७॥

માણસ બાળક હોય, ત્યારે રમવામાં મગ્ન હોય, જુવાન થાય, ત્યારે જુવાન સ્ત્રી પર પ્રેમવાળો હોય, અને ઘરડો થાય, ત્યારે ચિંતામાં ડૂબ્યો રહે છે; આમ કોઈ પણ કદી પરબ્રહ્મમાં લાગતો નથી!! ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननीजठरे शयनम् ।
इह संसारे भवदुस्तारे कृपयाऽपारे पाहि मुरारे ॥ ८ ॥

આ સંસાર જન્મોને લીધે તરવો મુશ્કેલ છે; તેમાં ફરી જન્મ, ફરી મરણ અને ફરી માતાના પેટમાં સૂવાનું થયા જ કરે છે; તો હે મુરારે-ભગવન્! કૃપા કરી અપાર સંસારમાં મારી રક્ષા કરો. ૮

पुनरपि रजनी पुनरपि दिवसः पुनरपि पक्षः पुनरपि मासः ।
पुनरप्ययनं पुनरपि वर्षं तदपि न मुञ्चत्याशामर्षम् ॥ ९ ॥

ફરી રાત, ફરી દિવસ, ફરી પખવાડિયું, ફરી મહિનો, ફરી અયન (ઉત્તરાયણ અને દક્ષિણાયન) તથા ફરી વર્ષ-આવ્યે જ જાય છે; તોપણ પ્રાણી આશાના સંબંધને છોડતો નથી!! ૯

वयसि गते कः कामविकारः शुष्के नीरे कः कासारः ।
नष्टे द्रव्ये कः परिवारो ज्ञाते तत्त्वे कः संसारः ॥ १० ॥

ઉંમર વીતી જાય, ત્યારે કામવિકાર શો? પાણી સુકાઈ જાય એટલે તળાવ કેવું? ધન નાશ પામે એટલે પરિવાર કેવો? અને તત્ત્વ (આત્મા) જણાય, ત્યારે સંસાર કેવો? (નથી જ.) ૧૦

नारीस्तनभरनाभिनिवेशं मिथ्यामायामोहावेशम् ।
एतन्मांसवसादिविकारं मनसि विचारय वारंवारम् ॥ ११ ॥

સ્ત્રીનો સ્તનભાર અને નાભિપ્રદેશ (ગુહ્ય ભાગ)-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધું માંસ અને ચરબીનો વિકાર જ છે; માટે તે માટેનો માયામોહ તથા આવેશ મિથ્યા જ છે; આમ વારંવાર મનમાં તું વિચાર કર. ૧૧

कस्त्वं कोऽहं कुत आयातः का मे जननी को मे तातः ।
इति परिभावय सर्वमसारं विश्वं त्यक्त्वा स्वप्नविचारम् ॥१२॥
गेयं गीता नामसहस्रं ध्येयं श्रीपतिरूपमजस्रम् ।
नेयं सज्जनसंगे चित्तं देयं दीनजनाय च वित्तम् ॥ १३ ॥

તું કોણ છે? હું કોણ છું? હું ક્યાંથી આવ્યો છું? મારી માતા કોણ છે? અને મારો પિતા કોણ છે? એમ તું વિચાર્યા કર; આ સર્વ જગત અસાર છે, તેમ જ વિચાર કરતાં સ્વપ્ન જેવું છે; તેનો ત્યાગ કરી ગીતાનું તથા વિષ્ણુસહસ્ર નામનું ગાન કરવું; લક્ષ્મીપતિ ભગવાનના સ્વરૂપનું નિરંતર ધ્યાન કરવું, સજ્જનોના સંગમાં ચિત્ત લગાડવું અને ગરીબ લોકોને ધનનું દાન કરવું. ૧૨,૧૩

यावज्जीवो निवसति देहे कुशलं तावत्पृच्छति गेहे ।
गतवति वायौ देहापाये भार्या बिभ्यति तस्मिन्काये ॥ १४ ॥

શરીરમાં જ્યાંસુધી જીવ હોય, ત્યાંસુધી ઘરમાં સૌ કુશળ સમાચાર પૂછે છે; પણ પ્રાણવાયુ જતો રહે છે અને શરીર નાશ પામે છે, ત્યારે એ જ શરીરથી પોતાની પત્ની ડરે છે!! ૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुखतः क्रियते रामाभोगः पश्चाद्धन्त शरीरे रोगः ।
यद्यपि लोके मरणं शरणं तदपि न मुञ्चति पापाचरणम् ॥१६॥

(પ્રથમ શરીર નીરોગી હોય ત્યારે) સુખેથી સ્ત્રી સાથે વિષયભોગ ભોગવ્યા કરે છે, પણ પછીથી ખેદની વાત છે, કે શરીરમાં (ધાતુઓનો ક્ષય થતાં) રોગ ઉત્પન્ન થાય છે અને છેવટે લોકમાં મરણને શરણ થાય છે, તોપણ મનુષ્ય પાપી આચરણ છોડતો નથી !!

रथ्याचर्पटविरचितकन्थः पुण्यापुण्यविवर्जितपन्थः ।
नाहं न त्वं नायं लोकस्तदपि किमर्थं क्रियते शोकः ॥१६॥

શેરીઓમાં પડેલાં ચીથરાં વીણી લાવી તેની ગોદડી બનાવી પહેરે છે, પુણ્ય તથા અપુણ્યથી રહિત માર્ગે જાય છે અને 'તું નથી, હું નથી તથા આ લોક પણ નથી' આવી વાતો પણ કરે છે; છતાં શોક શા માટે કરે છે? (તારું આ તત્ત્વજ્ઞાન કેવા પ્રકારનું છે? એ સમજાતું નથી!) ૧૬

कुरुते गंगासागरगमनं व्रतपरिपालनमथवा दानम् ।
ज्ञानविहीने सर्वमनेन मुक्तिर्न भवति जन्मशतेन ॥ १७॥

ગંગા અને સમુદ્રના કિનારે (પવિત્ર સ્નાનાદિ માટે) જાય છે, વ્રતો પાળે છે અથવા દાન દે છે; પણ જ્ઞાન રહિત દશામાં એ બધું વ્યર્થ છે. (એનો ઉદ્દેશ સમજ્યા વિના એ બધું ફોકટ છે;) એમ સેંકડો જન્મે મુક્તિ થતી નથી. ૧૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮ : દક્ષિણામૂર્તિ-સ્તોત્ર

विश्वं दर्पणदृश्यमाननगरीतुल्यं निजान्तर्गतं
पश्यन्नात्मनि मायया बहिरिवोद्भूतं यथा निद्रया ।
यः साक्षात्कुरुते प्रबोधसमये स्वात्मानमेवाद्वयं
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ १ ॥

જેમ બહારના દેખાવ જેવું સ્વપ્ન નિદ્રાને લીધે આત્મામાં ઉત્પન્ન થાય છે, પણ તે મિથ્યા છે; તે જ પ્રમાણે દર્પણમાં દેખાતી નગરી જેવું આ જગત માયાને લીધે આત્મામાં ઉત્પન્ન થયું છે અને તે મિથ્યા છે; છતાં આત્મ-સ્વરૂપની અંદર રહેલું જણાય છે, એમ જે જોઈ રહ્યા છે; તેમ જ જ્ઞાનસમયે પોતાના આત્માનો અદ્વૈત સ્વરૂપે જે સાક્ષાત્કાર કરે છે, તે શ્રીગુરુમૂર્તિ શ્રીદક્ષિણા-મૂર્તિ ભગવાનને મારાં આ નમન હો. ૧

बीजस्यान्तरिवांकुरो जगदिदं प्राङ्निर्विकल्पं पुन-
र्मायाकल्पितदेशकालकलनावैचित्र्यचित्रीकृतम् ।
मायावीव विजृंभयत्यपि महायोगीव यः स्वेच्छया
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ २ ॥

જેમ બીજની અંદર અંકુર અસ્પષ્ટ રૂપે રહેલ છે, તેમ આ જગત (ઉત્પત્તિની) પહેલાં નિર્વિ-કલ્પ રૂપે જ રહ્યું હતું; પછીથી તે માયાને લીધે દેશ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળ, નામ, રૂપ વગેરે વિચિત્રતાથી કલ્પિત થઈ ચિત્ર-રૂપે કરાયું છે; આવા આ જગતને જે માયાવી અથવા મહાયોગીની પેઠે પોતાની ઇચ્છાથી પ્રકટ કરે છે (અને લય પમાડે છે), તે શ્રીગુરુમૂર્તિ શ્રીદક્ષિણામૂર્તિ ભગવાનને મારાં આ નમન હો. ૨

यस्यैव स्फुरणं सदात्मकमसत्कल्पार्थकं भासते
साक्षात्तत्त्वमसीति वेदवचसा यो बोधयत्याश्रितान् ।
यत्साक्षात्करणाद्भवेन्न पुनरावृत्तिर्भवांभोनिधौ
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ३ ॥

જેમની સ્ફૂર્તિ-વિકાસ જ સત્સ્વરૂપે તથા અસત્ જેવા પદાર્થસ્વરૂપે ભાસે છે, જે પોતાના આશ્રિતોને 'तत्त्वमसि' એ વેદવચન દ્વારા આત્મસ્વરૂપને સાક્ષાત્ સમજાવે છે અને જેમનો સાક્ષાત્કાર કરવાથી સંસાર-સમુદ્રમાં ફરી આવવું થતું જ નથી, તે શ્રીગુરુમૂર્તિ શ્રીદક્ષિણામૂર્તિ ભગવાનને મારાં આ નમન હો. ૩

नानाछिद्रघटोदरस्थितमहादीपप्रभाभास्वरं
ज्ञानं यस्य तु चक्षुरादिकरणद्वारा बहिः स्पंदते ।
जानामीति तमेव भान्तमनुभात्येतत्समस्तं जग-
त्तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ४ ॥

અનેક છિદ્રોવાળા ઘડાની અંદર રહેલા મોટા દીવાની કાંતિ જેવું જેમનું ઉજ્જવળ જ્ઞાન, ચક્ષુ આદિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંદ્રિયો દ્વારા બહાર પણ ઝબકે છે; અને 'હું જાણું છું' એમ 'હું'રૂપે જે પરમાત્મા જ પ્રથમ પ્રકાશે છે અને તેની પાછળ આ સમસ્ત જગત પ્રકાશે છે, તે શ્રીગુરુમૂર્તિ શ્રીદક્ષિણામૂર્તિ ભગવાનને મારાં આ નમન હો. ૪

देहं प्राणमपींद्रियाण्यपि चलं बुद्धिं च शून्यं विदुः
स्त्रीबालांधजडोपमास्त्वहमिति भ्रान्ता भृशं वादिनः ।
मायाशक्तिविलासकल्पितमहाव्यामोहसंहारिणे
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ५ ॥

સ્ત્રી, બાળક, આંધળાં અને જડ જેવા ઘણા વાદીઓ, 'હું' એવો જે (આત્મારૂપ) અનુભવ થાય છે, તેને દેહરૂપે, પ્રાણરૂપે, ઇંદ્રિયોરૂપે, ચંચળ મનરૂપે, બુદ્ધિરૂપે અથવા શૂન્ય સ્વરૂપે સમજે છે; એમ તેઓ અતિશય ભ્રાંતિ પામ્યા છે; આ મોટો વ્યામોહ માયાશક્તિના વિલાસથી કલ્પિત છે, તેનો (જ્ઞાન દ્વારા) જે સંહાર કરે છે, તે શ્રીગુરુમૂર્તિ શ્રીદક્ષિણામૂર્તિ ભગવાનને આ મારાં નમન હો. ૫

राहुग्रस्तदिवाकरेंदुसदृशो मायासमाच्छादनात्
सन्मात्रः करणोपसंहरणतो योऽभूत्सुषुप्तः पुमान् ।
प्रागस्वाप्समिति प्रबोधसमये यः प्रत्यभिज्ञायते
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ६ ॥

પુરુષ જ્યારે સુષુપ્તિમાં પડ્યો હોય, ત્યારે માયાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાઢ આચ્છાદનથી રાહુએ ઘેરેલા સૂર્ય અથવા ચંદ્ર જેવો હોય છે; એ વેળા તેની ઇંદ્રિયોનો ઉપસંહાર થયો હોય છે; તેથી માત્ર સત્‌સ્વરૂપે જ તે રહ્યો હોય છે; પછી જાગૃતિના સમયે 'હું પહેલાં સુખેથી સૂતો હતો (અને હવે જાગ્યો છું,)' એમ આત્મસ્વરૂપે પ્રત્યેક મનુષ્ય વડે જે જણાય છે, તે શ્રીગુરુમૂર્તિ શ્રીદક્ષિણામૂર્તિ ભગવાનને મારાં આ નમન હો. ૬

बाल्यादिष्वपि जाग्रदादिषु तथा सर्वास्ववस्थास्वपि
व्यावृत्तास्वनुवर्तमानमहमित्यंतः स्फुरन्तं सदा ।
स्वात्मानं प्रकटीकरोति भजतां यो भद्रया मुद्रया
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ७ ॥

બાળપણ વગેરે અને જાગ્રત વગેરે અવસ્થાઓ આવીને પાછી ફર્યે જાય છે; છતાં તે બધીમાં 'હું' એવું આત્મસ્વરૂપ સદા અનુસરતું રહે છે અને અંતઃકરણમાં નિત્ય પ્રકાશે છે; તે પોતાના આત્મસ્વરૂપને ભજન કરતા ભક્તો સમક્ષ 'ભદ્રા' મુદ્રા વડે જે પ્રકટ કરે છે, તે શ્રીગુરુમૂર્તિ શ્રીદક્ષિણામૂર્તિ ભગવાનને મારાં આ નમન હો. ૭

विश्वं पश्यति कार्यकारणतया स्वस्वामिसंबंधतः ।
शिष्याचार्यतया तथैव पितृपुत्राद्यात्मना भेदतः
स्वप्ने जाग्रति वा य एष पुरुषो मायापरिभ्रामित-
स्तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પુરુષ-જીવાત્મા, માયા વડે ચોબાજુ ભમાવાઈ રહ્યો છે અને જે સ્વપ્ન અથવા જાગ્રતમાં જગતને કાર્ય-કારણરૂપે, સેવક-સ્વામીના સંબંધથી, ગુરુ-શિષ્યરૂપે તથા પિતા-પુત્ર આદિરૂપે અનેક ભેદથી જુએ છે, તે (માયામુક્ત) શ્રીગુરુમૂર્તિ શ્રીદક્ષિણામૂર્તિ ભગવાનને મારાં આ નમન હો. ૮

भूरंभास्यनलोऽनिलोंऽम्बरमहर्नाथो हिमांशुः पुमा-
नित्याभाति चराचरात्मकमिदं यस्यैव मूर्त्यष्टकम् ।
नान्यत् किंचन विद्यते विमृशतां यस्मात्परस्माद्विभो-
स्तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ९ ॥

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને આત્મા-એમ જેમની આઠ મૂર્તિઓ જ સ્થાવર-જંગમ આ જગતસ્વરૂપે ચારેબાજુ પ્રકાશે છે; આમ જેઓ વિચાર કરે છે, તેઓને જે વ્યાપક પરમાત્માથી જુદું કંઈ પણ જણાતું નથી, તે શ્રીગુરુમૂર્તિ શ્રીદક્ષિણા-મૂર્તિ ભગવાનને મારાં આ નમન હો.૯

सर्वात्मत्वमिति स्फुटीकृतमिदं यस्मादमुष्मिन् स्तवे
तेनास्य श्रवणात्तथार्थमननाद्ध्यानाच्च संकीर्तनात् ।
सर्वात्मत्वमहाविभूतिसहितं स्यादीश्वरत्वं स्वतः
सिद्ध्येत्तत्पुनरष्टधा परिणतं चैश्वर्यमव्याहतम् ॥१०॥

એ પ્રમાણે આ સ્તોત્રમાં આ સર્વાત્મભાવ સ્પષ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો છે, તેથી આ સ્તોત્ર સાંભળવાથી અને તેના અર્થનું મનન, ધ્યાન તથા સારી રીતે કીર્તન કરવાથી આપોઆપ સર્વાત્મભાવ અને મહા વિભૂતિઓ સહિત ઈશ્વરપણું પ્રાપ્ત થાય છે; તેમ જ આઠ પ્રકારનું ઐશ્વર્ય પરિપક્વ તથા અસ્ખલિતસ્વરૂપે સિદ્ધ થાય છે. ૧૦

૯ : દ્વાદશપંજરિકા-સ્તોત્ર

मूढ जहीहि धनागमतृष्णां कुरु सद्बुद्धिं मनसि वितृष्णाम् ।
यल्लभसे निजकर्मोपात्तं वित्तं तेन विनोदय चित्तम् ॥१॥

ઓ મૂઢ! ધન આવવાની તૃષ્ણા ત્યજી દે; સદ્બુદ્ધિ કર અને મનમાં તૃષ્ણારહિતપણું ધારણ કર. પોતાનાં કર્મોથી મળી આવેલું જે ધન તું મેળવે, તેથી ચિત્તને આનંદી રાખ. ૧

अर्थमनर्थं भावय नित्यं नास्ति ततः सुखलेशः सत्यम् ।
पुत्रादपि धनभाजां भीतिः सर्वत्रैषा विहिता नीतिः ॥२॥

અર્થને નિત્ય અનર્થ માન; તેથી ખરેખર, લેશ પણ સુખ નથી. ધનવાનોને પુત્રથી પણ ભય હોય છે. આ નીતિ બધે જાહેર છે. ૨

का ते कान्ता कस्ते पुत्रः संसारोऽयमतीव विचित्रः ।
कस्य त्वं कः कुत आयातस्तत्त्वं चिन्तय यदिदं भ्रातः ॥३॥

'તારી સ્ત્રી કોણ? તારો પુત્ર કોણ? આ સંસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતિશય વિચિત્ર છે. તું કોનો છે? કોણ છે? અને ક્યાંથી આવ્યો છે?' હે ભાઈ! જે આ તત્ત્વ છે, તેનો તું વિચાર કર. ૩

मा कुरु जनधनयौवनगर्वं हरति निमेषात्कालः सर्वम् ।
मायामयमिदमखिलं हित्वा ब्रह्मपदं त्वं प्रविश विदित्वा ॥४॥

સ્વજનો, ધન અને જુવાનીનો ગર્વ તું ન કર; એ બધાંને આંખના પલકારા જેટલા સમયમાં કાળ હરી લે છે. આ બધું માયામય છે; તેનો ત્યાગ કરી બ્રહ્મપદને જાણી તેમાં તું પ્રવેશ કર-બ્રહ્મમય થા. ૪

कामं क्रोधं मोहं लोभं त्यक्त्वात्मानं भावय कोऽहम् ।
आत्मज्ञानविहीना मूढास्ते पच्यन्ते नरकनिगूढाः ॥५॥

કામ, ક્રોધ, મોહ તથા લોભનો ત્યાગ કરી 'હું કોણ છું' એમ આત્માનો વિચાર કર. જેઓ આત્મ-જ્ઞાનથી રહિત છે, તેઓ નરકમાં પડી (ત્યાં) રંધાય છે. ૫

सुरमंदिरतरुमूलनिवासः शय्या भूतलमजिनं वासः ।
सर्वपरिग्रहभोगत्यागः कस्य सुखं न करोति विरागः ॥६॥

જેમાં દેવમંદિર અથવા ઝાડનાં મૂળ પાસે રહે-વાનું હોય છે, ભોંયતળિયું પથારી છે, મૃગચર્મ વસ્ત્ર છે અને સર્વ પરિગ્રહ તથા ભોગોનો ત્યાગ હોય છે, તે વૈરાગ્ય કોને સુખ નથી કરતો? અર્થાત્ વૈરાગ્ય જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપૂર્ણ સુખકારક છે. ૬

शत्रौ मित्रे पुत्रे बन्धौ मा कुरु यत्नं विग्रहसंधौ ।
भव समचित्तः सर्वत्र त्वं वाञ्छस्यचिराद्यदि विष्णुत्वम् ॥७॥

શત્રુ, મિત્ર, પુત્ર કે ભાઈ વગેરે સાથે લડાઈ-ટંટો અથવા સંધિ કરવા માટે તું યત્ન કર મા. જો તત્કાળ વ્યાપક પરમેશ્વરપણું પ્રાપ્ત કરવા તું ઇચ્છે છે, તો બધા પર સમાન ચિત્તવાળો થા. ૭

त्वयि मयि चान्यत्रैको विष्णुर्व्यर्थं कुप्यसि सर्वसहिष्णुः ।
सर्वस्मिन्नपि पश्यात्मानं सर्वत्रोत्सृज भेदाज्ञानम् ॥८॥

તારામાં, મારામાં અને બીજામાં-બધે એક જ વ્યાપક-પરમાત્મા રહ્યા છે, તો વ્યર્થ કોપ શા માટે કરે છે? સર્વને સહન કરવાના સ્વભાવવાળો થા, બધામાં આત્માને જો અને બધે ભેદરૂપ અજ્ઞાનનો ત્યાગ કર. ૮

प्राणायामं प्रत्याहारं नित्यानित्यविवेकविचारम् ।
जाप्यसमेतसमाधिविधानं कुर्ववधानं महदवधानम् ॥९॥

પ્રાણાયામ, પ્રત્યાહાર, નિત્ય-અનિત્યનો વિવેક, વિચાર, જપ સહિત સમાધિરૂપ ક્રિયા અને ઘણી જ કાળજીવાળું ધ્યાન તું કર. ૯

नलिनीदलगतसलिलं तरलं तद्वज्जीवितमतिशयचपलम् ।
विद्धि व्याध्यभिमानग्रस्तं लोकं शोकहतं च समस्तम् ॥१०॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમળનાં પાંદડાં પર રહેલા જળ જેવું અસ્થિર આ જીવન અતિશય ચપળ છે; અને વ્યાધિ તથા અભિમાનથી ઘેરાયલા સમગ્ર લોક શોકથી મુવેલા જ છે, એમ તું સમજ. ૧૦

का तेऽष्टादशदेशे चिन्ता वातुल तव किं नास्ति नियन्ता ।
यस्त्वां हस्ते सुदृढनिबद्धं बोधयति प्रभवादिविरुद्धम् ॥११॥

ઓ વાયલ ! અઢાર દેશમાં તારે શી ચિંતા છે? શું તારો કોઈ નિયંતા જ નથી, કે જે તારા હાથને મજબૂત રીતે પકડી તને જન્માદિથી વિરુદ્ધ-જ્ઞાનનો ઉપદેશ આપે? અર્થાત્ એવા અનેક જ્ઞાની ગુરુઓ છે, તેઓનું તું શરણ લે. ૧૧

गुरुचरणाम्बुजनिर्भरभक्तः संसारादचिराद्भव मुक्तः ।
सेन्द्रियमानसनियमादेवं द्रक्ष्यसि निजहृदयस्थं देवम् ॥१२॥

ગુરુદેવના ચરણકમળનો અતિશય ભક્ત બની તત્કાળ તું સંસારથી મુક્ત થા; અને એ રીતે ઇંદ્રિયો સહિત મનને તું જો વશ કરીશ, તો પોતાના હૃદયમાં જ રહેલા દેવનાં તું દર્શન કરીશ. ૧૨

द्वादशपंजरिकामय एषः शिष्याणां कथितो ह्युपदेशः ।
येषां चित्ते नैव विवेकस्ते पच्यन्ते नरकमनेकम् ॥१३॥

આ દ્વાદશ પંજરિકારૂપે શિષ્યોને ઉપદેશ આપ્યો છે; પણ જેઓના ચિત્તમાં વિવેક નહિ હોય, તેઓ તો નરકમાં અનેક રીતે રંધાવાના જ છે. ૧૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦ : ધન્યાષ્ટક

तज्ज्ञानं प्रशमकरं यदिंद्रियाणां
तज्ज्ञेयं यदुपनिषत्सु निश्चितार्थम् ।
ते धन्या भुवि परमार्थनिश्चितेहाः
शेषास्तु भ्रमनिलये परिभ्रमन्तः ॥१॥

ઇંદ્રિયોને જે શાંત કરે, તે જ જ્ઞાન છે; જેનો અર્થ ઉપનિષદોમાં નિશ્ચય કરેલો છે, તે જ જ્ઞેય છે; અને જેઓની ચેષ્ટાઓ પરમાર્થરૂપ નિશ્ચયવાળી થઈ હોય, તેઓ જ પૃથ્વી પર ધન્ય છે; બાકીનાઓ તો ભ્રમણાનું સ્થાન--સંસારમાં ચારેબાજુ ભમ્યા કરે છે. ૧

आदौ विजित्य विषयान्मदमोहराग-
द्वेषादिशत्रुगणमाहृतयोगराज्याः ।
ज्ञात्वा मतं समनुभूय परात्मविद्या-
कान्तासुखं वनगृहे विचरन्ति धन्याः ॥२॥

જેઓએ પ્રથમ વિષયોને અને પછી મદ, મોહ, રાગ, દ્વેષ આદિ શત્રુઓના સમૂહને જીતી લઈ યોગ-રૂપી રાજ્ય લીધું છે; અને પછી વેદાંતનો મત સમજી પરમાત્માની (અધ્યાત્મ) વિદ્યારૂપી સ્રીનું સુખ ભોગવ્યું છે, તે ધન્ય પુરુષો વનરૂપી ઘરમાં વિચરે છે. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्यक्त्वा गृहे रतिमधोगतिहेतुभूता-
मात्मेच्छयोपनिषदर्थरसं पिबन्तः ।
वीतस्पृहा विषयभोगपदे विरक्ता
धन्याश्चरन्ति विजनेषु विरक्तसंगाः ॥३॥

ઘર ઉપરની પ્રીતિ અધોગતિનું કારણ છે; માટે તેનો ત્યાગ કરી પોતાની ઇચ્છા પ્રમાણે ઉપનિષદોના અર્થરૂપ રસનું જેઓ પાન કરે છે; અને વિષયભોગોના સ્થાનમાં નિઃસ્પૃહ થઈ જેઓ વૈરાગ્ય પામેલા છે, તેવા ધન્ય પુરુષો સંગ ઉપરની પ્રીતિ છોડી દઈ નિર્જન સ્થાનોમાં વિચરે છે. ૩

त्यक्त्वा ममाहमिति बंधकरे पदे द्वे
मानावमानसदृशाः समदर्शिनश्च ।
कर्तारमन्यमवगम्य तदर्पितानि
कुर्वन्ति कर्मपरिपाकफलानि धन्याः ॥४॥

'હું' અને 'મારું' આ બે પદ બંધનકારક છે, એમ સમજી, તેનો ત્યાગ કરી, માન તથા અપમાનમાં સમાન દૃષ્ટિવાળા જેઓ, સર્વને (આત્મવત) એકરૂપ જુએ છે; અને કર્તા-આત્માને દેહાદિથી જુદો જાણી, તેણે અર્પણ કરેલાં કર્મોનાં પરિણામરૂપ ફળોનો ઉપભોગ કરે છે, તેઓને ધન્ય છે. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्यक्त्वैषणात्रयमवेक्षितमोक्षमार्गा

भैक्षामृतेन परिकल्पितदेहयात्राः ।

ज्योतिः परात्परतरं परमात्मसंज्ञं

धन्या द्विजा रहसि हृद्यवलोकयन्ति ॥५॥

જે દ્વિજો-બ્રાહ્મણો, ક્ષત્રિયો ને વૈશ્યો, ત્રણ એષણા(ધનની, પુત્રની અને લોકોની ઇચ્છા)નો ત્યાગ કરી મોક્ષમાર્ગને જોઈ ચૂક્યા હોય, ભિક્ષારૂપ અમૃત વડે શરીરનિર્વાહ કરતા હોય અને પરથી પણ અતિશય પર 'પરમાત્મા' નામના જ્યોતિનો એકાંતમાં હૃદયની અંદર સાક્ષાત્કાર કરતા હોય, તેઓને ધન્ય છે.

नासन्न सन्न सदसन्न महन्न चाणु

न स्त्री पुमान्न च नपुंसकमेकबीजम् ।

यैर्ब्रह्म तत्समनुपासितमेकचित्तै-

र्धन्या विरेजुरितरे भवपाशबद्धाः ॥६॥

જે બ્રહ્મ અસત્ નથી, સત્ નથી, સત્-અસત્ નથી, મહત્ નથી અને અણુ-સૂક્ષ્મ પણ નથી; વળી જે સ્ત્રી નથી, પુરુષ નથી અને નપુંસક પણ નથી; પરંતુ સર્વનું એક બીજ-મૂળ કારણ છે, તે બ્રહ્મનું જેઓએ એક ચિત્તે ઉપાસન કર્યું હોય, તે પુરુષો ધન્ય હોઈ (બ્રહ્મસ્વરૂપે) પ્રકાશે છે; બીજાઓ તો સંસારરૂપ પાશમાં બંધાયેલા જ રહે છે. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अज्ञानपंकपरिमग्नमपेतसारं
दुःखालयं मरणजन्मजरावसक्तम् ।
संसारबंधनमनित्यमवेक्ष्य धन्या
ज्ञानासिना तदवशीर्य विनिश्चयन्ति ॥७॥

સંસારરૂપ બંધન અજ્ઞાનરૂપ કાદવથી ચારે બાજુ ખરડાયેલું છે, સાર વિનાનું છે, દુઃખનું સ્થાન છે; મરણ, જન્મ તથા ઘડપણથી વ્યાપ્ત છે અને અનિત્ય છે; તેનો વિચાર કરી જ્ઞાનરૂપ તરવાર વડે તેને જેઓ કાપી નાખે છે, તેઓને ધન્ય છે અને તેઓ જ (બ્રહ્મ-રૂપ તત્ત્વનો) વિશેષ નિશ્ચય કરે છે. ૭

शान्तैरनन्यमतिभिर्मधुरस्वभावै-
रेकत्वनिश्चितमनोभिरपेतमोहैः ।
साकं वनेषु विदितात्मपदस्वरूपं
तद्वस्तु सम्यगनिशं विमृशन्ति धन्याः ॥८॥

જેઓની બુદ્ધિ (આત્મા સિવાય) બીજામાં હોતી નથી, જેઓનો સ્વભાવ મધુર હોય છે, જેઓનાં મન એકત્વભાવમાં નિશ્ચિત થયાં હોય છે અને જેઓનો મોહ દૂર થયો હોય છે, એવા શાંત પુરુષોની સાથે, વનમાં, જાણીતા આત્મપદના સ્વરૂપનો તથા તે જ (આત્મારૂપ) વસ્તુનો નિરંતર સારી રીતે જેઓ વિચાર કરે છે, તેઓને ધન્ય છે. ૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧ : નિર્ગુણ માનસપૂજા

आराधयामि मणिसंन्निभमात्मलिंगं
मायापुरीं हृदयपंकजसंनिविष्टम् ।
श्रद्धानदीविमलचित्तजलाभिषेकै-
र्नित्यं समाधिकुसुमैरपुनर्भवाय ॥१॥

મણિતુલ્ય આત્મારૂપ (શિવ) લિંગ, (દેહરૂપ) માયાની નગરીમાં હૃદયરૂપ કમળ વિષે સ્થપાયેલું છે; તેનું હું ફરી જન્મ ન થાય તે (મોક્ષ) માટે, શ્રદ્ધારૂપ નદીના નિર્મળ ચિત્તરૂપી જળ વડે અભિષેક કરી સમાધિરૂપી પુષ્પો વડે નિત્ય પૂજન કરું છું. ૧

अयमेकोऽवशिष्टोऽस्मीत्येवमावाहयेच्छिवम् ।
आसनं कल्पयेत्पश्चात्स्वप्रतिष्ठात्मचिंतनम् ॥२॥

આ એક જ હું બાકી રહ્યો છું, એમ શિવનું આવાહન કરવું; પછી આત્મામાં સ્થિતિ અને આત્માના ચિંતનરૂપ આસન કલ્પવું. ૨

पुण्यपापरजःसंगो मम नास्तीति वेदनम् ।
पाद्यं समर्पयेद्विद्वान्सर्वकल्मषनाशनम् ॥ ३ ॥

વિદ્વાને પુણ્ય–પાપરૂપી રજનો મને સંગ નથી, એમ સમજવું; અને તે જ સર્વ પાપોનો નાશ કરનારું પાદ્ય (પગ ધોવાનું પાણી આત્મારૂપ શિવલિંગને)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ કરવું. ૩

अनादिकल्पसंवृद्धमूलाज्ञानजलांजलिम् ।

विसृजेदात्मलिंगस्य तदेवार्घ्यसमर्पणम् ॥ ४ ॥

પછી અનાદિ સૃષ્ટિમાં અત્યંત વધેલું જે મૂળ અજ્ઞાન છે, તેરૂપ જળની અંજલિનું વિસર્જન કરવું; અને તેનું જ આત્મારૂપ (શિવ)લિંગને અર્ઘ્ય સમર્પણ કરવું. ૪

ब्रह्मानंदाब्धिकल्लोलकणकोट्यंशलेशकम् ।

पिबन्तींद्रादय इति ध्यानमाचमनं मतम् ॥ ५ ॥

બ્રહ્માનંદરૂપી સમુદ્રના તરંગનો જે એક જ કણ છે, તેના કરોડમા ભાગનો માત્ર લેશ જ ઇંદ્રાદિ (લોકપાલો) પી રહ્યા છે; આવું જે ધ્યાન કરવું, તેને જ (માનસપૂજામાં) આચમન માન્યું છે. ૫

ब्रह्मानंदजलेनैव लोकाः सर्वे परिप्लुताः ।

अच्छेद्योऽयमिति ध्यानमभिषेचनमात्मनः ॥ ६ ॥

બ્રહ્માનંદરૂપી જળમાં જ બધા લોકો તરબોળ થઈ રહ્યા છે; અને આ આત્મા છેદવો શક્ય નથી, એવું જે ધ્યાન કરવું, તે આત્મા(રૂપ શિવલિંગ) પર અભિષેક છે. ૬

निरावरणचैतन्यं प्रकाशोऽस्मीति चिंतनम् ।

आत्मलिंगस्य सद्वस्त्रमित्येवं चिंतयेन्मुनिः ॥ ७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવરણ રહિત પ્રકાશમય ચૈતન્ય હું છું, આવું ચિંતન કરવું, તે આત્મારૂપ શિવલિંગને ઉત્તમ વસ્ત્રનું સમર્પણ છે, એમ મુનિએ ચિંતવવું. ૭

त्रिगुणात्माशेषलोकमालिकासूत्रमस्म्यहम् ।

इति निश्चयमेवात्र ह्युपवीतं परं मतम् ॥८॥

ત્રણ ગુણમય સમગ્ર લોકમાળાનું હું સૂત્ર (દોરો) છું, આવો જે નિશ્ચય, એ જ આ માનસપૂજામાં શ્રેષ્ઠ ઉપવીત (જનોઈ) માનેલ છે. ૮

अनेकवासनामिश्रप्रपंचोऽयं धृतो मया ।

नान्येनेत्यनुसंधानमात्मनश्चंदनं भवेत् ॥९॥

અનેક વાસનાઓથી મિશ્ર આ જગતરૂપ પ્રપંચ મેં જ ધારણ કર્યો છે, બીજાએ ધારણ કર્યો નથી; આમ વિચારવું, એ જ આત્મદેવને ચંદન-સમર્પણ છે. ૯

रजःसत्त्वतमोवृत्तित्यागरूपैस्तिलाक्षतैः ।

आत्मलिंगं यजेन्नित्यं जीवन्मुक्तिप्रसिद्धये ॥१०॥

સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણવાળી વૃત્તિનો ત્યાગ કરવો, એ રૂપ જ તલ તથા અક્ષતના સમર્પણ વડે આત્મારૂપ શિવલિંગનું જીવન્મુક્તિની સિદ્ધિ માટે નિત્ય પૂજન કરવું. ૧૦

ईश्वरो गुरुरात्मेति भेदत्रयविवर्जितैः ।

बिल्वपत्रैरद्वितीयैरात्मलिंगं यजेच्छिवम् ॥११॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વર, ગુરુ અને આત્મા—એ ત્રણે ભેદ છે જ નહિ—આવી ભાવનારૂપ અખંડ બિલ્વપત્રો વડે આત્મારૂપ શિવલિંગનું પૂજન કરવું. ૧૧

समस्तवासनात्यागं धूपं तस्य विचिंतयेत् ।
ज्योतिर्मयात्मविज्ञानं दीपं संदर्शयेद्बुधः ॥ १२ ॥

વિદ્વાને સમસ્ત વાસનાઓનો ત્યાગ કરવો—એ જ આત્મદેવને ધૂપસમર્પણ ચિંતવવું; અને જ્યોતિર્મય આત્મવિજ્ઞાનરૂપ જ દીપદર્શન એને કરાવવું. ૧૨

नैवेद्यमात्मलिंगस्य ब्रह्मांडाख्यं महोदनम् ।
पिबानंदरसं स्वादु मृत्युरस्योपसेचनम् ॥ १३ ॥

આત્મારૂપ શિવલિંગને બ્રહ્માંડ નામનો મોટો ભાત નૈવેદ્યરૂપે અર્પણ કરવો; બ્રહ્માનંદરૂપ સ્વાદિષ્ટ રસનું તમે પાન કરો, એમ પ્રાર્થના કરવી અને મૃત્યુરૂપી અથાણું તેમને ધરવું. ૧૩

अज्ञानोच्छिष्टहस्तस्य क्षालनं ज्ञानवारिणा ।
विशुद्धस्यात्मलिंगस्य हस्तप्रक्षालनं स्मरेत् ॥ १४ ॥

અજ્ઞાન વડે એંઠા તેમના હાથનું જ્ઞાનરૂપ જળ વડે પ્રક્ષાલન કરવું; અને એ જ અતિવિશુદ્ધ આત્મારૂપ શિવલિંગનું હસ્તપ્રક્ષાલન છે, એમ ચિંતવવું. ૧૪

रागादिगुणशून्यस्य शिवस्य परमात्मनः ।
सरागविषयाभ्यासत्यागस्तांबूलचर्वणम् ॥ १५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવ પરમાત્મા રાગાદિ ગુણોથી રહિત છે, માટે રાગ સહિત વિષયોનો જે ત્યાગ કરવો, એ જ તેમને પાનબીડાંનું સમર્પણ છે. ૧૫

अज्ञानध्वांतविध्वंसप्रचंडमतिभास्करम् ।
आत्मनो ब्रह्मताज्ञानं नीराजनमिहात्मनः ॥ १६ ॥

અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરવામાં અતિશય ઉગ્ર અને સૂર્ય કરતાં પણ અધિક આત્માનું જે બ્રહ્મ સ્વરૂપે જ્ઞાન, એ જ આત્મદેવની આરતી છે. ૧૬

विविधब्रह्मसंदृष्टिमालिकाभिरलंकृतम् ।
पूर्णानंदात्मतादृष्टिं पुष्पांजलिमनुस्मरेत् ॥ १७ ॥

અનેક પ્રકારની બ્રહ્મદૃષ્ટિરૂપ માળાથી સુશોભિત પૂર્ણાનંદમય આત્મદૃષ્ટિને પુષ્પાંજલિરૂપે ચિંતવવી. ૧૭

परिभ्रमन्ति ब्रह्मांडसहस्राणि मयीश्वरे ।
कूटस्थाचलरूपोऽहमिति ध्यानं प्रदक्षिणम् ॥ १८ ॥

ઈશ્વરસ્વરૂપ મારામાં હજારો બ્રહ્માંડો ભમ્યા કરે છે અને હું કૂટસ્થ અચળ સ્વરૂપ છું, આવું જે ધ્યાન કરવું, એ જ આત્મદેવને પ્રદક્ષિણા છે. ૧૮

विश्ववंद्योऽहमेवास्मि नास्ति वंद्यो मदन्यतः ।
इत्यालोचनमेवात्र स्वात्मलिंगस्य वंदनम् ॥ १९ ॥

હું જ જગતમાં વંદનીય છું, મારાથી બીજો કોઈ વંદનીય નથી; આવો વિચાર કરવો, એ જ પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મારૂપ શિવલિંગને આ માનસપૂજામાં વંદન છે. ૧૯

आत्मनः सत्क्रिया प्रोक्ता कर्तव्याभावभावना ।

नामरूपव्यतीतात्मचिंतनं नामकीर्तनम् ॥२०॥

મારે કંઈ કરવાનું નથી, આવી જે ભાવના, તે જ આત્માનો સત્કાર કહેવાય છે; અને નામ–રૂપ રહિત આત્માનું ચિંતન, એ જ (ભગવાનનું) નામ-કીર્તન છે. ૨૦

श्रवणं तस्य देवस्य श्रोतव्याभावचिंतनम् ।

मननं त्वात्मलिंगस्य मंतव्याभावचिंतनम् ॥२१॥

મારે કંઈ સાંભળવાનું નથી, આમ ચિંતવવું, એ જ આ આત્મદેવનું શ્રવણ છે; અને મારે કંઈ વિચારવાનું નથી, આમ માનવું, તે આત્મરૂપ શિવ-લિંગનું મનન છે. ૨૧

ध्यातव्याभावविज्ञानं निदिध्यासनमात्मनः ।

समस्तभ्रांतिविक्षेपराहित्येनात्मनिष्ठता ॥२२॥

समाधिरात्मनो नाम नान्यच्चित्तस्य विभ्रमः ।

तत्रैव ब्रह्मणि सदा चित्तविश्रांतिरिष्यते ॥२३॥

'મારે કંઈ ધ્યાન કરવાનું નથી'–આમ ધ્યાન કરવું, એ આત્માનું નિદિધ્યાસન છે; અને બધી ભ્રમણાઓરૂપ વિક્ષેપથી રહિત થઈ આત્મામાં જ સ્થિતિ કરવી, એ આત્માની સમાધિ છે; બીજી સમાધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે જ નહિ; બીજી તો ચિત્તની ભ્રમણા જ છે; કેમ કે તે બ્રહ્મમાં જ ચિત્તની વિશ્રાંતિ ઇચ્છવાયોગ્ય છે. ૨૨,૨૩

एवं वेदांतकल्पोक्तस्वात्मलिंगप्रपूजनम् ।
कुर्वन्नामरणं वापि क्षणं वा सुसमाहितः ॥ २४ ॥

सर्वदुर्वासनाजालं पदपांसुमिव त्यजेत् ।
विधूयाज्ञानदुःखौघं मोक्षानंदं समश्नुते ॥ २५ ॥

એમ વેદાંતશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પોતાના આત્મારૂપ શિવલિંગનું સારી રીતે પૂજન કરવું. જે મનુષ્ય મરણ પર્યંત અથવા એક ક્ષણ પણ સારી રીતે એકાગ્ર થઈ આવું માનસપૂજન કરે છે, તે સર્વ વાસનાઓના સમૂહનો પગની ધૂળ પેઠે ત્યાગ કરે છે અને અજ્ઞાનરૂપ દુઃખપરંપરા ત્યજી મોક્ષાનંદ પામે છે. ૨૪,૨૫

૧૨ : નિર્વાણમંજરી

अहं नामरो नैव मर्त्यो न दैत्यो न गंधर्वयक्षः पिशाचप्रभेदः ।
पुमान्नैव न स्त्री तथा नैव षंढः प्रकृष्टप्रकाशस्वरूपः शिवोऽहम् ॥

હું દેવ નથી, મનુષ્ય નથી, દૈત્ય નથી, ગંધર્વ નથી, યક્ષ નથી કે કોઈ જાતનો પિશાચ નથી; તેમ જ હું પુરુષ નથી, સ્ત્રી નથી કે નપુંસક નથી; હું તો ઉત્કૃષ્ટ પ્રકાશસ્વરૂપ શિવ છું. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अहं नैव बालो युवा नैव वृद्धो न वर्णी न च ब्रह्मचारी गृहस्थः।
वनस्थोऽपि नाहं न संन्यस्तधर्मा जगज्जन्मनाशैकहेतुः शिवोऽहम् ॥

હું બાળક નથી, યુવાન નથી, વૃદ્ધ નથી, બ્રાહ્મણાદિ વર્ણવાળો નથી, બ્રહ્મચારી નથી, ગૃહસ્થ નથી, વાનપ્રસ્થ નથી અને સંન્યાસરૂપ ધર્મવાળો પણ નથી; હું તો જગતના જન્મ તથા નાશનું એક કારણ શિવ છું. ૨

अहं नैव मन्ता न गन्ता न वक्ता न कर्ता न भोक्ता न मुक्ताश्रमस्थः।
यथाहं मनोवृत्तिभेदस्वरूपस्तथा सर्ववृत्तिप्रदीपः शिवोऽहम् ॥३॥

હું જાણનારો નથી, જનારો નથી, બોલનારો નથી, કરનારો નથી, ભોગવનારો નથી. અને ત્યજેલા કોઈ આશ્રમમાં રહેનારો પણ નથી. જેમ હું મનની વૃત્તિઓથી ભિન્ન સ્વરૂપ છું, તે જ પ્રમાણે સર્વવૃત્તિઓનો પ્રકાશક શિવ છું. ૩

यदंतर्बहिर्व्यापकं नित्यशुद्धं यदेकं सदा सच्चिदानंदकंदम्।
यतः स्थूलसूक्ष्मप्रपंचस्य भानं यतस्तत्प्रसूतिस्तदेवाहमस्मि ॥

જે અંદર અને બહાર વ્યાપક છે, નિત્ય શુદ્ધ છે, જે સદા એક અને સત્, ચિત્, આનંદનું મૂળ છે, જેનાથી સ્થૂલ તથા સૂક્ષ્મ પ્રપંચનું ભાન થાય છે અને જેનાથી એ સ્થૂલ–સૂક્ષ્મની ઉત્પત્તિ થાય છે, તે જ હું છું. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यतः कालमृत्युर्बिभेति प्रकामं यतश्चित्तबुद्धीन्द्रियाणां विलासः।
हरिब्रह्मरुद्रेंद्रचंद्रादिनामप्रकाशो यतः स्यात्तदेवाहमस्मि ॥५॥

જેનાથી કાળ અને મૃત્યુ અત્યંત ડરે છે, જેથી ચિત્ત, બુદ્ધિ તથા ઇંદ્રિયોનો વિલાસ છે અને જેનાથી વિષ્ણુ, બ્રહ્મા, રુદ્ર, ઇંદ્ર તથા ચંદ્ર વગેરે નામનો પ્રકાશ થાય છે, તે જ હું છું. ૫

यदाकाशवत्सर्वगं शान्तरूपं परं ज्योतिराकारशून्यं वरेण्यम्।
यदाद्यंतशून्यं परं शंकराख्यं यदंतर्विभाव्यं तदेवाहमस्मि ॥६॥

જે આકાશની પેઠે સર્વવ્યાપી, શાંત સ્વરૂપ, પરમ જ્યોતિરૂપ, આકાર રહિત, સર્વ કરતાં શ્રેષ્ઠ, આદિ-અંત રહિત, સર્વથી પર અને શંકર નામે અંતઃકરણમાં જે જણાય છે, તે જ હું છું. ૬

૧૩ : પરા પૂજા

अखंडे सच्चिदानंदे निर्विकल्पैकरूपिणि।
स्थितेऽद्वितीयभावेऽस्मिन्कथं पूजा विधीयते ॥१॥

અખંડ, સચ્ચિદાનંદમય, વિકલ્પો રહિત અને એક જ સ્વરૂપવાળો આ અદ્વિતીય આત્મારૂપ પદાર્થ બધે રહ્યો છે, તો એમાં પૂજા કેવી રીતે કરવી? ૧

पूर्णस्यावाहनं कुत्र सर्वाधारस्य चासनम्।
स्वच्छस्य पाद्यमर्घ्यं च शुद्धस्याचमनं कुतः ॥२॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે વસ્તુ પૂર્ણ છે, તેનું આવાહન ક્યાં? જે સર્વનો આધાર છે, તેનું આસન કયું? જે સ્વચ્છ છે, તેને પાદ્ય (પગ ધોવાનું જળ) તથા અર્ઘ્ય શા માટે? અને જે શુદ્ધ છે, તેને આચમન કયા કારણે આપવું? ૨

निर्मलस्य कुतः स्नानं वस्त्रं विश्वोदरस्य च।
अगोत्रस्य त्ववर्णस्य कुतस्तस्योपवीतकम् ॥३॥

નિર્મળને સ્નાન શા માટે? વિશ્વવ્યાપીને વસ્ત્ર કયું? ગોત્ર તથા વર્ણ રહિત તેને જનોઈ શાથી? ૩

निर्लेपस्य कुतो गंधः पुष्पं निर्वासनस्य च।
निर्विशेषस्य का भूषा कोऽलंकारो निराकृतेः ॥४॥

લેપ રહિતને ચંદન શા માટે? વાસના રહિતને પુષ્પ શા માટે? અવયવ રહિતને આભૂષણ શાં? અને આકાર રહિતને અલંકાર શો? ૪

निरंजनस्य किं धूपैर्दीपैर्वा सर्वसाक्षिणः।
निजानंदैकतृप्तस्य नैवेद्यं किं भवेदिह ॥५॥

નિરંજનને ધૂપથી શું? સર્વસાક્ષીને દીપક વડે શું? અને આત્માનંદમાં જ કેવળ તૃપ્ત રહેનારને નૈવેદ્યોથી શું થાય? ૫

विश्वानंदयितुस्तस्य किं तांबूलं प्रकल्प्यते।
स्वयंप्रकाशचिद्रूपो योऽसावर्कादिभासकः ॥६॥

સર્વને આનંદ પમાડનારને પાનબીડું કયું અર્પાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેમ કે એ તો સ્વયં પ્રકાશ ચૈતન્યરૂપ છે અને સૂર્ય વગેરેનો પણ પ્રકાશક છે. ૬

प्रदक्षिणा ह्यनन्तस्य ह्यद्वयस्य कुतो नतिः ।
वेदवाक्यैरवेद्यस्य कुतः स्तोत्रं विधीयते ॥७॥

અનંતને પ્રદક્ષિણા કેમ કરાય? અદ્વૈતને નમસ્કાર કેવી રીતે? અને વેદનાં વાક્યો વડે જાણવો અશક્ય છે, તેનું સ્તોત્ર કેમ કરાય? ૭

स्वयंप्रकाशमानस्य कुतो नीराजनं विभोः ।
अन्तर्बहिश्च पूर्णस्य कथमुद्वासनं भवेत् ॥८॥

સ્વયં પ્રકાશમાન પરમાત્માની આરતી શા માટે? અને અંદર તથા બહાર પૂર્ણનું વિસર્જન કેવી રીતે થાય? ૮

एवमेव परा पूजा सर्वावस्थासु सर्वदा ।
एकबुद्ध्या तु देवेशे विधेया ब्रह्मवित्तमैः ॥९॥

આ રીતે જ ઉત્તમ બ્રહ્મવેત્તાઓએ સર્વ અવસ્થાઓમાં ને સર્વ કાળે એકત્વબુદ્ધિથી દેવેશ્વરની ઉત્તમ પૂજા કરવી. ૯

आत्मा त्वं गिरिजा मतिः सहचराः प्राणाः शरीरं गृहं
पूजा ते विविधोपभोगरचना निद्रा समाधिस्थितिः ।
संचारस्तु पदोः प्रदक्षिणविधिः स्तोत्राणि सर्वा गिरो
यद्यत्कर्म करोमि तत्तदखिलं शंभो तवाराधनम् ॥१०॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે શંભો ! આત્મા તમે છો, બુદ્ધિ પાર્વતી છે, પ્રાણો આપની સાથે રહેનારા આપના અનુચરો છે, શરીર આપનું મંદિર છે, વિવિધ ઉપભોગોની રચના આપની પૂજા છે, નિદ્રા સમાધિમાં સ્થિતિ છે, બન્ને પગની ચાલ આપને પ્રદક્ષિણાનો વિધિ છે અને બધી વાણી આપનાં સ્તોત્રો છે. આમ જે જે કર્મ હું કરું છું, તે તે બધું આપની પૂજારૂપ થાઓ. ૧૦

૧૪ : મનીષા પંચક

जाग्रत्स्वप्नसुषुप्तिषु स्फुटतरा या संविदुज्ज्रृंभते
या ब्रह्मादिपिपीलिकान्ततनुषु प्रोता जगत्साक्षिणी ।
सैवाहं न च दृश्यवस्त्विति दृढप्रज्ञापि यस्यास्ति चे-
च्चांडालोस्तु स तु द्विजोऽस्तु गुरुरित्येषा मनीषा मम ॥१॥

'જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં જે જ્ઞાન અતિ સ્પષ્ટ સ્વરૂપે પ્રકાશે છે, બ્રહ્માથી માંડી કીડી સુધીનાં શરીરોમાં જે પરોવાયું છે અને જગતનું જે સાક્ષી છે, તે જ હું છું; દૃશ્ય વસ્તુ હું નથી;' આવી દૃઢ સમજણ જેનામાં હોય, તો એ ચાંડાળ હો કે બ્રાહ્મણ હો, પણ એ જ મારો ગુરુ છે, એવી મારી બુદ્ધિ છે. ૧

ब्रह्मैवाहमिदं जगच्च सकलं चिन्मात्रविस्तारितं
सर्वं चैतदविद्यया त्रिगुणयाऽशेषं मया कल्पितम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इत्थं यस्य दृढा मतिः सुखतरे नित्ये परे निर्मले
चांडालोऽस्तु स तु द्विजोऽस्तु गुरुरित्येषा मनीषा मम ॥२॥

'હું બ્રહ્મ જ છું, આ સમગ્ર જગત માત્ર ચૈતન્યમાંથી વિસ્તાર પામ્યું છે અને ત્રિગુણાત્મક અવિદ્યા વડે આ સર્વને મેં સંપૂર્ણ કલ્પ્યું છે;' આવી જેની દૃઢ માન્યતા અતિશય સુખરૂપ, નિત્ય, પર અને નિર્મળ વસ્તુ વિષે થઈ હોય, તે ચાંડાલ હો કે બ્રાહ્મણ હો, પણ એ જ મારો ગુરુ છે, એવી મારી બુદ્ધિ છે. ૨

